श्रीसदुपदेशश्रेणी.

(सदुपदेश ३१ मो.)

आषाढी पूर्णिमामहोत्सव.

श्रीश्रेय.साधकअधिकारिवर्गग्रंथावलि. ग्रन्थांक ७५.
—સંવત ૧૯૭૦ ની આષાઢી પૂર્ણિમાના ૬૯ મા મહોત્સવનિમિત્તે.

श्रीसदुपदेशश्रेणी.

एकत्रिंशतितम सदुपदेश.

મુખ્ય લેખક,

શ્રીમત્ ઉપેન્દ્ર ભગવાન.

વડોદરા.

પ્રસિદ્ધ કરનાર:—
શ્રી શ્રેયસ્સાધક અધિકારિ વર્ગતરફથી.
જગન્નાથ પ્રભાશંકર પંડિત
વડોદરા

પ્રત ૭૦૦ —સને ૧૯૧૪— આવૃત્તિ ૧ લી

અમદાવાદ.

શ્રી સત્યવિજય પ્રીન્ટિંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરિલાલે છાપ્યું.

મૂલ્ય ૦—૮—૦.

વા એ

પ્રસ્તાવના.

સંવત ૧૯૭૦ ના આષાઢ શુક્લપૂર્ણિમાએ **વડોદરામાં શ્રી શ્રેયસ્સાધક અધિકારિવર્ગનો** ૯૯ મો મહોત્સવ નિયમાનુસાર પાલન કરવામાં આવ્યો હતો. તે પ્રસંગને માટે તૈયાર કરાવવામાં આવેલા લેખો, વ્યાખ્યાનો વગેરે શ્રેયસ્સાધકો તથા અન્ય સજ્જનોને અર્થે પ્રકટ કરવામાં આવ્યાં છે

સંવત ૧૯૭૦
આષાઢ શુક્લ ૧૩
રવિવાર.
વડોદરા.

શ્રી શ્રેયસ્સાધકઅધિકારિવર્ગ.

॥ ॐ श्रीं ॥

सदुपदेशश्रेणि.

एकत्रिंशतितम सदुपदेश.

वेदान्तपरिभाषाव्याख्या.

(અનુસંધાન શ્રીસદુપદેશશ્રેણી ૩૦ ના પૃષ્ઠ ૪૨ થી.)

પ્રલય—સકલ ભાવ કાર્યોનો વિનાશ થવો તેનુ નામ પ્રલય છે પ્રકારાન્તરે કહીએ તો કાર્યનુ કારણાકાર થવુ તે પ્રલય છે. મૃત્તિકાની ઘટાકાર સ્થિતિ થવી તે ઘટની ઉત્પત્તિ અથવા સૃષ્ટિ છે અને ઘટની મૃત્તિકાકાર સ્થિતિ થવી એ ઘટનો લય છે અથવા પ્રલય છે. આમ પ્રત્યેક કાર્યનો કારણાકાર પરિણામ થવો એ તેને કાર્યની અપેક્ષાથી લય કહેવાય છે. પણ જ્યારે એ સર્વ ભાવ કાર્યોનો કારણાકાર પરિણામ થાય છે ત્યારે તે પ્રલય છે, એ સર્વનો પ્રલય કહેવાય છે. ન્યાય મત પ્રમાણે ઘટની ઉત્પત્તિ પૂર્વે ઘટનો પ્રાગભાવ હોય છે, ઘટના અસ્તિત્વનો અભાવ હોય છે. એ અભાવનો ભગ થઇ ઘટની ઉત્પત્તિ થાય છે. હવે જો સકલભાવ કાર્યોનો અભાવ થવો તે પ્રલય છે, એમ નહિ કહેતાં એટલુજ કહેવામાં આવે કે સકલ કાર્યોનો અભાવ થવો તે પ્રલય છે, તો એક રીતે એ સ્વરૂપ સાચુ નથી. કારણ કે વેદાન્ત મત પ્રમાણે ભાવ અને અભાવ—સમગ્ર પ્રપંચ—બ્રહ્મના કાર્યરૂપ છે. જ્યારે સકલભાવ પદાર્થોનો વિનાશ થાય છે ત્યારે તેમનો અભાવ રહે છે, અભાવનો લય થયેલો હોતો નથી. તેથી એ દશામાં અભાવની વિદ્યમાનતા સ્વીકારી પ્રલય નથી એમ કહેવાનો વખત પ્રાપ્ત થાય તેમ છે. તે અટકાવવા "ભાવ કાર્યો" એમ કહેવાની જરૂર છે. આ સાથે પ્રાગભાવનો વિનાશ થવો એ

સર્ગદશા છે, અને પ્રલયદશા નથી, તેથી એ માટે પણ કાર્યોને નિયમન કરનાર "ભાવ" પદની આવશ્યકતા છે, આ આદિ વિવિધ વિચારોને લઇને સકલ ભાવ કાર્યોનો વિનાશ તે પ્રલય છે એમ સાધારણ રીતે વેદાન્તમાં પ્રલયની વ્યાખ્યા આપવામા આવે છે તે યોગ્ય જ છે.

વેદાન્તશાસ્ત્ર મુખ્યપણે પાંચ પ્રલયનું વર્ણન કરે છે. તે પાંચ પ્રલય આ છેઃ—(૧) **नित्यप्रलय**, (૨) **नैमित्तिकप्रलय**, (૩) **दैनंदिनप्रलय**, (૪) **महाप्रलय** અને (૫) **आत्यान्तिकप्रलय**, ત્યાં પ્રાણીઓની સુષુપ્તિએ **नित्यप्रलय** છે, સુષુપ્તિમાં ઇન્દ્રિય, મન આદિનો સસંસ્કાર લય થાય છે અને તેથી કરીને એ સંસ્કારનો ઉદય થતા પુનઃ જાગ્રત્ થાય છે, જાગ્રત્ દશા એ સર્ગરૂપ છે તેથી પ્રાણી માત્રની સુષુપ્તિ તે પ્રલયરૂપ છે એ પ્રલય પ્રાયશ પ્રતિદિવસ થાય છે તેથી એ નિત્ય પ્રલય કહેવાય છે.

દ્વિતીય પ્રલય તે **नैमित्तिक** પ્રલય છે. કૃત, ત્રેતા, દ્વાપર અને કલિ એ ચાર યુગને યુગની ચોકડી કહેવામાં આવે છે, એવી હજાર ચોકડી તે બ્રહ્માનો દિવસ છે, બ્રહ્માના દિવસનુ પ્રમાણ અનુપદ જ સ્પષ્ટ કરવામા આવશે. એવા એક દિવસમાં ૧૪ મનુનુ આધિપત્ય થાય છે અને ૧૪ ઇન્દ્રોનુ રાજ્ય થાય છે, અર્થાત્ એવા એક દિવસમાં ૧૪ મનુઓ અને ૧૪ ઇન્દ્રોનાઆધિપત્યનો કાળ શમાય છે, પ્રત્યેક મનુના અને ઈન્દ્રના આધિપત્યનો સમય **मन्वन्तर** કહેવાય છે, એવો એક મન્વન્તર થઇ રહે અને બીજા મનુ અને ઇન્દ્રના સમયરૂપ દ્વિતીય મન્વન્તરનો આરંભ થાય તે બેની વચ્ચેના સમયમા જે કાર્યોનો વિનાશ થઈ રહે છે તે નૈમિત્તિક પ્રલય છે. આજ પ્રમાણે દ્વિતીય મન્વન્તર અને તૃતીય મન્વન્તરની વચ્ચેનો સમય પણ નૈમિત્તિક પ્રલય સમય છે. આમ સર્વ મન્વન્તરની વચ્ચેનો સમય તે આ નૈમિત્તિક પ્રલયનો સમય છે આ નૈમિત્તિક પ્રલયનેજ પ્રસંગવશાત્ મન્વન્તર પ્રલય પણ કહેવામાં આવે છે. **मन्वन्तर प्रलय** અને નૈમિત્તિક પ્રલય એ બંને પર્યાય શબ્દો છે. મન્વન્તર પ્રલય એ સંજ્ઞા અન્વર્થક સંજ્ઞા છે એ આ સ્વરૂપથી સ્પષ્ટ છે. વર્તમાન સર્ગમાં સ્વાયંભુ, સ્વારોચિષ, ઉત્તમ, તામસ, રૈવત અને ચાક્ષુષ એ ૭ મનુઓનું આધિપત્ય પૂર્ણ થયું છે અને વૈવસ્વત મનુનું આધિપત્ય ચાલે છે. યુગના સંધિમાં જે પ્રલય થાય છે અને જે **युगप्रलय** કહેવાય છે તે સર્વનો આ નૈમિત્તિક પ્રલય અથવા મન્વન્તર

પ્રલયમાં અંતર્ભાવ કરવામા આવે છે, અર્થાત્ આ હેતુથી તેમની પૃથક્ ગણના અત્ર કરી નથી.

તૃતીય પ્રલય તે **દૈનંદિન** પ્રલય છે. દિવસે દિવસે, બ્રહ્માના પ્રતિદિવસના અંતમાં થતો પ્રલય તે દૈનંદિન પ્રલય છે. મનુષ્યના અક્ષિનો સંકોચ તથા ઉન્મેષ થઇ રહે એટલો સમય તે નિમેષ કહેવાય છે. ૧૮ નિમેષ જેટલો સમય તે કાષ્ઠા કહેવાય છે. ૩૦ કાષ્ઠા જેટલો સમય તે કલા કહેવાય છે. ૩૦ કલા જેટલો સમય તે મુહૂર્ત કહેવાય છે અને ૩૦ મુહૂર્ત જેટલો સમય તે અહોરાત્ર છે મનુષ્ય તથા દેવોના સમધનો અહોરાત્રનો વિભાગ શ્રી સૂર્યનારાયણ કરે છે. દિવસનો ભાગ તે અહ. કહેવાય છે અને નિશાનો ભાગ તે રાત્રિ છે, એ બે મળીને અહોરાત્ર થાય છે. માનુષ અહોરાત્રનુ ઉપર પ્રમાણે પ્રમાણ છે. માનુષોનો માસ તે પિતૃઓનો અહોરાત્ર છે. ત્યાં માસના શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ એવા બે વિભાગ છે. તેમા શુક્લપક્ષ તે પિતૃઓની રાત્રિ જેમાં પિતૃલોક નિવાસી નિદ્રા સેવે છે અને મનુષ્યોનો કૃષ્ણપક્ષ તે પિતૃલોકનો દિવસ છે કે જેમાં એ લોકમાં નિવાસ કરનારા કર્મનુ અનુષ્ઠાન કરે છે.

મનુષ્યનુ વર્ષ તે દેવલોકનો અહોરાત્ર છે. ઉત્તરાયણ અથવા ઉદગયન અને દક્ષિણાયન એવા બે વિભાગ વર્ષના છે. સૂર્ય મકરસંક્રાતિના થાય ત્યાંથી ઉત્તરાયણ આરંભાય છે અને કર્ક રાશિના સૂર્ય થાય ત્યાસુધી એ અયન પહોંચે છે, સૂર્ય કર્ક રાશિના થાય ત્યાંથી દક્ષિણાયનનો આરંભ થાય છે અને મકરસંક્રાન્તિના સમય સુધી એ અયન પહોચે છે. સૌર વર્ષમાં સૂર્ય બારે રાશિઓનું અતિક્રમણ કરી રહે છે. તેથી છ છ રાશિઓનુ અતિક્રમણ કરી રહે તેટલો સમય એક એક અયનમા આવે છે. આ બે અયનમા જે ઉત્તરાયણ છે તે દેવોનો દિવસ છે અને દક્ષિણાયન છે તે દેવોની રાત્રિ છે.

આ પ્રમાણેનો અહોરાત્ર દેવોનો ગણતાં એવાં ૩૬૦ અહોરાત્ર થાય ત્યારે દેવોનુ એક વર્ષ થાય છે. એવા ૪૦૦૦ દેવવર્ષ કૃતયુગનું પ્રમાણ છે. પ્રત્યેક યુગનો આરંભ થતા પૂર્વનો સમય તે, તે યુગની સંધ્યાંશ કહેવાય છે અને તે તે યુગનો અંત આવ્યા પછીનો સમય તે સંધ્યા કહેવાય છે. કૃતયુગનું પ્રમાણ ચાર હજાર દેવવર્ષ છે, એની સંધ્યા ૪૦૦ દેવવર્ષ છે, અને એનો સંધ્યાંશ તે પણ ૪૦૦ દેવવર્ષ

છે. આ રીતે સંધ્યા તથા સંધ્યાંશ અને યુગ એ ત્રણે મળી કૃતયુગનુ પ્રમાણ ૪૮૦૦ વર્ષનુ છે.

ત્રેતાયુગનુ પ્રમાણ ૩૦૦૦ વર્ષ છે, એની સંધ્યા ૩૦૦ વર્ષની છે અને એનો સંધ્યાંશ ૩૦૦ વર્ષનો છે તેથી એ ઉભય સહિત એ યુગનુ પ્રમાણ ૩૬૦૦ વર્ષનુ છે. દ્વાપરયુગનું પ્રમાણ ૨૦૦૦ હજાર વર્ષનું છે. તેની સંધ્યાનું પ્રમાણ ૨૦૦ વર્ષનુ છે. અને સંધ્યાંશનુ પ્રમાણ પણ ૨૦૦ વર્ષનુ છે તેથી એ ઉભય સહીત એ યુગનું પ્રમાણ ૨૪૦૦ વર્ષનુ છે.

કલિયુગનુ પ્રમાણ એક હજાર વર્ષનુ છે, એની સંધ્યાનુ પ્રમાણ ૧૦૦ વર્ષનુ છે, એનો સંધ્યાંશ પણ ૧૦૦ વર્ષનો છે, અને તેથી એ ઉભય સહિત એ યુગનુ પ્રમાણ ૧૨૦૦ વર્ષનુ છે.

આ રીતે સંધ્યા તથા સંધ્યાંશ સઘળાનાં વર્ષ તે સાથેના ચાર યુગનુ પ્રમાણ ૧૨૦૦૦ વર્ષનુ છે, તેથી ચતુર્યુગી અથવા એક ચોકડીનુ પ્રમાણ બાર હજાર વર્ષનું છે. આ માનુષ ચતુર્યુગ તે દેવોનો એક યુગ કહેવાય છે અને એવા એક હજાર દૈવિકયુગ તે બ્રહ્માનો એક દિવસ થાય છે. બ્રહ્માની રાત્રિનુ પ્રમાણ પણ એટલું જ છે. એ બે મળી બ્રહ્માનો અહોરાત્ર થાય છે.

અહિ દર્શાવેલી સંખ્યા પ્રમાણે ગણતાં, પ્રકારાન્તરે કહીએ તો, દેવોનું વર્ષ એટલે દેવોનાં ૩૬૦ અહોરાત્ર છે એટલે ૩૬૦ માનુષ વર્ષ છે તેથી

કૃતયુગનું પ્રમાણ=૩૬૦×૪૦૦૦=૧૪૪૦૦૦૦		માનુષવર્ષ	છે.
,, ની સંધ્યા=૩૬૦×૪૦૦=	૧૪૪૦૦૦	,,	,,
,, નો સંધ્યાંશ=૩૬૦×૪૦૦=	૧૪૪૦૦૦	,,	,,
ઉભય સહિત કૃતયુગ=	૧૭૨૮૦૦૦	,,	,,
ત્રેતાયુગ=	૧૨૯૬૦૦૦	,,	,,
દ્વાપરયુગ=	૮૬૪૦૦૦	,,	,,
કલિયુગ=	૪૩૨૦૦૦	,,	,,
ચતુર્યુગી=	૪૩૨૦૦૦૦	,,	,,
બ્રહ્માનો દિવસ=	૪૩૨૦૦૦૦૦૦૦	,,	,,
બ્રહ્માની રાત્રિ=	૪૩૨૦૦૦૦૦૦૦	,,	,,

બ્રહ્માના દિવસમાં બ્રહ્મા જાગ્રત્ સેવે છે અને જગત્ સર્જનાદિ વ્યાપાર કરે છે, તથા રાત્રિ થતાં સુષુપ્તિને સેવે છે, બ્રહ્માનો દિ-

વસ તે કલ્પ પણ કહેવાય છે. જ્યારે બ્રહ્માનો દિવસ પૂર્ણ થાય છે, અને રાત્રિ શરૂ થાય છે, ત્યારે તપસ, જન, સત્ય અને મહર્ એ ચાર લોક મળી ને બ્રહ્મલોક કહેવાય છે તે સિવાયના બ્રહ્માંડનો લય થાય છે, એ ચાર લોકમા મહર લોક નિવાસીને જગતના લયનો તાપ જણાતાં એ લોકને એ઒ ત્યજે છે, અને ઉપરના લોકમાં જતા રહે છે તેથી આ સમયે બ્રહ્માણ્ડમાં ત્રિલોકી માત્ર વિદ્યમાન રહે છે, અને બાકીના લોકનો લય થાય છે. આ લય તે નિંદિત પ્રલય છે કારણ કે બ્રહ્માના પ્રતિદિવસના અતે એ થાય છે. પુન· બ્રહ્માના દિવસનો આરભ થાય છે ત્યારે વિનષ્ટ થયેલી સૃષ્ટિ સંસ્કારાનુસાર અસ્તિત્વમાં આવે છે, અને વ્યાપારવાળી થાય છે તથા પુન. દિવસનો અત થાય છે અને રાત્રિની શરૂઆત થાય છે, એટલે સસસ્કાર લયને પામે છે. આમ દિવસે દિવસે આ લય થનાર છે તેથી એ નૈનદિન પ્રલય કહેવાય છે. આને કલ્પાન્ત પ્રલય પણ નામ આપવામાં આવે છે કારણ કે કલ્પને અતે એ પ્રલય થાય છે. આ પ્રલયમાં બ્રહ્મલોકની ત્રિલોકી વિદ્યમાન રહે છે, માટે અખિલ બ્રહ્માણ્ડનો લય એમા હોતો નથી. તેથી આ અવાન્તર પ્રલય પણ કહેવાય છે. બ્રહ્માના આયુષના અંતે જે લય થાય છે તે મહાપ્રલય છે, અને તેની અપેક્ષાથી આ અવાન્તર પ્રલય કહેવામા આવે છે તે ઉચિત છે.

બ્રહ્માના દિવસનું પ્રમાણ ઉપર જણાવ્યુ છે. તે પ્રમાણે ગણતાં એવા ૩૬૦ દિવસ બ્રહ્માના થાય ત્યારે એક બ્રાહ્મ વર્ષ ગણાય છે. અને એવાં ૧૦૦ વર્ષ થાય ત્યારે તે બ્રહ્માનુ આયુષ્ મનાય છે. આવા ૧૦૦ વર્ષને અન્તે, જેમ માનુષ આયુષ પૂર્ણ મનુષ્યનો નાશ થાય છે, મનુષ્ય પોતાના દેહને ત્યજે છે, મનુષ્યનો દેહ નિશ્ચેષ્ટ થઈ પડે છે તેમ, બ્રહ્માનાં શરીરરૂપ આ સમગ્ર બ્રહ્માંડ તે નિશ્ચેષ્ટ થઈ પડે છે અર્થાત્ બ્રહ્માનો નાશ થાય છે, અખિલ બ્રહ્માંડનો, ત્રિલોકી સહિત સમગ્ર બ્રહ્માંડનો લય થાય છે. આ લય તે મહા પ્રલય છે. એને બ્રહ્મ પ્રલય પણ નામ આપવામાં આવે છે.

આ ચાર પ્રલયોનો પરસ્પરનો ભેદ સ્પષ્ટજ છે. નિત્ય પ્રલયમાં બાહ્યસૃષ્ટિનો અભાવ થતો નથી પણ માત્ર આંતરસૃષ્ટિના એક અંશનોજ અભાવ થાય છે. એના કરતા નૈમિત્તિક પ્રલયમાં અધિક સંખ્ય ભાવ કાર્યોનો વિનાશ થાય છે. તેના કરતા અવાન્તર પ્રલયમાં અધિક સંખ્ય ભાવ કાર્યોનો વિનાશ થાય છે, અને મહા

પ્રલયમાં આ બેઉ ભાવ કાર્યોનો વિનાશ થાય છે. આમ પરસ્પરમાં ભેદ થવો એ સર્વમાં એક અંશ સમાન છે અને તે એકે એ ચારે પ્રલયોમાં અજ્ઞાન અથવા અવિદ્યા વિદ્યમાન રહે છે. અજ્ઞાનનો વિનાશ એ ચારેમાંથી કોઇ પ્રલયમાં હોતો નથી.

આત્યંતિક પ્રલય એટલે અજ્ઞાન સહિત સકલ ભાવ કાર્યનો વિનાશ થવો. અજ્ઞાનનો ઉચ્છેદ થવો એ અંશ આ પ્રલયને ઉપરના ચાર પ્રલયથી વિલક્ષણ કરી સ્થાપે છે.

આ પાંચ પ્રકારના પ્રલયનુ વેદાન્ત પ્રતિપાદન કરે છે. એ પ્રતિપાદનમાં મુખ્ય તાત્પર્ય આ પ્રમાણે છે. પ્રથમ તો સંપૂર્ણ જગત્ વિનાશિ છે, અનિત્ય છે અને તેથી આસ્થા કરવા જેવુ નથી એ સૂચવાય છે. આગમ થવો અને અપાય થવો એ આગમાપાયિ ધર્મ જગતનો ખાસ ધર્મ છે. આથી જગત્ અનિત્ય છે અને અનિત્યતાને લીધે દુઃખરૂપ છે, અને તેથી એનાપર વિવેકીએ વિરાગ ધરવો ઉચિત છે એ એક તાત્પર્ય નીકળે છે. બીજું તાત્પર્ય એ નીકળે છે કે મોક્ષ બે પ્રકારના છે. ક્રમમોક્ષ અને સાક્ષાત્ મોક્ષ ત્યા બ્રહ્મલોકમાં જે જીવો પોતાની ઉપાસનાના બળે જાય છે, તે સર્વ જીવો બ્રહ્માના આયુષ્યના અન્તે એ લોકમાથી મુક્તિને અનુભવે છે. એ લોકમાં ગયા પછી તેમની મૃત્યુલોકમાં પુન આવૃત્તિ થતી નથી. આ ક્રમમોક્ષ છે. વર્તમાન દેહમાં જ મોક્ષનો અનુભવ થવો અને વર્તમાન દેહનું અવસાન થયે પ્રાણાદિની ઉત્ક્રાન્તિ ન થતાં બ્રહ્માકાર સ્થિતિ થઇ જવી એ સાક્ષાત્ મોક્ષ છે આ દ્વિતીય મોક્ષ તેજ પરમ પુરુષાર્થરૂપ છે અને એ મોક્ષ તત્વજ્ઞાન વડેજ સિદ્ધ થાય છે, કારણ કે તત્વજ્ઞાન વિના અન્ય કોઇ અજ્ઞાનનુ વિરોધી નથી, અજ્ઞાનનો ઉચ્છેદ કરવા સમર્થ નથી. તેથી પરમ પુરૂષાર્થરૂપ સાક્ષાત્ મોક્ષની સિદ્ધિ માટે સર્વ વિવેકીએ તત્ત્વજ્ઞાનની સંપત્તિ મેળવવા યત્નવાળા થવું જોઈએ, અને એ જ્ઞાનની કદાચ વર્તમાન પ્રજામાં દૃઢ અપરોક્ષરૂપે સિદ્ધિ નહિ થઇ તો ઉપાસનાદ્વારા અથવા પરોક્ષજ્ઞાનદ્વારા બ્રહ્મલોકની પ્રાપ્તિ કરી ત્યાં તત્ત્વજ્ઞાનની સંપ્રાપ્તિ સાધી સાક્ષાત્ મોક્ષને બ્રહ્માની સાથે પ્રાપ્ત થઈ રહેવુ આ જણાવવાનુ બીજું અને મુખ્ય તાત્પર્ય છે.

પ્રાણઃ—અપંચીકૃત ભૂત અથવા સૂક્ષ્મ ભૂતમાં પ્રાણનો સમાવેશ થાય છે. પ્રાણ તત્ત્વનુ સ્વરૂપ પુર્યષ્ટકમાં જોવાથી સ્પષ્ટ થશે.

ન્યાયશાસ્ત્ર અધ્યાત્મરૂપતાને પામેલો વાયુ તે પ્રાણ છે એમ જણાવે છે અને એ પ્રાણ વસ્તુરૂપે એક છતાં સ્થાનભેદથી પ્રાણાદિ પાંચ નામ ધારણ કરે છે અને ક્રિયાભેદથી નાગાદિ નામ ધારણ કરે છે એમ કહે છે, એ મત પ્રમાણે પ્રાણ એ મૂર્ત દ્રવ્ય છે અને તેથી એક સ્થાને પાંચ વાયુ રહી શકે નહિ. તેમજ એનું મુખ્ય સ્થાન નાભિ છે. છતાં એ વાયુનો હૃદય દેશમાં સંચાર થાય છે ત્યારે એને પ્રાણ સંજ્ઞા આપવામાં આવે છે, પાયુસ્થાનમાં સંચાર થનાર વાયુને અપાન કહેવામાં આવે છે, નાભિમાં રહેનારનું નામ સમાન છે, કણ્ઠદેશમાં એ વાયુ સંચાર કરે છે ત્યારે ઉદાન કહેવાય છે અને વ્યાન તે સર્વ શરીરમાં સચરનાર છે. તાત્પર્ય કે હૃદ્દેશ, પાયુ, નાભિ, કણ્ઠ અને સર્વ શરીર એ સ્થાન ભેદથી એકજ અધ્યાત્મરૂપતાને પામેલા વાયુના અનુક્રમે પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એ પાચ નામો છે. આજ પ્રમાણે એ જ વાયુના ક્રિયાના ભેદથી બીજાં પાચ નામ આપવામાં આવે છે ઉદ્ગારરૂપ ક્રિયાને કરનાર તે નાગ છે, નેત્રોન્મીલન કરનાર તે કૂર્મ છે, ક્ષુધા કરનાર તે કૃકલ છે, બગાસું લાવનાર દેવદત્ત છે અને મૃત શરીરને પણ તત્કાળ ત્યજી ન દેનાર તે ધનજય છે આ પ્રમાણે ક્રિયાભેદથી નાગ, કૂર્મ, કૃકલ દેવદત્ત અને ધનજય એ પાચ નામ પણ આ વાયુનાંજ છે. આમ ન્યાયાદિનુ મત છે.

વેદાન્તશાસ્ત્રમા પ્રાણશબ્દ વિવિધ અર્થમા વપરાય છે. કોઇ કોઈ સ્થળે પ્રાણનો અર્થ બ્રહ્મ લેવામાં આવે છે. અને તેથીજ **અતએવપ્રાણ**. એ પ્રથમ અધ્યાયના પ્રથમ પાદના સૂત્રમા પ્રાણ શબ્દનો અર્થ બ્રહ્મ અમુક પ્રકરણમા સ્થાપન કર્યો છે. આમ છતાં સાધારણ અર્થ (પ્રાણ શબ્દનો) બ્રહ્મ નથી. સાધારણ રીતે ઇન્દ્રિયો તથા મુખ્ય પ્રાણ (વાયુના વિકારરૂપ પ્રાણ, વાચક પ્રાણ શબ્દ છે. તેમા પણ ઇન્દ્રિયરૂપ અર્થ એ ગૌણ અર્થ છે અને મુખ્ય અર્થ તો મુખ્ય પ્રાણજ છે, કે જે ઉપર આરભમા જણાવ્યુ તેમ ભૂત સૂક્ષ્મમાં ગણવામા આવે છે અને જેનુ સ્વરૂપ પુર્યષ્ટકમાં પ્રતિપાદન કરવામા આવ્યુ છે. એ પ્રાણના વેદાન્તશાસ્ત્ર પાંચ વિભાગ પાડે છે અને તે વિભાગ તે **પ્રાણ, अपान, समान, उदान** અને **व्यान** છે. આ પાંચ તે મુખ્ય પ્રાણની વૃત્તિરૂપજ છે. ત્યાં નાસાગ્રવર્તી પ્રાગ્ ગમનવાળો વાયુ તે **प्राण** છે, પાયુ આદિ સ્થાનમાં ર-

હેલો સર્વાંગ ગમનવાળો તે **અપાન** છે, સર્વ શરીરમાં રહેલો વિષ્વગ્ ગમનવાળો તે **વ્યાન** છે, ઉર્ધ્વ ગમનવાળો કણ્ઠદેશમાં રહેલો તે **ઉદાન** છે અને નાભિસ્થાનમાં રહેલો તથા ભુક્તપીત અન્નપાનાદિનું સમીકરણ કરનાર તે **સમાન** છે આ પાચ તે મુખ્ય પ્રાણની વૃત્તિરૂપ છે, અને તેથી મુખ્ય વાયુરૂપ છે. ત્યારે વેદાન્તશાસ્ત્ર આ સાથે પાંચ ઉપપ્રાણ અથવા ઉપવાયુને સ્વીકારે છે અને તેમાં નાગ, કૂર્મ, દેવદત્ત, કૃકલ અને ધનંજયની ગણના કરે છે. એ પાંચેની ક્રિયા વગેરે ન્યાય મતના પ્રતિપાદનમાં ઉપર જણાવ્યું તેજ પ્રકારે વેદાન્તમાં પણ લીધું છે.

આ પાંચ પ્રાણ અને પાંચ ઉપપ્રાણ એ વાયુરૂપ હોવાથી વર્ણ વિનાના હોય છે છતાં એમાંથી જ તેજસ આદિનો આવિર્ભાવ થાય છે અને તેથી એમાં સર્વ વર્ણો અનુદ્ભુતરૂપે રહેલા હોય છે. આકાશ જેમ વર્ણ વિનાનું છે છતાં દૂરત્વાદિ ઉપાધિને લઈને એમાંનો અનુદ્ભુત નીલવર્ણ ઉપલબ્ધ થાય છે તેજ પ્રમાણે આ પ્રાણાદિમાં અનુદ્ભુત રૂપે રહેલા વર્ણો યોગીઓને જણાય છે, અને તેમાં આ પ્રમાણે વર્ણોની ઉપલબ્ધિ થાય છે પ્રાણ ઇન્દ્રનીલ, અપાન હરિત વર્ણનો, ઉદાન તેડિતના રંગનો, વ્યાન કપિલ વર્ણનો, અને સમાન નીલવર્ણનો જણાય છે. નાગ પીત વર્ણનો, કૂર્મ શ્વેતવર્ણનો, કૃકલ, અંજનના વર્ણનો, ધનજય ઇન્દ્રનીલના જેવા વર્ણનો અને દેવદત્ત સ્ફટિક વર્ણનો જણાય છે.

વેદાન્તમા જ્યા જ્યાં મુખ્ય પ્રાણ, પંચ પ્રાણ, પ્રાણ પચક ઇત્યાદિ પ્રકારે કહેવામાં આવે છે ત્યાં આ પચ વૃત્તિવાળા પ્રાણનું ગ્રહણ થાય છે.

કોઈ કોઇ સ્થળે પ્રાણસપ્તક કહેવામાં આવેલુ હોય છે, ત્યાં આ પ્રાણનુ ગ્રહણ ન કરતાં શીર્પણ્ય સપ્ત છિદ્રોનુ ગ્રહણ કરાય છે. વામ અને દક્ષિણ ચક્ષુપ, વામ અને દક્ષિણ શ્રોત્ર, બે નાસિકારન્ધ્ર અને મુખ એ સાતનુ નામ **પ્રાણસપ્તક** છે. અથવા સપ્ત **શીર્ષણ્યપ્રાણ** છે.

પ્રાણાયામઃ–ઉપર પ્રાણ પચકમાં ગણાવેલા પંચવૃત્તિવાળા પ્રાણનો નિગ્રહ કરવો તે **પ્રાણાયામ** છે. જેમ શ્રવણાદિ ત્રણ સાધનો જ્ઞાનના હેતુરૂપ છે તેજ પ્રમાણે પ્રાણાયામ પણ જ્ઞાનમાં ઉપકારક હોવાથી સહેતુરૂપ મનાય છે, ત્યાં શ્રવણ એ જ્ઞાનનો સાક્ષાત્ હેતુ

છે અને પ્રાણાયામ પ્રાણુના નિગ્રહરૂપ હોવાથી જ્ઞાન સાથે સાક્ષાત્ સંબદ્ધ નહિ હોવાથી જ્ઞાનનો સાક્ષાત્ હેતુ નથી. પણ શ્રવણ, મનન અને નિદિધ્યાસન રૂપ સાધનો સાધવા મનની સ્થિરતા અપેક્ષિત છે. મન અસ્થિર હોય છે તો તેવા મનવડે શ્રવણાદિની સિદ્ધિ સાધી શકાતી નથી. મન અને પ્રાણુનો સાક્ષાત્ સબંધ છે કારણ કે મનની અસ્થિરતા થાય છે તો પ્રાણુની ગતિ વધે છે અર્થાત્ પ્રાણ અસ્થિર થાય છે, મન સ્થિરતાવાળું હોય છે ત્યારે પ્રાણ પણ મંદ વેગથી નિયમિત ચાલે છે, અને તે જ પ્રમાણે પ્રાણુની ગતિ વધે છે ત્યારે તો મનની સ્થિરતા રહેતી નથી અને પ્રાણુની ગતિ મંદ વેગવાળી થાય છે ત્યારે મન પણ સ્થિરતા ધરતુ ચાલે છે. તેથી યોગશાસ્ત્ર સિદ્ધાન્ત સ્થાપે છે કે **चले प्राणे चल चित्तम्**—પ્રાણુ ચલાયમાન છે કે ચિત્ત ચચલ થાય છે. આમ હોવાથી પ્રાણુનો નિગ્રહ થવાથી મનની સ્થિરતા સપાદન કરાય છે. તેથી પ્રાણાયામ એ મનની સ્થિરતાને સાધનાર હોવાથી એ દ્વારા એ જ્ઞાનનો ઉપકારક છે. પ્રાણાયામનો મુખ્ય અર્થ તો પ્રાણુની વૃત્તિનો નિરોધ કરવો તે છે અને તે અર્થમાં એ મુખ્યપણે કુંભકનો વાચક છે. છતા કુંભકમાં જેમ અદરના વાયુને અતરમા અને બહારના વાયુને બહિર્ દેશમાં નિરોધવામાં આવે છે, તેમ અંતરના વાયુને બહિર નહિ જવા દેવો એ પણ એક પ્રકારે પ્રાણુનો નિગ્રહ છે અને બાહ્ય વાયુને અંતરમાં નહિ આવવા દેવો એ પણ એક પ્રકારનો પ્રાણુનો નિગ્રહ છે. આથી પ્રાણાયામ ત્રણ પ્રકારના છે **पूरक, रेचक, कुम्भक,** મનની સ્થિરતા સાધવા સમર્થ એ ત્રણ કયારે થાય છે કે એ અમુક સમય સુધી સાધવામાં આવે છે ત્યારે તેથી વામ નાડી જે ઈડા તે વડે ૧૬ માત્રા સુધી બાહ્ય વાયુનુ પાન કરવુ તે **पूरक** છે, પાન કરેલા વાયુને ધીમે ધીમે ૩૨ માત્રાથી ત્યજવો, બહાર કાઢવો તેનું નામ **रेचक** છે અને એ બેની વચ્ચે, પાન કરેલા વાયુને ૬૪ માત્રા જેટલો સમય અતર રોધી રાખવો તેનું નામ **कुम्भक** છે. આ આદિ પ્રાણાયામનું પ્રપંચન મુખ્યપણે યોગશાસ્ત્રનો વિષય છે, તેથી તેના વિસ્તાર માટે યોગ દર્શન જોવુ.

ब्रह्मः—સત્ય જ્ઞાન અને આનંદ સ્વરૂપ તે બ્રહ્મ છે. એ બ્રહ્મનું સ્વરૂપ લક્ષણ છે અને જગતની ઉત્પતિ સ્થિતિ અને લયનો હેતુ તે બ્રહ્મ એ બ્રહ્મનું તટસ્થ લક્ષણ છે. આનુ પ્રતિપાદન પૂર્વે થઈ ગયું છે, જેમ જીવને કારણ, સૂક્ષ્મ અને સ્થૂલ શરીર હોય છે, અને તે

તે શરીરથી ઉપહિત જીવના વિશ્વ, પ્રાજ્ઞ અને તૈજસ એવાં નામો હોય છે તેજ પ્રમાણે બ્રહ્મના સબંધમાં પણ છે. વેદાન્ત શાસ્ત્ર અધ્યારોપ અને અપવાદ ન્યાયનો સ્વીકાર કરી સ્વપ્રતિપાદ્યનુ પ્રતિપાદન કરે છે. સંપૂર્ણ જગત્ જીવોની દૃષ્ટિ આગળ રહેલું છે, એ નિઃસાર છે, મિથ્યા છે, અસત્ છે, છેજ નહિ અને બ્રહ્મ તત્વજ કેવલ સદ્રૂપે વિલસી રહ્યુ છે, એ ગહન સિદ્ધાન્તને જીવની બુદ્ધિમાં આરૂઢ કરવા આ ન્યાયનો સ્વીકાર કરવામાં આવેલો છે અને તેથી એ સચ્ચિદાનંદ બ્રહ્મ જ વસ્તુરૂપ છે, પ્રતિપાદ્ય છે છતા એ વિષયમા વેદાન્ત દ્વૈત કક્ષામા આવી વિસ્તારનો આદર કરે છે, અને બ્રહ્મ નિર્ગુણ તથા સગુણ એમ બે પ્રકારે રહેલુ છે, એમ જણાવે છે માયાસહિત બ્રહ્મ તે સગુણ બ્રહ્મ છે એ સગુણ બ્રહ્મ પુન **विराट्** અથવા **वैश्वानर**, **हिरण्यगर्भ** અને **ईश** એ ત્રણ મૂર્તિરૂપે સ્થિત થયેલુ છે. ત્યાં સમષ્ટિ સ્થુલ, સૂક્ષ્મ અને કારણ શરીરથી ઉપહિત ચૈતન્ય (બ્રહ્મ) તે **विराट्** છે, સમષ્ટિ સૂક્ષ્મ અને કારણ એ બે શરીરથી ઉપહિત બ્રહ્મ તે **हिरण्यगर्भ** છે, અને સમષ્ટિ કારણ શરીર માત્રથી ઉપહિત બ્રહ્મ તે **ईश** છે વિરાટ, હિરણ્યગર્ભ અને ઇશ એ ત્રણ સગુણ બ્રહ્મના તનુ કહેવાય છે.

પ્રકારાન્તર આ પ્રમાણે પણ વર્ણવવામાં આવે છે શબ્દ સ્પર્શાદિ પાંચ સમષ્ટિ સૂક્ષ્મ ભૂતોની ઉત્પત્તિ થાય છે, એટલે એ પાંચમાં રહેલા સત્ત્વગુણને લીધે પાંચ જ્ઞાનશક્તિ ઉત્પન્ન થાય છે. તેજ પ્રમાણે એજ પાંચ સમષ્ટિ સૂક્ષ્મ ભૂતોમાં રહેલા રજોગુણને લીધે પાચ કૃતિશક્તિ અથવા ક્રિયાશક્તિ ઉત્પન્ન થાય છે. એ પાચ જ્ઞાનશક્તિ પછી વ્યસ્તરૂપે પાચ જ્ઞાનેન્દ્રિયને જન્મ આપે છે અને પાંચ કૃતિશક્તિ વ્યસ્તરૂપે પાંચ કર્મેન્દ્રિયને જન્મ આપે છે. એ પાંચ જ્ઞાનશક્તિ સંયુક્ત થઇ મનસ્ ઉત્પન્ન કરે છે, અને પાંચ કૃતિશક્તિ સમસ્ત અથવા સંયુક્ત થઇ પાચ વૃત્તિવાળા પ્રાણને જન્મ આપે છે, શ્રુતિમાં **अन्नमयं हि सौम्य मन**.—હે સૌમ્ય ! મન અન્નમય પદાર્થ છે, **आपो मयः प्राणः**—પ્રાણ જલમય પદાર્થ છે એમ કહેવામાં આવ્યું છે. અને અહિં પાંચ જ્ઞાનશક્તિના કાર્યરૂપ મન છે તથા પ્રાણ એ પાંચ કૃતિશક્તિના કાર્યરૂપ છે એમ કહ્યુ છે તેમાં વિરોધ નથી. કારણ કે શ્રુતિમાં જે મનને અન્નમય કહ્યું છે તથા પ્રાણને જલમય કહ્યો છે ત્યાં " મય " નો અર્થ વિકાર નથી, પણ પંદર દિવસ અન્નગ્રહણ થતું નથી તો મનની શક્તિ

સંકોચાય છે અને અન્નનુ ગ્રહણ થાય છે, તો મનની શક્તિનો વિકાસ થતો રહે છે એ દૃષ્ટાન્તથી શ્રુતિ પોતે જણાવે છે તેમ અન્નના ઉપર મનની શક્તિનો આધાર છે, તેથી મનને અન્નમય કહ્યું છે અર્થાત્ મનનો આધાર અન્નછે, એવો એનો ભાવછે અથવા તો ' મય ' નો અર્થ પ્રચુર છે તેથી અન્નમય એટલે અન્નપ્રચુર એવો અર્થ વિવક્ષિત છે. જેમ યજ્ઞમા અન્નનું વિતરણ સારી રીતે કરવામાં આવે છે, અને તેથી **अन्नमयो यज्ञ** –યજ્ઞ અન્નમય છે—એમ કહેવામાં આવે છે ત્યાં યજ્ઞ અન્નનો વિકાર છે, એવો અર્થ લેવાતો નથી તેમ અહિ પણ અન્નપ્રચુર મન છે, અને જલપ્રચુર પ્રાણ છે, એવો અર્થજ વિવક્ષિત છે અને તેથી જ્ઞાનશક્તિના વિકારરૂપ મન છે એમ લેવામા તથા કૃતિશક્તિના વિકારરૂપ પ્રાણ છે, એમ લેવામાં આ શ્રુતિઓનો વિરોધ થતો નથી.

આ અપચીકૃત સમષ્ટિ ભૂતોથી ઉપરિત ચૈતન્ય વૈશ્વાનર, હિરણ્યગર્ભ અને ઈશ અથવા ઈશ્વર એ ત્રણ નામ ઉપર જણાવ્યુ તેમ ધારણ કરે છે. એ ઉપરાંત **हिरण्यगर्भ**, **सूत्रात्मा** અને **अन्तर्यामी** એ ત્રણ પ્રકારે પણ બ્રહ્મનુ કથન આવે છે ત્યાં ઉપર જણાવ્યુ તે પ્રકારના સમષ્ટિ મન અથવા બુદ્ધિથી ઉપરિત ચૈતન્ય તે **हिरण्यगर्भ** છે; સમષ્ટિ પ્રાણથી ઉપરિત ચૈતન્ય તે **सूत्रात्मा** છે, અને સમષ્ટિ બુદ્ધિ તથા સમષ્ટિ પ્રાણ એ ઉભયનો વિભાગ થતા પૂર્વે એ ઉભયના કારણ તત્ત્વથી ઉપરિત પરમાત્મા તે **अन्तर्यामी** છે.

આ ત્રણના જ પર્યાય શબ્દો તે **ब्रह्मा**, **विष्णु** અને **महेश्वर** છે. હિરણ્યગર્ભ તે બ્રહ્મા છે, સૂત્રાત્મા તે વિષ્ણુ છે, અને અંતર્યામી તે મહેશ્વર છે. હિરણ્યગર્ભ રૂપતાને પામેલા બ્રહ્મા પોતાની માયાવડે પોતાને પુનઃ દ્વિવા કરે છે અને તેમાં એક ભાગવડે પુરુષ થાય છે, અને એક ભાગવડે નારી થઇ રહે છે. પછી એ એના સંયોગવડે **विराट्**, **स्वराट्**, **सम्राट्** એ ત્રણ રૂપે સ્થિત થાય છે. ત્યાં સમષ્ટિ રૂપ સ્થુલ ભૂતપંચકમય જે બ્રહ્માણ્ડ તેના પર અભિમાન ધારણ કરનાર તે **विराट्** છે; બ્રહ્માણ્ડના અન્તર્વર્તી જે સમષ્ટિ લિંગ શરીર તેના અભિમાની તે **स्वराट्** છે, અને સ્થુલ તથા લિંગ એ ઉભયના કારણરૂપ અવ્યાકૃતના અભિમાની તે **सम्राट्** કહેવાય છે.

બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ્વર અને વિરાટ, સ્વરાટ તથા સમ્રાટ

એ સર્વ પરમાત્મા અથવા બ્રહ્મની મૂર્તિઓ છે, બ્રહ્મના તનુરૂપ જ છે. તનુઓ બે પ્રકારનાં હોય છે, **कर्मज** અને **अकर्मज** અથવા **अधिकारज** ત્યા કર્મોનાં ભોગ તેના અભિમાનીને ભોગવાવવા વાસ્તે જે તનુઓ કર્મ ઉત્પન્ન કરે છે તે કર્મ જ તનુઓ છે, મનુષ્ય, પશુ, પક્ષી આદિ સર્વના તનુઓ, સ્વર્ગમાં વસનાર અભિમાનીઓનાં તનુઓ, નરકમાં યાતના ભોગવનાર જીવોનાં તનુઓ જે તેમણે પૂર્વે રચેલાં છે એવાં કર્મોનાં ફલના ભોગ વાસ્તે પ્રાપ્ત થયેલા છે તે સર્વ કર્મ જ તનુઓ છે. સ્વકૃત કર્મના ભોગ વાસ્તે નહિ પણ ઇતરના કર્મના ફલરૂપે અથવા અધિકારને અર્થે જે તનુઓ સૃષ્ટિમાં ઉત્પન્ન થાય છે તે અકર્મજ તનુઓ કહેવાય છે. આ અકર્મજ તનુઓ પુન· **लीला विग्रह** અને **अदृष्ट विशेष जन्य** તનુઓ એમ બે પ્રકારના હોય છે. ત્યાં જે અભિમાનીની અકર્મજ તનુ થાય તેમાં તે અભિમાનીના સંપૂર્ણ સામર્થ્યનો, સર્વ અંશોનો આવિર્ભાવ થતો હોય તો તે તેમની **लीला विग्रह** રૂપ તનુ છે. અને જે પ્રકારે ઉત્પન્ન થયેલા તનુમાં અમુક સામર્થ્યનો અથવા અમુક અંશ માત્રનો જ આવિર્ભાવ થાય છે તે **अदृष्टविशेषजन्य** તનુ છે. બ્રહ્મા, વિષ્ણુ આદિ પરમાત્માની વિભૂતિરૂપ ઇશ કોટિઓના પૃથ્વીપર નાના વિધ તનુઓ—અવતારો—પુરાણમાં વર્ણવેલાં છે. તેમા જે અવતારમાં તે તે ઇશના સંપૂર્ણ અંશોનો આવિર્ભાવ થયો હોય છે તે તે અવતારરૂપ તનુ તે તે ઈશનુ લીલાવિગ્રહ છે અને જે જે અવતારોમાં અમુક અંશ માત્રનો જ આવિર્ભાવ થયો હોય છે તે, તે તે ઇશની અદૃષ્ટ વિશેષ જન્ય તનુ છે. બ્રહ્મા, વિષ્ણુ આદિ ઇશની એક મુખ્ય તનુ પોતાના લોકમાં વિદ્યમાન રહે છે અને તે તેમની લીલાતનુ છે કારણ કે તેમાં સંપૂર્ણ અંશોનો આવિર્ભાવ છે. જ્યારે ભક્તો ઉપાસના કરે છે ત્યારે તે ઉપાસનાના ફલ પ્રદાન માટે, તેમ જ જગતમાં અમુક સ્થિતિ પ્રાપ્ત થાય છે ત્યારે તન્નિવાસી જનોના હિતાર્થે આદિ સ્થાપિત નિયમોને અનુસાર એ ઈશો ઇતર તનુઓને તે તે સ્થળે અને તે તે લોકમાં ધારણ કરે છે. આ ઇતર તનુઓ ધારણ થવાથી એમના મૂળ તનુનો લોપ થતો નથી, એ તનુતો તે તે સ્વલોકમાં વિદ્યમાન જ રહેલી છે. પણ તે ઉપરાંત સ્વસામર્થ્યવડે ઇતર તનુઓનો સ્વીકાર થાય છે. આ ઇતર તનુતો એ પ્રાયશઃ અદૃષ્ટ વિશેષ જન્ય તનુઓ છે, અને તે તે કાર્યની સમાપ્તિ થયે એ-

તનુઓ તિરોધાન પામી જાય છે, મૂલ ઇશ એ તનુઓનું સંહરણ કરે છે, તેમાંથી પોતાના અંશને આકર્ષી લે છે. આમ હોવાથી એકે સમયે વિવિધ ભિન્ન ભિન્ન દેશોમાં ભિન્ન ભિન્ન અદષ્ટ વિશેષ જન્ય તનુઓ ઉત્પન્ન થઈ શકે છે, અર્થાત્ તેમાં લેશ પણ વિરોધ નથી. તેમ જ એક જ ઇશની એ વિભિન્ન તનુ છતાં એ સર્વ ભિન્ન ભિન્ન પ્રકારના વ્યવહાર તે તે અદષ્ટને લઇને કરે છે, નાટકનું એક જ પાત્ર અમુક સ્ત્રી વેષ ધારણ કરે છે અને તે સમયે સ્ત્રીની સર્વ ચેષ્ટા કરે છે, સ્ત્રીના હાવભાવને ભજવે છે, સ્ત્રીની કામનાને બહાર પ્રકટ કરે છે અને પુન. પ્રસંગવશાત્ એ જ પાત્ર પુરુષ વેષ ધારણ કરી આવે છે ત્યારે પોતાની સર્વ ચેષ્ટાને બદલી નાંખે છે, પોતાના હાવભાવમા તથા આંતર કામનામાં ભેદને પ્રતીત કરાવે છે તે જ પ્રમાણે એક ઇશના સમકાલીન બે તનુઓ પ્રકટ થયા હોય છે તોપણ તે બને ભિન્ન ભિન્ન વ્યવહારને સેવનાર હોય છે, ભિન્ન ભિન્ન કૃતિને કરનાર હોય છે, કારણ કે એ વ્યવહાર, ચેષ્ટા, લીલા, કૃતિ આદિનો હેતુ તે તે અદષ્ટ છે અને તેથી જે અદષ્ટને અવલંબીને એ તનુનું પ્રાકટ્ય થાય છે તે અદષ્ટને અનુરૂપ, તેને અનુસરતા વ્યવહારાદિ તે તે તનુ દ્વારા થાય છે આથી ઈશનો અમુક અવતાર આ પ્રકારનો હતો, તેમા આમ કાર્યો કર્યા હતાં, અમુક વ્યવહાર સેવ્યો હતો તેથી ઇતર અવતાર તે જ પ્રકારનો હોવો જોઇએ, તેમાં તેવાં જ કાર્યો કરવાં જોઇએ અને તે જાતિનો વ્યવહાર જ સેવાવો જોઇએ એ પ્રકારે માનનાર તથા કહેનાર આ તનુની ઉત્પત્તિમાં નિમિત્તરૂપ અદષ્ટને છોડી દેવારૂપ મોટી ભૂલ કરે છે. આથી એ સર્વ તનુમાં એ સર્વ અવતારોમાં વસ્તુતઃ કોઇ ગૌણ, કે મુખ્ય, કોઇ ઉત્કૃષ્ટ કે કોઇ અપકૃષ્ટ હોતો નથી, સર્વ ઈશના જ અવતારો હોવાથી એક સરખી રીતે પૂજ્ય તથા સ્તુત્ય છે. તેથી પોતપોતાની રૂચિ અનુસાર ગમે તે એક અવતાર અથવા ઇશની એક મૂર્તિ પ્રતિ ઉપાસક પક્ષપાત ધરે, પણ તે જ જો ઇતરને નિન્દ્ય માને છે અથવા તેવી પ્રવૃત્તિ સેવે છે તો તે પોતાની અજ્ઞાનતા દર્શાવે છે એટલુ જ નહિ પણ પોતાના ઇષ્ટના માહાત્મ્યને સંકુચિત કરી એક તરફથી જેમ ઉપાસના કરે છે તેમ બીજી તરફથી પોતાના ઇષ્ટની જ નિંદા કરે છે. તેથી ઉપાસકો ઉપાસ્ય પ્રતિ સર્વ પ્રકારનો પ્રેમ અર્થાત્ ભક્તિ રાખવી ઘટે છે પણ તેની સાથે

ઇતર, પોતાના ઇષ્ટશ્રીની જ વિભૂતિ પ્રતિ, મૂર્તિ પ્રતિ કદાપિ પણ દ્વેષ ન ધરવા સાવધાનતા સેવવી ઉચિત છે નહિ તો એ પોતાની ઉપાસનાના ફલને કદાપિ પામતો નથી.

પ્રસંગવશાત્ જેમ અદૃષ્ટ વિશેષ જન્યતનુઓ તથા લીલાતનુઓ ઈશનાં પ્રકટ થાય છે તેમ સ્થાયીરૂપે પણ અદૃષ્ટ વિશેષજન્ય તનુઓ પ્રકટ થયેલા હોય છે. ઈન્દ્ર, અગ્નિ, વરુણ, પર્જન્ય આદિ જે અધિકારિક દેવો છે તે સર્વ આ ત્રિમૂર્તિરૂપ ઇશનાં અદૃષ્ટ વિશેષ જન્ય તનુઓજ છે કારણ કે એ ઇશનો અમુક અંશ જ અધિકારાનુસાર જ એ એ દેવ શરીરમાં સંક્રાતિને પામેલો હોય છે. જે કર્મજન્ય દેવો થાય છે, કર્મજન્ય પિતૃઓ થાય છે એ આધિકારિક વ્યક્તિઓ નથી. અને તેથી એમના તનુઓ કર્મજ તનુઓ અને તેથી અદૃષ્ટ વિશેષજન્ય આદિ કોટિમા એ આવતાં નથી પણ એ અકર્મ જ તનુઓ છે, જે અધિકારિક દેવો છે તેમના તનુઓ જ આ પંક્તિનાં છે એ વિસ્મરણ કરવુ ઉચિત નથી.

જેમ ઇશની તનુઓ આમ પ્રકટે છે પણ દેવો તથા પિતૃઓની તનુઓ પણ આ પ્રકારે પ્રકટે છે. તે તે આધિકારિક દેવની, તે તે આધિકારિક પિતૃની સ્વ સ્વ લોકમાં જે તનુ વિરાજે છે તે તેમની લીલા તનુ છે કારણ કે તેમાં તેમના સર્વ અંશોનો આવિર્ભાવ થયેલો હોય છે, પણ ઇતર જીવો, ઉપાસકો આદિના કર્મને અનુસરીને અમુક પ્રસંગે અમુક કાર્ય કરવા માટે જ જે તનુઓ એ દેવો આદિની પ્રકટે છે તે ઘણે ભાગે એમની અદૃષ્ટ વિશેષજન્ય તનુઓ હોય છે. પ્રસંગે ઉપાસકને ઉપાસનાના પરિણામે ઉપાસનાના બલને લીધે તથા ઉપાસકની તીવ્ર ઇચ્છાને લીધે એ દેવોને પોતાના સર્વ સામર્થ્યવડે સંપન્ન તનુને ધારણ કરી પ્રકટ થવું પડે છે અને એ તનુઓ તે તેમની લીલાતનુ છે.

આ પ્રમાણે સગુણ બ્રહ્મની તનુરૂપ બ્રહ્માદિ ત્રિમૂર્તિ છે, એમની તનુરૂપ આધિકારિક દેવ, પિતૃ આદિ છે. પુરાણો આ સર્વનું પ્રસંગવશાત્ ગુણગાન કરે છે, ત્યાં અઢાર પુરાણોમાં દશ પુરાણો રૂદ્રનું વર્ણન કરે છે, ચાર પુરાણો વિષ્ણુનું પ્રતિપાદન કરે છે. બે પુરાણો બ્રહ્માનું પ્રતિપાદન કરનાર છે, એક પુરાણ અગ્નિનું વર્ણન કરે છે અને એક પુરાણ સૂર્ય ભગવાન્નું વર્ણન કરે છે. ત્યાં પુરાણો આ સર્વનું પ્રતિપાદન તથા સ્તવન કરે છે તે બે રીતે કરે છે, એક

તો તે તે મૂર્તિનું ખાસ પ્રતિપાદન આવે છે અને બીજું તે તે મૂર્તિને કારણરૂપે લઈ પ્રતિપાદન આવે છે. બ્રહ્માનુ પ્રતિપાદન કરનાર પુરાણ એક તો બ્રહ્મનુ બ્રહ્મારૂપે પ્રતિપાદન કરે છે અને બીજું બ્રહ્મા એ સગુણ બ્રહ્મની મૂર્તિ વિશેષ છે તેથી બ્રહ્માનુ સગુણ બ્રહ્મરૂપે પ્રતિપાદન કરે છે. વિષ્ણુનુ પ્રતિપાદન કરનાર પુરાણ એક તો વિષ્ણુનુ વિષ્ણુરૂપે પ્રતિપાદન કરે છે અને બીજુ વિષ્ણુનુ સગુણ બ્રહ્મરૂપે પ્રતિપાદન કરે છે. આજ પ્રમાણે રુદ્ર અથવા શભુનુ પ્રતિપાદન કરનાર પુરાણો એક તો શભુનુ શભુરૂપે પ્રતિપાદન કરે છે અને બીજુ શભુનુ સગુણ બ્રહ્મરૂપે પ્રતિપાદન કરે છે, આમ હોવાથી તે તે પુરાણમાં તે તે પ્રતિપાદ્યકો મૂર્તિને સર્વથી શ્રેષ્ઠ, સર્વના કારણ રૂપ, સમગ્રૈશ્વર્ય સંપન્ન ઇત્યાદિ કહેવામા આવેલી છે. આજ રીતે વિષ્ણુ ભગવાન્‌નુ પ્રતિપાદન કરનાર પુરાણો શ્રીવિષ્ણુનું વિષ્ણુરૂપે તથા તે સાથે સગુણ બ્રહ્મરૂપે પ્રતિપાદન કરે છે વેદાન્ત શાસ્ત્રનો સિદ્ધાન્ત જ છે કે કાર્યનો કારણથી અભેદ છે. આથી આ પ્રકારનુ પ્રતિપાદન અદોષ છે કેમકે વસ્તુત. આ ત્રિમૂર્તિ પોતાના મૂલ કારણરૂપ સગુણ બ્રહ્મથી અનન્ય જ છે આમ હોવાથી વિષ્ણુ પુરાણોમાં વિષ્ણુભગવાન્‌નુ સર્વોત્કૃષ્ટરૂપે પ્રતિપાદન હોય છે અને તે અયોગ્ય નથી, તેમ જ શ્રીશકરના પુરાણોમા શ્રીશકર ભગવાન્‌નું સર્વોત્કૃષ્ટરૂપે પ્રતિપાદન આવે છે તે પણ અયોગ્ય નથી. તેમજ શ્રી બ્રહ્મા આદિના પુરાણો માટે છે. આ સાથે આપણા શાસ્ત્રકારોએ આરભમાં જ એ સિદ્ધાન્ત સ્થાપન કર્યો છે કે સર્વ ગ્રથોનુ અધ્યયન શ્રી ગુરુમુખે જ કરવાનું છે. છાપેલા ગ્રથો ખરીદી પોતાની મેળે વાંચવામાં આવે ત્યાં ભ્રાન્તિને અવકાશ રહે છે, પણ જ્યા અધિકારાનુસાર શ્રી ગુરુમુખે તે તે ગ્રંથનુ શ્રવણ કરાય છે ત્યાં કોઇ રીતની ભ્રાન્તિને સ્થાન મળતુ નથી વળી જે ઉપાસકે શ્રીવિષ્ણુ ભગવાન્‌ની ઉપાસના કરવાની હોય છે તેણે એમના સ્વરૂપ આદિને જ સ્પષ્ટ કરનાર પુરાણો શ્રવણ કરવાનાં હોય છે, ઇતર દેવ કે ઇશના સ્વરૂપને પ્રધાનપણે પ્રતિપાદન કરનાર પુરાણોનુ શ્રવણ કરવાનું હોતું નથી. તેજ પ્રમાણે શ્રીશંકર ભગવાન્‌ની ઉપાસના કરનારે શ્રીશંકર ભગવાન્‌ના સ્વરૂપને પ્રધાનપણે પ્રતિપાદન કરનાર પુરાણોનું જ શ્રવણ કરવાનું રહે છે અને ઇતર પુરાણોનું શ્રવણ કરવાનું તેમને માટે નથી. તેથી આમ અધિકાર પ્રમાણે તે તે ઇષ્ટના પ્રતિપાદનમાં તાત્પર્યવાળા તે તે પુરાણ માત્રનું શ્રવણ કરવામાં આવે છે ત્યારે તે તે ઇષ્ટની સર્વોત્કૃષ્ટતા જ અંતઃ-

કરણમાં સ્થપાય છે કે જે તેણે તે દેવના ઉપાસક તરીકે અવશ્ય કરવાનું કાર્ય છે. તેથી આમ સંપ્રદાય રીતિથી શ્રવણ કરવાના આશયથી લખાયેલાં પુરાણોમાં સર્વથા નિર્દોષિતા જ છે.

આ પ્રમાણે કારણ સ્વરૂપે બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એ ત્રણે સગુણ બ્રહ્મની જ મૂર્તિ છે અને તેથી સર્વ શિરસાવંદ્ય છે છતા વિશ્વમાં કેવા નિયમથી એમનાં સ્વરૂપો થયેલાં છે એ જ્ઞાન ભ્રાન્તિ દૂર થવા આવસ્યક છે અને તેનુ પ્રતિપાદન શાસ્ત્ર સ્પષ્ટપણે આ રીતે કરે છે. બ્રહ્મા અંતર્ બહિર રજોગુણવાળા છે એટલે રજોગુણથી વ્યાપ્ત છે અને રજોગુણના અધિષ્ઠાતા છે, અને તેથી જગત્માં સર્જન વ્યાપાર એ એમનો ખાસ છે. રજોગુણનુ વ્યાપાર કાર્ય ચલન છે, તેથી ચલનરૂપ સર્જન ક્રિયા એમના દ્વારાજ થાય છે.શ્રી વિષ્ણુ તમોગુણથી આચ્છાદિત છે તથા સત્ત્વગુણના અધિષ્ઠાતા છે, અર્થાત્ અંતસ્તમસ અને બહિર્ સત્વવાળા છે. આમ હોવાથીજ શ્રી વિષ્ણુના અવતારાં પ્રાયશ ઘનશ્યામ આદિ વર્ણવાય છે. તથા સત્ત્વ ગુણના અધિષ્ઠાતા હોવાથી સૃષ્ટ પદાર્થનું પાલનરૂપ વ્યાપાર એમનો ખાસ વ્યાપાર થઈ શકે છે. શ્રી શંકર સત્ત્વગુણથી સંચ્છન્ન હોય છે તથા તમોગુણના અધિષ્ઠાતા છે અર્થાત્ અંતઃસત્ત્વ અને બહિર્ તમસવાળા છે. આમ હોવાથી શ્રી શંકરોની મૂર્તિ સ્ફટિક વર્ણવાળી કલ્પવામાં આવે છે તથા સંહારરૂપ વ્યાપાર એમનો ખાસ વ્યાપાર થઇ શકે છે. વળી શ્રી વિષ્ણુના અવતારોમાં બહારથી મૃદુતાનું ભાન થાય છે તથા અંતર્થી ભોળાપણુ વર્ણવવામાં આવતુ નથી તેથી શ્રી શંકર વર આપવા કરવામા અત્યંત ઉદાર વર્ણવાય છે. આ આદિ ચરિતો એ મૂર્તિના અંતરમાં રહેલા ગુણોનું ભાન કરાવે છે. જે જેનું અધિષ્ઠાન કરવામાં આવે છે તેને અવલબીને વ્યાપાર કરાય છે. તેથી પાલન, રક્ષણ, નિયમોનું સંરક્ષણ આદિ સર્વ કાર્યો શ્રી વિષ્ણુ ભગવાનની સત્તાનાં છે અને ભેદ માત્ર પાડવો, સંહરણ કરવું ઇત્યાદિ વ્યાપારો શ્રી શંકરના થઇ શકે છે.

આ પ્રમાણેના આ ત્રિમૂર્તિનાં સ્વરૂપો તથા વ્યાપારો હોવાથી જ્યારે જગત્ પ્રલય દશામાં હોય છે ત્યારે માયા અથવા પ્રકૃતિ સામ્યાવસ્થામાં રહેલાં હોય છે, તેમનો પ્રથમ ભેદ થવો એ કાર્ય શ્રી શંકરવડે થાય છે. અને તેથી જગતનાં આરંભમાંજ શ્રીરુદ્રસત્તા પ્રથમ જાગ્રત્ થાય છે અને શ્રી શંકરરૂપ મૂર્તિ પ્રથમ અસ્તિત્વમાં

આવે છે. વળી ઉત્પત્તિમાં જે પ્રથમ હોય છે તેજ પ્રલયના છેવટે રહે છે અર્થાત્ ઉત્પત્તિક્રમ અને પ્રલયક્રમ વિપરીત હોય છે. તે નિયમ પ્રમાણે જોતાં પણ આ સિદ્ધાન્ત યોગ્ય ઠરે છે. જ્યારે જગત્નો લય થાયછે ત્યારે એ સંહારરૂપ કાર્ય શ્રી રુદ્રસત્તાનુ ખાસ કાર્ય છે તેથી એ સત્તાવડેજ થાય છે. હવે પ્રલય સમયે જો શ્રીરુદ્રસત્તા પ્રથમ કારણાકાર થઈ જાય અને શ્રી વિષ્ણુસત્તા અથવા શ્રી બ્રહ્માની સત્તા વિદ્યમાન રહે તો પછી એ એમાંથી કોઇ પણ સત્તાને કારણાકાર કરનાર કોઇ સત્તા રહેતી નથી. એ બંનેમાથી કોઇ પણ સત્તાનો વ્યાપાર કારણાકાર થવાનો નથી. તેથી પ્રલયની સિદ્ધિ થઇ શકતી નથી. એથી ઉલટું જો એ એ સત્તાને શ્રી રુદ્રસત્તાજ કારણાકાર કરી શકે છે અને તેમ થઈ રહ્યા પછી એ રુદ્રસત્તા પોતાને પણ કારણાકાર કરી શકે છે. તેથી પ્રલય બરાબર રીતે આ નિયમથી સિદ્ધ થઇ શકે છે. તેથી પ્રલયની ઉપપત્તિ માટે શ્રીરુદ્રસત્તા છેવટ સુધી વિદ્યમાન રહે છે એ સ્વીકારવુ આવશ્યક છે. પ્રલયક્રમથી ઉત્પત્તિક્રમ વિપરીત હોય છે એ ઉપર જણાવેલા નિયમ પ્રમાણે, જ્યારે પ્રલયમા શ્રી રુદ્રસત્તા છેવટ સુધી વિદ્યમાન રહે છે ત્યારે ઉત્પત્તિ સમયે, સર્વ સમયે એજ સત્તા પ્રથમ અસ્તિત્વમાં આવવી જોઇએ એ પણ અર્થાત્ સિદ્ધ થાય છે. તેથી ઉપર જણાવ્યુ તેમ શાસ્ત્ર જણાવે છે કે આ ત્રિમૂર્તિના ઉત્પત્તિક્રમમાં પ્રથમ શ્રીશંકરરૂપ મૂર્તિની ઉત્પત્તિ થાય છે, ત્યારપછી શ્રીવિષ્ણુરૂપ મૂર્તિની ઉત્પત્તિ થાય છે અને છેવટે શ્રી બ્રહ્મારૂપ મૂર્તિની ઉત્પત્તિ થાય છે. આમ આવિર્ભાવના ક્રમમાં ભેદ છે છતાં એ સર્વ ઇશ સત્તાજ છે અને એમાં ઉત્કર્ષાપકર્ષ કોઈ રીતે વસ્તુ સ્થિતિએ નથી એ વિસ્મરણ કરવુ ઘટતુ નથી, અર્થાત્ એ સર્વ સત્તા સર્વ જીવોવડે સર્વ મનુષ્ય દેવ ગંધર્વ આદિ સર્વવડે શિરસાવદ્ય છે અને તેમ કરવાથી એ સર્વનું હિત સધાય છે. આ હેતુથી જ એ ત્રિમૂર્તિનુ વેદાન્તમાં પ્રતિપાદન આવે છે.

બ્રહ્મતત્ત્વના આ સર્વ પ્રકારો વેદાન્ત વર્ણવે છે તે વર્ણવવામાં મુખ્ય હેતુ જગત્ની વ્યવસ્થાની ઉત્પત્તિ કરવાનો છે અને પરમ તાત્પર્ય કાર્યકારણના અભેદ સમયે એ સર્વ સગુણ બ્રહ્મરૂપ છે અને તેથી પરિણામે સચ્ચિદાનંદ બ્રહ્મરૂપ છે એ સ્થાપન કરવાનો છે.

ભગઃ—ઐશ્વર્ય, શ્રી, યશશ્, વીર્ય, જ્ઞાન અને વૈરાગ્ય એ છનુ નામ **ભગ** છે. ભગવાન્ શબ્દ શ્રી બ્રહ્મા વીગેરેને લગાડવામાં આવે

છે. ત્યાં ભગવાન્‌નો અર્થ ભગવાળા છે. ભગ શબ્દથી આ છ નું ગ્રહણ થાય છે. તેમાં એ છ અસંપૂર્ણ અંશમાં હોય તો તે ભગ કહેવામાં આવતું નથી. પણ એ છ પૂર્ણાંશે હોય છે, સમગ્રરૂપે હોય છે તોજ ભગ કહેવાય છે. તેથી સમગ્ર ઐશ્વર્યવાન્, સમગ્ર-શ્રીવાળા, સમગ્ર યશસ્વાળા, સમગ્ર વીર્યવાન્, સર્વજ્ઞ અને સમગ્ર વિરાગવાળા તે ભગવાન્ છે. ઋષિમુનિઆદિના સબંધમાં ભગવાન્ શબ્દ વપરાય છે ત્યાં જો તેમનામાં આ છની સમગ્રપણે સ્થિતિ હોય છે તો તો એ શબ્દ મુખ્યપણે વપરાયેલો ગણાય છે અને એ છનું સામગ્ર્ય હોતું નથી તો ત્યાં એ શબ્દનો ગૌણ પ્રયોગ ગણાય છે.

પ્રકારાન્તરે ભૂતાદિની ઉત્પત્ત્યાદિ છ જે જાણે છે તે ભગવાન્ કહેવાય છે. ઉત્પત્ત્યાદિ છમા, ઉત્પત્તિ, નિધન, અગતિ, ગતિ, વિદ્યા અને અવિદ્યાનુ ગ્રહણ થાય છે. ત્યાં ઉત્પત્તિ પ્રસિદ્ધ છે. નિધન એટલે લય. મોક્ષનો અભાવ અથવા અનિષ્ટ સબધ તે અગતિ છે ગતિ એટલે મોક્ષ અથવા ઇષ્ટસંબધ. મોક્ષના સાધનરૂપ તત્ત્વજ્ઞાન અથવા માયા તે વિદ્યા છે અને અનિષ્ટ સાધન જે અતત્ત્વજ્ઞાન તે અવિદ્યા છે. પ્રાણીઓનાં ઉત્પત્તિ આદિ છને જે હસ્તામલકવત જાણે છે તે ભગવાન્ છે, અર્થાત્ એ છનુ હસ્તામલકવત્ જ્ઞાન તે ભગ છે.

भावविकार—ભાવરૂપ સર્વ પદાર્થો વેદાન્ત મત પ્રમાણે છ વિકારવાળા હોય છે. તે છ વિકાર આ છે. **जनि** અથવા **जन्म**, **सत्ता**, **वृद्धि**, **विपरिणाम**, **अपक्षय** અને **विनाश** ત્યા જનિ અથવા જનિનો સામાન્ય અર્થ ઉત્પત્તિ છે. કાર્યનો આદ્ય ક્ષણની સત્તા સાથેનો સંબધ તે જન્મ છે. ઉત્પન્ન થયેલા કાર્યનુ એક ક્ષણ અવસ્થાન થવુ, એક ક્ષણ સ્થિતિ થવી તે **सत्ता** છે. અધિક અવયવો સાથે સંબંધ થવો તે **वृद्धि** છે. પૂર્વરૂપ જતુ રહી રૂપાન્તરની પ્રાપ્તિ થવી તે **परिणाम** અથવા **विपरिणाम** છે. ઘણા અવયવોનો અપચય થવો, જતા રહેવા તેનુ નામ **अपक्षय** છે. શરીર અને પ્રાણના સયોગનો ચરમધ્વંસ થવો અથવા કાર્યનો નાશ થવો તેનું નામ **मृत्यु** અથવા **विनाश** છે. આ છએ વિકારો સકરણ પદાર્થમાં સ્પષ્ટપણે પ્રતીત થાય છે. જેમકે દેવદત્તનું શરીર આદ્ય ક્ષણ સત્તા સાથે સંબંધને પામે છે ત્યારે એ જન્મે છે એમ આપણે કહીએ છીએ. જન્મ્યા પછી એ શરીરની ક્ષણ સ્થિતિ થાય છે ત્યારે એ "છે" એમ કહીએ છીએ. આ બીજો સત્તા નામનો વિકાર

છે. ત્યાર પછી એ શરીર ક્રમે ક્રમે વધે છે તેનું નામ વૃદ્ધિ છે એ શરીરનું પૂર્વનું રૂપ બદલાઈ વય વધતાં રૂપાન્તર થાય છે તેનું નામ વિપરિણામ છે વૃદ્ધાવસ્થાની પ્રાપ્તિ થતાં એ જ શરીર કૃશ અને દુર્બળ થતું ચાલે છે એ એનો અપક્ષય છે અને એ શરીર તથા પ્રાણના સયોગનો છેવટે અભાવ થઇ રહે છે તે વિનાશ છે. આજ પ્રમાણે વૃક્ષો વગેરેમાં પણ આ છ વિકારો સ્પષ્ટ પણે જણાય છે. ઘટ પટાદિ અકરણ પદાર્થમાં આ છ એની અનુક્રમે સ્પષ્ટ પ્રતીતિ થતી નથી પણ ત્યાં પણ સૂક્ષ્મ રીતે વિચારતાં આ છએનું અસ્તિત્વ જણાયા વિના રહેતુ નથી. તેથી આ છ વિકારો સર્વ ભાવ પદાર્થના પરાપૂર્વથી માનવામાં આવ્યા છે. આમાંના ત્રણ વિકારો—જન્મ, સત્તા અને વિનાશ—સર્વ ભાવ પદાર્થમાં સ્પષ્ટ સ્થૂલ બુદ્ધિને પણ જણાય છે અને તેથી એ ત્રણનુ જન્માદિ ત્રયથી ગ્રહણ કરી શાસ્ત્રમા વાર વાર કથન ચાલે છે, છતાં જ્યા જ્યા આમાંનો એક વિકાર હોય છે ત્યાં ઇતર પાચ અવશ્ય હોય છે એ નિયમ છે તેથી આ છ સર્વ ભાવ પદાર્થોના વિકાર છે

ભુવન—આખા વિશ્વના પ્રથમ ત્રણ વિભાગ કરી પ્રતિપાદન શાસ્ત્રે કર્યું છે એ ત્રણમા પૃથ્વી, અંતરિક્ષ અને દ્યુલોક ગણાય છે. પુન: ભુ, ભુવર્ અને સ્વર્ એમ ત્રણ લોકરૂપે વિભાગ કરવામાં પણ આવેલો છે. અને એનોજ વિસ્તાર કરી ચતુર્દશ ભુવન અથવા લોક ગણવામા આવેલા છે. એ ચતુર્દશ ભુવનમા ભૂરાદિ સપ્તલોક તથા સપ્ત પાતાલ લેવાય છે. ભૂરાદિ સપ્તકમા ભુ, ભુવર્, સ્વર્, મહર્, તપ, જન અને સત્ય એ સાતનુ ગ્રહણ થાય છે અને પાતાલ સપ્તકમા અતલ, વિતલ, સુતલ, તલાતલ, રસાતલ, મહાતલ અને પાતાલ એ સાતનુ ગ્રહણ થાય છે. આ ચૌદ મળીને ચતુર્દશ ભુવન કહેવાય છે.

ભૂમિકા—એક ચાર માળ કે પાંચ માળનુ ગૃહ કરવામા આવે છે તો તેને ચાર કે પાંચ ભૂમિકા કહેવાય છે. તે જ પ્રમાણે ઉત્તરોત્તર અવસ્થા તે ભૂમિકા છે. આવી ભૂમિકા સર્વ પદાર્થની કહેવામાં આવે તો ચાલે તેમ છે. છતાં પ્રધાનપણે વેદાન્તમાં અજ્ઞાન, જ્ઞાન અને ચિત્તની ભૂમિકાનો ઉલ્લેખ આવે છે. ત્યા અજ્ઞાનની ભૂમિકાઓ તથા જ્ઞાનની ભૂમિકાઓનું પ્રતિપાદન પૂર્વે તે પ્રસંગમાં થયેલુ છે તેથી તે ત્યાં જોવું, અહિં અવશિષ્ટ પ્રતિપાદન ચિ-

ત્તની ભૂમિકાનું રહેલું છે તે જ કરવામાં આવે છે, યોગ અને વે-દાન્ત શાસ્ત્રના સિદ્ધાન્ત પ્રમાણે સર્વ પદાર્થો—પ્રાકૃત સર્વ પદાર્થો—ત્રિગુણમયી પ્રકૃતિ અથવા માયાનાં પરિણામી કાર્યો છે અને તેથી સર્વ પ્રાકૃત પદાર્થો ત્રિગુણમય હોય છે. આ નિયમ પ્રમાણે ચિત્ત અથવા બુદ્ધિતત્ત્વ અથવા મહત્તત્ત્વ પણ ત્રિગુણાત્મક છે અને તેથી એમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણે ગુણો રહેલા છે, કોઇ ચિત્તમાં સત્વની પ્રધાનતા હોય છે તો કોઇમાં રજસ્ની અને કોઇમાં તમસ્-ની પ્રધાનતા હોય છે. ચિત્તમાં સત્ત્વનો એક ક્ષણે આવિર્ભાવ થાય છે તો અન્ય ક્ષણે રજસ્નો આવિર્ભાવ થાય છે અને વળી અન્ય ક્ષણે તમસ્નો આવિર્ભાવ થાય છે. આમ સર્વ ચિત્તો સદા ત્રિગુણા-ત્મક હોવા છતાં તેઓ સત્વાદિ ગુણોની પ્રધાનતા તથા ગૌણતાને લીધે અને આવિર્ભાવ તિરોભાવને લીધે ચિત્તની ભિન્ન ભિન્ન અવસ્થાઓ થઇ શકે છે અને એ વિભિન્ન અવસ્થા વિશેષએ ચિત્તની ભૂમિકા કહેવાય છે. શાસ્ત્ર ચિત્તની પાંચ ભૂમિકા વર્ણવે છે અને તે આ છે, (૧) **क्षिप्त**, (૨) **मूढ**, (૩) **विक्षिप्त**. (૪) **एकाग्र** અને (૫) **निरुद्ध**. ત્યા ચિત્તની વિષયપ્રતિ પ્રવણતાની અવસ્થા તે ક્ષિપ્તાવસ્થા કહેવાય છે. ચિત્તમા બહિર્ સત્ત્વગુણ રહેલો હોય છે અથવા યોગશાસ્ત્રની ભાષામાં કહીએ તો ચિત્ત પ્રધાનપણે સત્ત્વગુણનું કાર્ય છે તેથી એમાં પ્રખ્યા એટલે પ્રકાશ એ ધર્મ સ્વભાવથી જ રહેલો હોય છે. છતાં જ્યારે ચિત્તમા પ્રધાનપણે રજોગુણ તથા તમો ગુણનું સામ્રાજ્ય થાય છે, જ્યારે ચિત્તમાં એ બેની સત્તા જામે છે અને તેમાં પણ રજોગુણની પ્રધાનતા અધિક થાય છે ત્યારે તે ચિત્ત અણિમાદિ ઐશ્વર્ય તથા શબ્દાદિ પાંચ વિષયોને જ પ્રિય, પ્રાપ્તવ્ય માને છે અને તેના પ્રતિ જ સતત લાગેલુ થઇ રહે છે. આ પ્રકા-રની ચિત્તની અવસ્થા તે **क्षिप्त** કહેવાય છે. દૈત્ય અને દાનવોનું ચિત્ત બહુધા સદા આ દશામાં જ રહેનારૂ હોય છે.

આ ચિત્તમાં, ક્ષિપ્ત દશામાં રજોગુણની પ્રધાનતા હોય છે તેને બદલે, તમોગુણની પ્રધાનતા થઇ રહે છે, તમોગુણનું સામ્રાજ્ય બરા-બર જામેલું થઇ રહે છે ત્યારે નિદ્રા તન્દ્રાદિથી ગ્રસ્ત દશા ચિત્તની થાય છે અને એ દશા તે **मूढ** ભૂમિકા છે. તમોગુણની અધિકતા થવાથી, તમોગુણનું રાજ્ય પ્રબલ થવાથી ચિત્તને કૃત્ય અને અકૃત્યનો વિવેક રહેતો નથી. આ કર્તવ્ય છે, આ પ્રાપ્તવ્ય છે, આ ત્યાજ્ય છે, આ અકર્તવ્ય છે ઇત્યાદિ ભાન રહેતું નથી અને તેથી વિવેકના અભાવને

લીધે અધર્મ, અજ્ઞાન, અવિરતિ અને અનૈશ્વર્યવાળું ચિત્ત થઇ રહે છે અને ત્યારે તે ચિત્ત મૂઢ કહેવાય છે અથવા ચિત્તની એ દશા તે મૂઢ ભૂમિકા ગણાય છે. રાક્ષસ પિશાચાદિનાં ચિત્ત પ્રધાનપણે પ્રાયશ આ મૂઢ ભૂમિકાને સેવનારાં હોય છે.

જ્યારે ચિત્તમાં રજોગુણ તથા તમોગુણની સત્તા રહ્યા છતાં એ બે ગૌણ થઇ જાય છે અને સત્વગુણની સત્તા કાંઇક અંશે પ્રધાન થઈ રહે છે ત્યારે ક્ષિપ્તથી વિશિષ્ટ—ચઢીઆતી—ભૂમિકા ચિત્તની થાય છે ક્ષિપ્તથી ચઢીઆતી, વિશેષવાળી તે **વિક્ષિપ્ત** દશા છે. એ દશામા ચિત્ત પ્રસંગે વિષય પ્રવણ થઇ રહે છે તો કદાચિત્ ધ્યાનાવસ્થાને સેવનાર થઈ રહે છે. તમોગુણ છેક ગૌણ થઇ ગયો હોય છે તેથી મોહનો ભંગ થયો હોય છે, રજોગુણનો સંપર્ક રહ્યો હોય છે તેથી ધર્મ, જ્ઞાન, અને ઐશ્વર્ય એ પ્રતિ ચિત્ત પ્રેરાય છે તથા ચિત્ત વિષયો વિષે ચાંચલ્યવાળુ થઇ રહે છે અને સત્ત્વગુણની પ્રધાનતા થવાથી ધ્યાનને અને અનુકૂળ ચિત્ત પણ પ્રસગવશાત્ થઇ જાય છે. દેવો—કર્મજન્ય દેવો તથા આધિકારિક દેવો, મનુષ્યો, ઇશ મૂર્તિઓ આદિનું ચિત્ત વિક્ષિપ્ત દશાને બહુધા સેવનાર હોય છે. તેમાં પણ આખા જગત્નું નિયન્તૃત્વ શ્રીહિરણ્યગર્ભ ભગવાને સ્વીકારેલુ છે તેથી નિયમનના અનન્ત વિષયો હોવાથી તથા શુદ્ધ સત્તાની પ્રધાનતા હોવાથી એમનુ ચિત્ત સર્વોત્કૃષ્ટ વિક્ષિપ્ત દશાને સેવનારૂ હોય છે.

જ્યારે તમોગુણ સાફ દબાઈ જાય છે, રજોગુણનો સંપર્ક વિક્ષિપ્ત દશામાં હતો તે પણ જતો રહે છે એટલે કે રજોગુણ પણ સાફ દબાઇ જાય છે અને તેથી એ બેના ખલેલ વિનાનુ સત્ત્વગુણનું રાજ્ય ચિત્તમાં સ્થપાય છે ત્યારે એ ચિત્ત એકજ વિષયમા લાબા સમય સુધી સ્થિર થઇ શકે છે. જેમ એકાન્ત સ્થળે પ્રદીપ મૂકયો હોય છે તો તેમાંની જ્વાલા એક સતત નીકળતી હોય, લેશ પણ હલન ચલન વિનાની સ્થિત થતી હોય તેવી ભાસે છે તેજ પ્રમાણે ચિત્ત આમ શુદ્ધ સત્વવાળું થાય છે ત્યારે જે વિષયપર એને સ્થાપન કરવામાં આવે છે તે વિષયને જ દીર્ઘ સમય સુધી અવલંબન કરી સ્થિરતાથી રહે છે, એ ભૂમિકાનું નામ **એકાગ્ર** ભૂમિકા છે. આમ દીર્ઘ સમય સુધી ચિત્ત એક વિષયને અવલંબન કરી સ્થિત થઇ શકે છે ત્યારે આરંભમાં તો તે તે વિષય માત્ર ભાસે છે અને એ જ્ઞાન કોઇ પણ વિસદશ જ્ઞાનથી તિરસ્કારને પામતું નથી. આમ થવાથી ક્રમે ક્રમે હું એ વિષયને ધારૂંછું, અથવા જોઉંછું એ જ્ઞાન

પણ શમી જાય છે અને તેથી આ અમુક વિષયનું જ્ઞાન છે એ સ્વરૂપ પણ રહેતું નથી. આ સ્થિતિ થતાં એ ધ્યેય વિષયનું જ્ઞેય વિષયમાં પર્યવસાન થઇ જાય છે. જે આરંભમાં ધ્યેય હતો તે હવે જ્ઞેય થઇ રહે છે જેનું આરંભમાં ધ્યાન કરવામાં આવતુ હતુ તેનુ જ્ઞાન અપરોક્ષ જ્ઞાન થઈ જાય છે. સમીપમા ચક્ષુ સંનિહિત ઘટપટાદિ પદાર્થો પડયા હોય છે ત્યારે તે ઘટ છે, પટ છે, અમુક કદના છે, અમુક રંગના છે, અમુક આકૃતિના છે, અમુક પદાર્થના બનેલા છે ઇત્યાદિ સર્વ સામાન્ય અને વિશેષો એ વિષયના સબંધના જાણવામાં આવી જાય છે તેજ પ્રમાણે આ દશાએ ધ્યાન પહોંચે છે ત્યારે એ ધ્યાનરૂપે રહેતુ નથી પણ એના વિષયના સર્વ સામાન્ય વિશેષોનું સ્પષ્ટ જ્ઞાન એ એકાગ્ર ચિત્તને થઇ જાય છે, આ રીતે ધ્યેય વિષયનો સાક્ષાત્કાર થઈ રહેવો એનું નામ **સપ્રજ્ઞાત્યોગ** છે અને એજ એકાગ્ર ભૂમિકાની પરાકાષ્ઠા છે

એકાગ્ર દશામાં, એકાગ્ર દશાની પરાકાષ્ઠામાં ધ્યેયાકાર અથવા જ્ઞેયાકાર એક વૃત્તિ માત્ર વિદ્યમાન રહેલી હોય છે. એ વૃત્તિનો ચિત્તમાં અહંબુદ્ધિવડે ઉપસંહાર કરવામા આવે છે ત્યારે પછી ચિત્તની કોઇ પણ વૃત્તિ અવશિષ્ટ રહેલી રહેતી નથી અર્થાત્ ચિત્તની સર્વ વૃત્તિનો નિરોધ થઇ જાય છે, ચિત્ત વૃત્તિશૂન્ય બની રહે છે. જેમ જ્ઞાન તથા પ્રાણ મનુષ્યને સજીવ દર્શાવે છે તેમ ચિત્તને ચિત્તરૂપે દર્શાવનાર આ વૃત્તિ જ છે. તેથી જ્યારે સર્વ વૃત્તિઓનો નિરોધ થઈ જાય છે ત્યારે ચિત્તની સંસ્કારશેષ દશા થઇ રહે છે. એ સર્વ વૃત્તિના નિરોધવાળી સંસ્કારશેષ દશા તે અસંપ્રજ્ઞાન અવસ્થા છે અને એનુ નામજ **निरुद्ध** ભૂમિકા છે. આ ભૂમિકા સર્વથી શ્રેષ્ટ ભૂમિકા છે અને વેદાન્તશાસ્ત્રમાં નિર્વિકલ્પક સમાધિના નામથી પણ વ્યવહરાય છે.

આ પાંચ ભૂમિકા મધ્યે ક્ષિપ્ત અને મૂઢ ભૂમિકાઓનો યોગનો સંભવજ નથી, યોગનું સ્વપ્નું પણ નથી, જ્યારે વિક્ષિપ્ત દશામાં ચિત્ત આવે છે ત્યારે જ યોગનો જરા તરા પણ સંભવ આવે છે. છતાં એ દશામાં એના નામ પ્રમાણે વિક્ષેપ અધિક હોય છે તેથી એ દશાનો વૃત્તિનિરોધ ખાસ ઉપયોગનો નથી, છતાં પણ એમાં ચિત્તની સત્વપ્રધાનતા થાય છે તેથી ઉપર ચઢવા માટે એ પણ એક ઉપયોગી ભૂમિકા છે. છેલ્લી બે દશાઓનો વૃત્તિ નિરોધ તેજ કૃતકૃ-

ચ્યતા આણુનાર છે માટે યોગમાં, અથવા સમાધિમાં એની ગણના કરાય છે. આ પાંચ ભૂમિકાનુ પ્રતિપાદન કરીશાસ્ત્ર એજ સૂચવે છે કે પ્રથમની બે ભૂમિકાને તો અવશ્ય સત્વર ત્યજી દેવી ઘટે છે, તૃતીયનું અતિક્રમણુ ક્રમે ક્રમે કરવું ઉચિત છે અને ચતુર્થ તથા પંચમી ભૂમિકામાં આવી યોગ સાધકે સ્થિતિ કરવી ઉચિત છે,

भेद—વેદાન્તશાસ્ત્રમાં ત્રણુ પ્રકારના ભેદનું પ્રતિપાદન આવે છે. એ ત્રણુ ભેદ તે આ છે (१) **सजातियभेद**, (२) **विजातीयभेद** અને (३) **स्वगतभेद** ત્યાં સમાન જાતિકૃત ભેદને સજાતીય ભેદ છે. એક વૃક્ષ તથા બીજું વૃક્ષ બને વૃક્ષત્વ વિજાતિવાળાં છે અને તેથી સજાતીય પદાર્થો છે છતાં એ બેમાં પણુ ભેદ છે કારણુ કે ભેદ નહિ હોય તો આ એક વૃક્ષ છે અને આ બીજું છે એ પ્રકારે ભેદ પ્રતીતિ નહિ થાય. તેથી એ બે વૃક્ષની વચ્ચેનો ભેદ તે સજાતીય ભેદ છે, આજ પ્રમાણે બે કદમ્બના વૃક્ષો લઈએ તો તેમાં પણ કદમ્બત્વ રૂપ જાતિ સમાન છે અને તેથી એ રીતે એ બંને સજાતીય છે છતાં એ બને ભિન્ન છે તેથી એ બેની વચ્ચેનો ભેદ તે પણુ સજાતીય ભેદ છે વિરુદ્ધ જાતિકૃત ભેદ તે વિજાતીય ભેદ તે છે. વૃક્ષ અને શિલા એ બને ભિન્ન જાતિના પદાર્થો છે વૃક્ષમાં વૃક્ષત્વ જાતિ છે અને શિલામાં શિલત્વ અથવા પાષાણુત્વ જાતિ રહેલી છે એ બને જાતિ વિરુદ્ધ છે કારણુ કે કોઈ એક પદાર્થમા એ બને જાતિ રહેલી નથી. તેથી એ બેનો ભેદ આ બંને વિરુદ્ધ જાતિ વડે થાય છે. તેથી એ ભેદતે વિજાતીય ભેદ છે. અવયવીનો પોતાના અવયવોથી ભેદતે સ્વગત ભેદ છે, વૃક્ષનો પોતાના અવયવરૂપ પુષ્પ, ફલ, પર્ણુઆદિથી ભેદ પ્રતીત થાય છે તે સ્વગત ભેદ છે.

વ્યવહારમાં આ ત્રિવિધ ભેદની પ્રતીતિ થાય છે. વેદાન્તશાસ્ત્ર આ ત્રણે ભેદને અનિર્વચનીય સિદ્ધ કરે છે અને તેથી એ સર્વ વસ્તુતઃ મિથ્યા છે તથા અભેદજ સત્ય છે એ સિદ્ધાન્ત સ્થાપે છે.

भक्तिः—વેદાન્તશાસ્ત્ર દૃઢ અપરોક્ષ તત્ત્વજ્ઞાનનેજ મોક્ષનું સાધન માનેછે. અને એ જ્ઞાનની દૃઢ સિદ્ધિમાં ઉપાસના એ એક બલવાન્ સાધન સ્વીકારે છે. જ્ઞાનનું સાક્ષાત્ સાધન શ્રવણુ મનન છે છતાં તેની દૃઢતા નિદિધ્યાસન તથા ઉપાસના વિના થતી નથી. ઉપાસનાનું એક અંગ ભક્તિ છે, અને એ મુખ્ય અંગ છે. ભક્તિ બે પ્રકારની છે (१) **फलभक्ति** અને (२) **साधन भक्ति** ફલ ભક્તિનું

નામજ મુખ્ય ભક્તિ છે અને તેની અપેક્ષાએ સાધન ભક્તિ એ ગૌણુ ભક્તિ કહેવાય છે. મુખ્ય ભક્તિ અથવા ફલ ભક્તિનું નામ પ્રેમ લક્ષણા ભક્તિ છે અને એનુ સ્વરૂપ આ પ્રકારે બાંધવામાં આવે છે, " ઈશ્વરવિષે પરાનુરક્તિ" તે ભક્તિ છે ત્યાં ઇશ્વરપદથી જીવત્વથી અનવચ્છિન્ન ચેતન્યનુ ગ્રહણ કરાય છે. આથી પુરુષને સ્ત્રી વિષે સ્ત્રીના રૂપ સૌંદર્યાદિને લીધે જે રાગ અથવા પ્રેમ ઉત્પન્ન થાય છે તે ભક્તિ નથી. કારણકે સ્ત્રીરૂપ વ્યક્તિ જીવત્વથી અવચ્છિન્ન ચેતન છે. આજ નિયમથી સ્ત્રીને પુરૂષ વિષે જે રાગ ઉત્પન્ન થાય છે તે પણ ભક્તિ નથી. માતાને પુત્ર વિષે થતો પ્રેમ, પુત્રને પિતાને વિષે થતો પ્રેમ, મિત્રને મિત્રને વિષે થતો પ્રેમ એ આદિ સર્વ પણ ભક્તિ નથી કારણ કે એ પ્રેમના વિષયરૂપ વ્યક્તિ જીવત્વવાળી છે, જીવત્વને અતિક્રમણ એણે કર્યું નથી. એથી ઉલટુ પરમાત્મા વિષેનો પ્રેમ, અધિકારિક દેવો વિષેનો પ્રેમ, શ્રીસદ્દગુરૂ વિષેનો પ્રેમ, ઇશ્વરના-તથા દેવોના અવતારો આદિ વિષેનો પ્રેમ ભક્તિ થઇ શકે છે કારણ કે એ પ્રેમના વિષયરૂપ વ્યક્તિઓ જીવત્વવાળી નથી, કાંતો સ્વભાવથીજ જીવત્વ વિનાની છે અથવા તો પ્રયત્નવડે જીવત્વનું એમણે અતિક્રમણ કરેલુ હોય છે.

ભક્તિના સ્વરૂપમાં બીજું પદ " પરા " છે. એનો અર્થ શ્રેષ્ટ અથવા નિરતિશય છે. તેથી ગમે તેવો પ્રેમ તે ભક્તિ થઈ શકતો નથી. ઇશ્વર વિષે પ્રેમ હોય સાથે તે ઈશ્વરના દ્વેષી વિષે પણ પ્રેમ હોય તો તે પ્રેમ નિરતિશય થતો નથી. નિરતિશય એટલે વધારેમાં વધારે આવો પ્રેમ ખરૂ જોતાં એક વ્યક્તિ વિષેજ હોઈ શકે છે, બે વ્યક્તિ પ્રેમના વિષયભૂત થાય છે તો પ્રેમ તત્કાળ વિભક્ત થઇ જાય છે, પ્રેમ વ્યભિચારી થઇ જાય છે. વ્યક્તિનું નાનાત્વ હોય અને પ્રેમનું અવ્યભિચારિત્વ એકજ રીતે થઇ શકે છે કે ત્યાં એ વ્યક્તિઓ પરસ્પરને અનુકૂળ હોય, એક બીજાના સ્વરૂપરૂપ હોય અથવા એક બીજાની વિભૂતિ હોય આથી ઈશ્વર વિષે પ્રેમ રાખનાર ઉપાસક પણ ઈશ્વર ભક્ત વિષે પ્રેમ રાખે છે અને તે સ્વઇષ્ટના ઉપાસક છે માટેજ પ્રેમ રાખે છે તો એ પ્રેમ વ્યભિચારી નથી ઈશ્વર ભક્ત ઇશ્વરના પ્રતીકરૂપ મૂર્તિપર પ્રેમ રાખે છે તો તેટલાથી એ પ્રેમ વ્યભિચારી થતો નથી. કેમકે એ પ્રતીક ઇશ્વરનો જ છે. આમ જ્યાં તદીયતા અથવા તત્તા સંબંધ હોય છે અને એ સંબંધને લીધે જ તે તે વ્યક્તિ પ્રેમ પાત્ર થઈ રહેલી હોય છે ત્યાં વ્યક્તિનું

નાનાત્વ પ્રેમને વ્યભિચારી કરતુ નથી. એવો અવ્યભિચારી પ્રેમ પણ પુનઃ યથાર્થ ફલ ભક્તિરૂપ થવા માટે નિરતિશય થવો જોઇએ. નિરતિશય પ્રેમ તે જ ભક્તિ છે,

ઉપરની વ્યાખ્યામાં અનુરક્તિ પદ વાપર્યું છે અને માત્ર રક્તિ અથવા રાગ અથવા પ્રેમ એમ કહ્યું નથી પણ "અનુ" પદ વ્યાખ્યામાં વિવક્ષિત નથી. "અનુ"પદ એ ભક્તિના સાધનનો લક્ષ કરાવનાર છે.અનુ એટલે પશ્ચાત્ અર્થાત્ અનુરક્તિ એટલે તે તે વ્યક્તિના મહાત્મ્યના જ્ઞાન, મનન આદિથી પશ્ચાત્ તે વ્યક્તિપ્રતિ ઉદય થતો અવ્યભિચારી નિરતિશય પ્રેમ. આ રીતે એ પ્રેમના ઉત્પાદક હેતુઓનું જ્ઞાન આપવા અર્થે અનુ પદ છે અને લક્ષણમાં વિવક્ષિત નથી.

આ પ્રકારની, જીવત્વરૂપ ઉપાધિથી અનવચ્છિન્ન ઉપાસ્ય પ્રતિનો તેમના માહાત્મ્યના જ્ઞાનાદિને લીધે ઉદય થયેલો તથા ખરી કોટિને પામી નિરતિશય થઇ રહેલો જે પ્રેમ તે રૂપ પ્રેમલક્ષણા ભક્તિ ને ફલ ભક્તિ છે કોઇ કોઇ સ્થળે આથી આગળ પરાભક્તિ નામની ભક્તિ સ્વીકારેલી છે, અને તેને ફલભક્તિ કહી તેના સાધનરૂપ પ્રેમલક્ષણાને લીધી છે. પરાભક્તિ અથવા અનન્યભક્તિ તે છે કે જેમા ઉપાસ્ય અને ઉપાસકનું ઐકય થઇ રહે છે. પ્રેમનો સ્વભાવ જ ભેદને દૂર કરવો અને ઐકયને સ્થાપન કરવુ એ છે. સ્ત્રી પુરુષની વચ્ચે પ્રેમ વૃદ્ધિને પામે છે ત્યારે બનેને આલિગનની ઇચ્છા થાય છે અને પ્રેમના આવેશના પ્રમાણમાં આલિગન દઢ કે અદઢ હોય છે. એ આલિગન બીજું કાંઇ જ નથી પણ બે શરીરો જે વિભક્ત છે તેને એક કરવાનો આંતર આવેશ છે, એ બેને એક કરી સ્થાપવાના કુદરતના પ્રયત્નની દિશા છે. એ બે શરીરો સ્વભાવથીજ ભિન્ન છે અને તે કોઇરીતે ઐકયને પામે તેમ નથી જ છતાં પ્રેમની પ્રવૃત્તિની દિશા એ છે. પ્રેમ શકયઅશકય જોનાર નથી, સભવિત અસંભવિત જોનાર નથી પણ એ જોયા વિના જ ઐકયસિદ્ધિપ્રતિ તેના આશ્રય તથા પાત્રને પ્રયત્નમાં વેગથી જોડનાર છે. આ સામાન્ય ઉદાહરણથી પ્રેમની દિશા સ્પષ્ટ થાય છે. તેથી જીવ અને ઇશ્વર એ બેનો સંબધ પ્રેમરૂપ ભક્તિથી જોડાય છે. ઇશ્વરવિષે જયારે જીવનો પ્રેમ નિરતિશય થાય છે ત્યારે જીવ ઇશ્વરનું ઐક્ય એ સાધવા પ્રેરે છે. વેદાન્તશાસ્ત્રપ્રમાણે ઇશ્વરથી ભિન્ન જીવ છે જ નહિ, જીવ અને ઇશ્વરનું વાસ્તવ ઐક્ય જ છે તેથી પ્રેમવશાત્, યથાર્થ ભક્તિવશાત્ એ ઐક્ય-

નો દૃઢ અનુભવ થઇ રહે એ સ્પષ્ટ છે. આમ હોવાથી પરાભક્તિ અથવા અનન્યભક્તિ એ પ્રેમલક્ષણા પછી થનાર સ્થિતિ છે અને તેથી કોઈ કોઈ સ્થળે પરાભક્તિને પરિણામી ફલભક્તિ અને પ્રેમલક્ષણાને તેના સાધનરૂપ ભક્તિ કહેવામાં આવી છે પણ અહિં ભક્તનો ઈશવિષેનો ઉપાસ્યઉપાસકભાવ સબંધ છુટે છે જ્યારે ઉપાસક ઉપાસ્યરૂપ થઇ રહે છે ત્યારે જીવ બ્રહ્મનું ઐકય જ સિદ્ધ થાય છે અને એ જ મોક્ષની દશા છે, એ જ જીવન્મુક્તિ છે. તેથી એ પરમપુરુષાર્થરૂપ દશાને ભક્તિ નામ આપવું યોગ્ય નથી એમ અન્ય પુરુષો સ્વીકારે છે. પ્રેમલક્ષણાભક્તિથી તત્ત્વજ્ઞાન થાય છે, જીવબ્રહ્મના ઐકયનો દૃઢ અપરોક્ષ બોધ થાય છે અને એને લીધે ઉભયનું ઐકય સિદ્ધ થઇ રહે છે, બ્રહ્મવિદ્ બ્રહ્મરૂપ જ થઇ રહે છે, પણ એ પ્રકારનું ઐકય વેદાન્તનો પરમ પુરુષાર્થ છે અને કોઈના સાધનરૂપ નથી તેથી એ પુરુષાર્થરૂપ અનન્ય સ્થિતિને સાધનત્વ દર્શાવનાર ભક્તિ સંજ્ઞા આપવી યોગ્ય નથી અને પરા ભક્તિ અથવા અનન્ય ભક્તિ એ ખરૂ જોતાં ભક્તિ નથી પણ એક પરાકાષ્ટારૂપ સ્થિતિ છે એ એમના મતનું તાત્પર્ય છે. આમ હોવાથી પ્રેમલક્ષણા એ જ પરિણામી ભક્તિ છે, ભક્તિની ઉચ્ચમાં ઉચ્ચ કક્ષા છે અને તેથી એ જ ફલરૂપભક્તિ છે, એમ એ વિદ્વાનો સ્વીકારે છે.

આ મુખ્ય ભક્તિ તે પ્રેમરૂપ છે અને તેથી કૃતિ કે ઇચ્છાથી સાધ્ય નથી, તેમ જ એ અનિર્વચનીય છે. કોઈને એવી ઇચ્છા થાય કે આજથી અમુક વ્યક્તિપર પ્રેમ રાખવો તો તેટલા માત્રથી તે વ્યક્તિપર પ્રેમનો ઉદય થતો નથી, તે પુરુષ કરી શકતો નથી તેથી પ્રેમ ઇચ્છાસાધ્ય નથી. તેમ જ કોઇ પણ ક્રિયા કરે તો તેટલાથી સાક્ષાત્ પ્રેમનો ઉદય થતો નથી તેથી પ્રેમ કૃતિસાધ્ય પણ નથી. તેમ જ જેને પ્રેમનું સ્વરૂપ ખબર નથી, જેના અંતરમાં પ્રેમ નથી જેને કોઇપણ શબ્દ, કોઇપણ સંક્ષિપ્ત કે વિસ્તૃત પ્રતિપાદન પ્રેમનું ભાન કરાવી શકતુ નથી, તેથી પ્રેમનું સ્વરૂપ અનિર્વચનીય છે, શબ્દમાં નિરૂપણ થઇ શકે તેવું નથી. આજ કારણથી આદ્ય સ્રષ્ટાએ સર્વ જીવોના અંતરમાં પ્રેમનું સ્વભાવથી જ સ્થાપન કર્યું છે, સર્વના અંતરમાં પ્રેમ મૂકયો છે, નાનો કે મોટો, નિકૃષ્ટ કે ઉત્કૃષ્ટ કોઈ એવો જીવ નથી કે જેનામાં ન્યૂનાધિક અંશે પણ પ્રેમ નહિ હોય. કુદરતમાં જે સત્તા અથવા ગુણ કે ધર્મને લીધે બે પદાર્થોનું પરસ્પર આકર્ષણ

થાય છે તે પ્રેમ છે, પછી તે તે વિદ્યામાં તે ગુણ વા સત્તાને ગમે તે નામ આપવામાં આવે. નિર્જીવ પદાર્થમાં આકર્ષણનો હેતુ જે ગુણ કે સત્તા તે જ સજીવ, ચેતન પદાર્થમાં પ્રેમ સંજ્ઞાને પામે છે. આકર્ષણનો નિયમ કુદરતમાં સર્વત્ર પ્રચલિત છે. સર્વ પદાર્થો આકર્ષણના નિયમને અધીન છે એને તેથી આ ભાષામાં કહીએ તો સર્વ પદાર્થો પ્રેમને ધારણ કરી રહેલા છે. આમ હોવાને લીધે પ્રેમનું સ્વરૂપ અનિર્વચનીય છે છતાં પ્રેમનું ભાન સર્વને થાય છે. માત્ર જીવોનુ કર્તવ્ય એ છે કે એ પ્રેમ ગમે તે વ્યક્તિપર તેમને ઉદય થાય છે તેને બદલે જીવત્વરૂપ ઉપાધિથી અનવચ્છિન્ન ચેતનપ્રતિ તેને ઉદય કરાવવો અને જે પ્રેમ નાના વ્યક્તિપ્રતિ વિખરાઇ જાય છે તેને બદલે આવી ઉપાસ્ય વ્યક્તિપ્રતિ તેને સમસ્ત કરવો તથા એ પ્રેમને નિરતિશય કરી સ્થાપવો, આ કાર્ય થતાં તેમને સર્વને પ્રેમલક્ષણાનો ઉદય થયો ગણાય છે અને એ થતાં એમને વાસ્તવ પુરુષાર્થ રૂપ મોક્ષની સિદ્ધિ હાથ વેંતમાં આવી રહે છે અર્થાત્ આશુતર એ સિદ્ધિ થાય છે.

(અપૂર્ણ.)

जेकीसनदास जेठाभाई कणीया.

आपणुं जीवनतंतुयंत्र अने तेनी केळवणी.

(અનુસંધાન સદુપદેશશ્રેણી અંક ૨૯, પૃષ્ઠ ૬૨ થી.)

પ્રારબ્ધ અને પુરુષાર્થ.

હવે પ્રશ્ન એ ઉઠે છે કે આપણા જીવનતંતુઓનો વ્યૂહ જ્યારે યંત્રસમાન છે ત્યારે તેની કેળવણી હોઇ શકે નહિ. પોતાની રચનાના સિદ્ધ નિયમને મૂગે મોંએ તાબે થવાનું કામ યંત્રનું છે. યંત્રમાં કઇ વિચારશક્તિ હોતી નથી કે જેથી તે પોતાની જાતને સુધારી શકે. ઘડિયાળના સર્વ અંગો અને ઉપાંગો રચાઇને તૈયાર થયાં ત્યાંથી એના કર્મમાં તો અમુક નિયમને અનુસરવાનું જ હોય છે. ધણી કુંચી આપે તો કુંચી લેવી અને કુંચી અપાયા પછી કલાક મિનિટ બતાવવાનું કામ અચૂક રીતે બજાવવું એ ઘડિયાળનું જીવન છે. તો પછી જીવનતંતુઓની રચના યંત્રસમાન છે તો તે યંત્રનો વ્યાપાર પણ અચલપણે થવો જોઇએ. સિદ્ધવાદી, યંત્રવાદી અથવા પ્રારબ્ધવાદીની આ શંકા છે, પરંતુ તેનું ઝટ સમાધાન થઇ શકે તેમ છે, અને એ સમાધાન કરવામાં ઘડિયાળનુ સાદૃશ્ય જ આપણને ઉપયોગી થઈ પડે છે. ઘડિયાળ અને ઘડિયાળનો બનાવનાર ભિન્ન છે; ઘડિયાળ અને ઘડિયાળને કુંચી આપનાર ભિન્ન છે; ઘડિયાળ અને ઘડિયાળને સમારનાર ભિન્ન છે; તે જ પ્રમાણે શરીર અને શરીરી ભિન્ન છે. જીવનતંતુઓ અને તે તંતુઓનો ચાલક ભિન્ન છે. આનુ વિસ્તરશઃ પ્રતિપાદન અન્ય પ્રસંગે કરવામાં આવશે. પરંતુ આ સ્થળે લાગુ પડતી તર્કની યુક્તિ એ છે કે *येषु व्यावर्तमानेषु यदनुवर्तते तत्ततो भिन्न यथा कुसुमेभ्यः सूत्रम् । જે બદલાવા છતાં જે સંગળાયલું રહે છે તે તેનાથી ભિન્ન છે, જેમ કે પુષ્પથી સૂત્ર. હાર તો ગુલાબનો હોય, ગુલદાવદીનો હોય, મોગરાનો હોય, કરેણનો હોય અને ગલગોટાનો હોય. પરંતુ એ પુષ્પો બદલાવા છતાં તેમની ગુંથણીમાં આધાર ભૂત સૂત્ર બદલાતું નથી તેથી હારનાં પુષ્પો અને હારનું સૂત્ર ભિન્ન છે. તે પ્રમાણે देहिनोऽस्मिन् यथा देहे એ શ્રીગીતાવાક્યપ્રમાણે શરીરની અવસ્થા બાળક હોય, કિશોર હોય, યુવાન્ હોય, પરિપક્વ હોય અને

---

*જુઓ શાંકર બ્રહ્મસૂત્રભાષ્યના ઉપોદ્ઘાત ઉપર ભામતીવ્યાખ્યા.

વૃદ્ધ હોય, છતાં શરીરને ' મારું ' માનનાર અભિમાની બદલાતો નથી તેથી તે અભિમાનીનો દેહથી ભેદ સિદ્ધ થાય છે, અર્થાત્ શરીર અને શરીરી એક નથી, જીવનતતુઓ શરીરનો જ એક ભાગ છે, તેથી વિકારશીલ છે, પરંતુ જીવનતંતુસાથે સંલગ્ન અભિમાની તો તે તંતુઓની સર્વ અવસ્થામાં અનુસ્યૂત રહે છે, તેથી જીવનતતુઓ અને તેનો ચાલક ભિન્ન છે. આમ હોવાથી યંત્રની સિદ્ધ રચનામાં અને તેના પરિણામોમાં ફેર પડે છે. મોટે ભાગે સત્ય ઉભય પક્ષી જોવામાં આવે છે. અભિમાનીની સત્તા પણ સત્ય છે અને યંત્રધર્મની પ્રવૃત્તિ પણ સત્ય છે. ધારો કે બે માણસ એકી વખતે સરખી કિમત આપી એક જ બનાવટની ઘડિયાળ બજારમાંથી ખરીદે છે. હવે સાત વર્ષ પછી આપણે જોઇશુ તો એક ઘડિયાળ પોતાનુ કામ ધમધોકાર બજાવતી આપણને માલમ પડશે ત્યારે બીજી ઘડિયાળ ભગારમાં જવાની તૈયારી કરતી આપણને જણાશે. કારણ કે પ્રથમ મનુષ્ય પોતાનુ યત્ર બહુ સાચવીને વાપરે છે, વખતસર તેને કુચી આપે છે, તેને સુરક્ષિત રાખે છે, અને વખતો વખત તેની મરામત કરાવી તેના ઉપર કાટ ચઢવા દેતો નથી, જ્યારે બીજા મનુષ્યે પોતાના યંત્રને બેદરકારીથી વાપર્યું છે, તેને નિયમસર કુચી આપી નથી, તેને જ્યા ત્યાં ઠોકર ખાતુ રાખ્યુ છે અને તેના ઉપર કાટના થરના થર ચઢવા દીધા છે. તે પ્રમાણે ધારો કે બે મનુષ્યને ખેડવામાટે એક જ ગામમા એક જ પ્રકારની પચીસ વીઘા જેટલી જમીન આપવામાં આવી છે. આમાંનો એક આળસુ ખેડુત જ્યારે વર્ષમાં એક જ પાક બાજરીનો લે છે અને બીજી ઋતુઓમાં લમણે હાથ દઇ પોતાના દૈવને વખોડતો અને વગોવતો બેસી રહે છે ત્યારે બીજો ખેડુત ઉત્તમ બી વાવી, ખાતર નાખી, કૂવો ખોદાવી ચોમાસામાં બાજરીનો તથા કપાસનો સારો પાક લે છે એટલું જ નહિ પણ બીજી ઋતુઓમાં અનેક પાક ઉત્પન્ન કરી માતબર બને છે. એ જ પ્રમાણે કોઈ શરીરી પોતાની સત્તાના અજ્ઞાનથી અને પોતાની સત્તાવિષે સંશયથી પોતાના શરીરને વશ વર્તે છે અને ક્વચિત્ મહા અનર્થને પ્રાપ્ત થાય છે, તો કોઈ શરીરી પોતાના સામર્થ્યમાં જાગતીજ્યોત શ્રદ્ધાને લીધે પોતાના શરીરને પોતાને વશ વર્તાવે છે અને તેની પાસે શ્રેયસ્કર ક્રિયાપરંપરા આચરાવે છે. અર્થાત્ જીવનતંતુયંત્ર કેળવી શકાય એવી વસ્તુ છે. એ કેળવણી પણ બે પ્રકારની છે.—પરપ્રયુક્ત એટલે બાજાએ આપેલી

અને સ્વપ્રયુક્ત એટલે પોતે આપેલી. એક કુતરીને ત્રણ કુરકુરિયાં અવતર્યાં હોય તો તે બચ્ચાં પોતે પોતાની ઇચ્છાથી પોતાના શરીરને તથા મનને કેળવી શકતાં નથી, પરંતુ મનુષ્યના સંબંધમાં તેમનું ભાવિ ફરી જાય છે. આમાંના એક બચ્ચાને છોડી મૂકવામાં આવે તો કાં તો બીજા કુતરાઓ થોડા વખતમાં તેના પ્રાણ લેશે અથવા તો તે જંગલી સ્થિતિમાં ઉછરશે; સામાન્ય મનુષ્યને બીજું બચ્ચું આપવામાં આવ્યું હોય તો તે મનુષ્ય તેને પાળી મોટું કરશે અને તેનાં બાળકો એ ચેતન રમકડાથી વિચક્ષણ આનંદ પામશે, પરંતુ ત્રીજું બચ્ચું જો કોઈ પ્રાણિવત્સલ વિલક્ષણ મનુષ્યને ઘેર જવા ભાગ્યશાળી થયું હોય તો તેને તે ખાનપાનથી ઉછેરશે અને તેનાં બાળકો તેથી ગમ્મત પામશે એટલું જ નહિ પણ તે તેને અનેક ઉપયોગી અને કઠિન કળાઓ શીખવી સસ્કારી પ્રાણી બનાવી દેશે. તે જ પ્રમાણે બાળકની કેળવણી પરપ્રયુક્ત છે અને તે વિષે સત્ય છે કે मातृपितृकृताभ्यासो गुणितामेति बालक. માતાપિતાથી કેળવાયલો બાળક ગુણી થાય છે. નિરાધાર દશામાં અભિમાનીની સુપ્તાવસ્થાને લીધે પરપ્રયુક્ત શિક્ષણ જેમ શુભાશુભ સંસ્કાર પાડવા સમર્થ થાય છે તેમ અભિમાની જાગ્રત્ થતા તે જાતે શરીર અને મનનો કબજો લે છે, અને તેને શુભાશુભ રીતે કેળવણી આપી શુભાશુભ પરિણામને પ્રાપ્ત થાય છે.

ઉપર કહ્યું તે પ્રમાણે અભિમાનીની સત્તા જેમ સત્ય છે તેમ યંત્ર ધર્મની પ્રવૃત્તિ પણ સત્ય છે. ત્યાં પણ ઘડિયાળનો દૃષ્ટાંત આપણે લઈએ. ઉત્તમ સાચવણીથી ઘડિયાળનો ધણી ઘડિયાળપાસે સ્વકર્મ ઉત્તમ રીતે બજાવાવા શકે છે, પરંતુ ઉત્તમોત્તમ ઘડિયાળ પણ ઘંટી પેઠે અનાજ દળવાનુ કામ, કે સાળી પેઠે કાપડ વણવાનુ કામ, કે ઘાણીપેઠે તલ પીલવાનું કામ કરી શકશે નહિ. ઘડિયાળ તે આખરે ઘડિયાળ છે, ઘડિયાળની રચના તે ઘડિયાળની રચના છે, અને તેથી ઘડિયાળનું ભાવિ બીજા યંત્રોના ભાવિથી ભિન્ન છે એટલું જ નહિ પણ એ જાતની ઘડિયાળની રચનામાં જે સિદ્ધ અંતર હોય છે તે ટાળી શકાતું નથી. વડોદરાના ચીમનાબાઈના ટાવરના ટકોરા રાતે હજારો માણસ સાંભળી શકે છે પરંતુ પોતાના ઘરની ઘડિયાળના ટકોરા પણ એવી રીતે હજારો માણસ સાંભળે એવી આશા રાખનાર મનુષ્યને આપણે અવશ્ય મૂર્ખ લેખીશું. અર્થાત્ પ્રયત્નથી યંત્રની મજબુતીમાં, ટકાઉપણામાં અને કાર્ય સામર્થ્યમાં

વધારો થઈ શકે છે. પરતુ તે વધારાને મર્યાદા હોય છે મનુષ્યના અંતઃકરણને પણ આ નિયમ લાગુ પડે છે. બેશક, મનુષ્યના અંતઃકરણ અને ઘડિયાળવચ્ચે આસમાનજમીનનુ અંતર છે. ઘડિઆળની રચના કર્કશ અને કઠોર હોય છે તો અંતઃકરણ કોમળ અને સ્થિતિસ્થાપક હોય છે છતાં દૈવી ધર્મવાળું અંતઃકરણ પણ આખરે યંત્ર છે. દેશકાળના નિયમને તે અધીન છે, અને તેટલે અંશે તે અભિમાનીના સામર્થ્યને ખાળી નાંખે છે. મનુષ્ય દેવ તો શું પણ ઈશ થઈ શકે છે, પરંતુ ગમે તે મનુષ્ય પોતાને મનમાનતા સમયમાં દેવ તથા ઈશ થઈ શકતો નથી. મનુષ્ય સિદ્ધ થઇ પરમ ગતિને પામે છે પરંતુ ત્યાં પણ નિયમ છે કે अनेकजन्मससिद्धस्ततो । याति परा गतिम् અનેક જન્મનાં ઉગ્ર સુકૃતોના પરિપાકથી સિદ્ધ પદવી મેળવાય છે. અર્થાત્ અંતઃકરણના ધર્મથી અભિમાનીનું બંધન થાય છે એથી ઉલટું અંતઃકરણમાં અમુક શક્તિ રહેલી હોય છતાં તેને સિદ્ધ કરવા અર્થે અભિમાનીના સંકલ્પની એટલે કે પુરુષાર્થની અપેક્ષા રહે છે આ સબંધમા योगवासिष्ठनुं વચન છે કે—દૈવ ત્યારે સાચું કહેવાય કે જ્યારે કોઈ મનુષ્યલિપિ કાલવિદ્ પુરુષો એવો નિશ્ચય કરે કે એ પંડિત થશે, અને તે મનુષ્ય નિશાળે બેઠા વિના, કોઈ પણ પ્રકારનું શિક્ષણ મેળવ્યા વિના, કોઈ પણ પ્રકારનો પરિશ્રમ કર્યાવિના પંડિત બની જાય. આમ જોવામાં આવતું નથી તેથી સિદ્ધ થાય છે કે મનુષ્યની અંદર રહેલી શક્તિઓને સિદ્ધ અથવા ઉદ્‌ભૂત કરવા માટે પ્રયત્નની આવશ્યકતા છે. આથી સ્પષ્ટ થાય છે કે અભિમાનીનું સામર્થ્ય અને અંતઃકરણના ધર્મ બંને સત્ય છે, ગુરુમહિમા સાચો છે તેમ શિષ્યની સસ્કાર સામગ્રી એટલે અધિકાર પણ લક્ષમાં લેવા યોગ્ય છે. ગુરુમહિમાને ઉદ્દેશી આપણાં શાસ્ત્રવચનો સુવિદિત છે. आचार्यवान् पुरुषो वेद । यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ । એ શ્રુતિઓ એમ બોધ કરે છે કે ગુરુવિના જ્ઞાન નહિ, અને શિષ્યે ઈશ્વરતુલ્ય ભક્તિ ગુરુમાં રાખવી જોઈએ; दृष्टांतो नैव दृष्टस्त्रिभुवनजठरे सद्गुरोर्ज्ञानदातुः એ શંકર વાક્ય ઘોષ કરે છે કે જ્ઞાન આપનાર સદ્‌ગુરુનો દૃષ્ટાંત જગતમાં જડે એમ નથી. તો બીજે પક્ષે योगवासिष्ठ ઉચ્ચારે છે કે ज्ञप्तेस्तु कारण शुद्धा शिष्यप्रज्ञैव राघव । જ્ઞાન થવામાં શિષ્યની શુદ્ધ બુદ્ધિ કારણરૂપ છે, भागवत નુ વચન છે કે आत्मनो गुरुरात्मैव પોતાનો ગુરુ પોતે છે, મહાકવિ ભવભૂતિ પોતાના સુપ્રસિદ્ધ શ્લોકમાં કહે છે કે वितरति गुरुः प्राज्ञे विद्यां यथैव

તથા જડે ગુરુ બુદ્ધિમાન્ શિષ્યને જેમ વિદ્યાદાન કરે છે તેમ જડ શિષ્યને પણ કરે છે, પરંતુ ફળપરત્વે તો प्रभवति शुचिर्बिम्बोद्ग्राहे मणिर्न मृदां चय.। નિર્મળ મણિ બિંબનુ ગ્રહણ કરી શકે છે, પરંતુ માટીનો ઢગ પ્રતિબિંબ પાડી શકતો નથી. આ પ્રમાણે ગુરુમહિમા અને શિષ્યાધિકાર બંને સત્ય અને પ્રભાવશાલી છે, પ્રારબ્ધ અને પુરુષાર્થ, નસીબ અને કોશીશ બંનેને અવકાશ છે, અને એ સત્યને અનુલક્ષીને જ પ્રસિદ્ધ વેદમંત્રમાં કહ્યું છે કે सह वीर्यं करवावहै । ગુરુ અને શિષ્ય બનેએ એકત્ર થઇને જ વીર્યયુક્ત ફળની ઉત્પત્તિ કરવાની છે. આથી હવે પછીના લખાણમાં સ્થળે સ્થળે ઉભયપક્ષી સત્યનો પ્રયોગ કરવામાં આવશે.

યાંત્રિકતા.

પૂર્વે કહેવામાં આવ્યું તેમ કેટલીક ક્રિયાઓ અનંતર હોય છે, અર્થાત્ સિદ્ધ રીતે પ્રવર્તે છે. માણુસ ભર નિદ્રામાં સુતેલો હોય પરંતુ તેના મુખઉપર જો ચાર પાંચ માખીઓ બેસે છે તો તે અણજાણ્યે યંત્રની પેઠે પોતાના હાથથી માખીને ઉડાડી મુકે છે; તેમ છતાં જો એ ઉપાધિની નિવૃત્તિ થતી નથી તો જાગી પણ ઉઠે છે. સામાન્ય દેડકાના શારીર વ્યાપારો જ્યારે નિયત હોતા નથી ત્યારે ગોલાર્ધવિનાના દેડકાની શારીર ક્રિયાઓ ચોકસ અને અચૂક જોવામાં આવે છે. વળી વિચાર અને ક્રિયાનુ પણ અદ્ભુત સાહચર્ય દૃષ્ટિએ પડે છે કેરીનું ચિંતન કરવાથી મોંમાં પાણી આવે છે, અર્થાત્ થુંકના માંસપિંડમાંથી થોડા ઘણા થુંકનો પણ સ્રાવ થાય છે, કામુક વૃત્તિથી સ્ત્રીનુ ચિંતન કરવાથી વિવિધ શારીર ફેરફાર થાય છે, પારિસ શહેરનો વૈભવ જાણે આપણે જોતા હોઇએ એવી કલ્પના કરવાથી આંખ સ્વાભાવિક રીતે ફટારાય છે, ગુલાબના અત્તરના ચિંતનથી નાસાગ્રના જ્ઞાનતંતુઓનો સૂક્ષ્મ સળવળાટ થાય છે; આપણા મિત્રસાથે આપણે વાત કરીએ છીએ એમ ચિંતન કરવાથી કાનના જ્ઞાનતંતુઓનો સૂક્ષ્મ ક્ષોભ થાય છે. આમ હોવાથી કેળવણીનું મુખ્ય સૂત્ર એ સ્થાપી શકાય છે કે જેમ બને તેમ શુદ્ધ અને ઉત્તમ વિચારોને અંતઃકરણમાં અવકાશ આપવો જોઇએ, કે જેથી તેને અનુસરતી ક્રિયાઓ પણ શુદ્ધ અને ઉત્તમ થાય, અને સંસ્કારદ્વારા પુનઃ શુદ્ધ અને ઉત્તમ વિચારો પ્રકટાવે. એક મનુષ્ય એક પ્રસંગે કોઈ ઉંચા મકાનને છાપરે ચઢયો. તે પહેલાં તેના

મગજમાં ખાસ કોઈ અમંગલ વિચાર ન હતો, પરતુ છાપરે ચઢ્યો કે તેના મનમાં છાપરેથી પડતુ મૂકવાનો વિચાર સ્ફુર્યો. આ વિચારની અસર તેના સ્નાયુઓઉપર થઈ. તે તે રોકી શકયો નહિ, અને આપઘાત કરવાની અનિચ્છા છતાં તેનાથી પડતું મૂકાઇ ગયું અને તેના રામ રમી ગયા. આ દ્રષ્ટાંત સ્ફુરણની અમર્યાદ અસરનો છે પરંતુ વિચારની સામાન્ય અસરનાં ઉદાહરણ સામાન્ય વ્યવહારમાં સર્વને સુલભ છે. જાહેર ખબર આપવામાં હજારો રૂપિયા ખરચનાર ઉટ વૈદો આ નિયમના ઉપયોગથી જ હજારો મનુષ્યની આંખમાં ધોળે દહાડે ધુળ નાંખી પોતાનાં ખિસાંને તર કરે છે. પોતાનુ ઔષધ જાણે અમૃત હોય એમ તેઓ તેનાં બણગાં ફુંકે છે એટલુજ નહિ પણ નીરોગી મનુષ્યોને રોગની ભાવના થાય, અને નિયમિત જીવન ગાળનારા સદાચારી મનુષ્યોમા અયોગ્ય પ્રમાણમાં વિવિધ વિષયોની વાસના સ્ફુરે એવા પ્રયત્નો તેઓ કટિ કસીને કરે છે. માથું દુખવાથી માંડી ક્ષયરોગ સુધીના વ્યાધિઓનું વર્ણન તેઓ આકર્ષક રીતે કરે છે. વ્યાધિ જૂથના વર્ણનરૂપ જાળમાં ફસાઈ વાંચનાર વિચારે છે " આમાંની કોઇ પણ બલા શું મારા શરીરને વળગી નહિ હોય ? " આ વિચાર થતાં તેના જ્ઞાનતંતુઓમાં ક્ષોભનો આરંભ થાય છે, એવા ઘણા મનુષ્યોની આખરે એ ઔષધ ખરીદ કર્યે સિદ્ધિ છે, એમાંના ઘણાક તો ઔષધના ગુલામ સરખા બની રહે છે.* અશુદ્ધ વિચાર અશુદ્ધ ક્રિયાનો ઉત્પાદક થાય છે અને શુદ્ધ વિચાર શુદ્ધ ક્રિયા કરાવી આખરે પોતાના પ્રભાવથી પરમ પદનો પ્રાપક થાય છે એ શાસ્ત્રનો ધોરી સિદ્ધાંત છે. અષ્ટાંગ બ્રહ્મચર્યની સ્થાપના પણ આને આધારે છે. ત્યાં સ્મરણ અને સંકલ્પ મનોનિષ્ઠ હોવા છતાં દૂષિત છે, કારણ કે સ્મરણ થતાં અનુભવ લેવાની વૃત્તિનો ઉદય થાય છે તથા કીર્તન કેલિ આદિમાં તે વિસ્તાર પામે છે, અને સંકલ્પનો ઉદય થતાં નિશ્ચયદ્વારા તેનું ક્રિયામાં વિકસન થાય છે.

વિચારનું જેમ ક્રિયામાં પરિણામ પામવાનું વલણ હોય છે તેમ ક્રિયાનું તે અથવા તત્સમાન ક્રિયારૂપે અનુકરણ કરાવાનું વલણ હોય છે. મનુષ્ય એક અનુકરણશીલ પ્રાણી છે એમ કોનો અનુભવ

* પ્રત્યેક વિચાર ક્રિયામાં પરિણામ પામે છે જ એમ કહેવાનું તાત્પર્ય નથી. વિરોધી વિચારથી ક્રિયા થતી અટકાવી શકાય છે.

સાક્ષી પૂરતા નથી ? વિવેક શક્તિની ખામીને લીધે બાલ્યાવસ્થાને આ સિદ્ધાંત ખાસ લાગુ પડે છે. બાળકને અનુકરણ કરવા માટે ઉત્તમ નમૂના પૂરા પાડનાર માતાપિતાએ તેની કેળવણીનુ એક પ્રધાન અંગ સિદ્ધ કર્યું છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી, યુવાવસ્થામાં દારુડિયાની સંગતિથી મનુષ્ય દારુના વ્યસનમાં સપડાય છે અને શિષ્ય શિક્ષકજેવો થાય છે એ જો સત્ય છે તો પછી જીવનતંતુઓ જે દશામાં અત્યંત કોમળ છે એવી બાલ્યાવસ્થામાં મનુષ્ય પોતાની પરિસ્થિતિના રંગથી ઝટ રંગાઇ જાય એ સ્વાભાવિક જ છે. મુખ્યત્વે કરી નોકરને હાથે ઉછરેલા બાળકના વિચારમા, ઉચ્ચારમાં અને આચારમાં ગ્રામ્યતા દાખલ થઇ ગયેલી જોવામાં આવે છે, જ્યારે સંસ્કારી મનુષ્યોના મુખ્ય સહવાસવાળું બાળક એ ત્રણે અંગમાં મનોહર સંસ્કારિતાને સ્ફુટ રીતે પ્રદર્શિત કરે છે. અનુકરણનો મહિમા શિશુ દશાથી માંડી અંતિમ એક દડા શ્વાસપર્યંત વિસ્તરેલો જોવામાં આવે છે. જગત્ મોટે ભાગે અનુકર્તાઓનુ બનેલુ હોય છે. આદર્શરૂપ મનુષ્યો એટલે નેતાઓ બહુ વિરલ હોય છે. પરંતુ બાલ્યાવસ્થા અને યુવાવસ્થામાં એ ભેદ છે કે અનુકરણના નમૂના બાળક નિર્ણીત કરી શકતું નથી, જ્યારે યુવકને તો વિવેક હોય છે કે શાનુ અનુકરણ કરવું અને શાનું ન કરવુ. સત્સંગનું નિઃશેષ રહસ્ય આ અનુકરણના સિદ્ધાંતમાં આવી જાય છે, ગુરુનાં વિચારવાણી વર્તન શિષ્યમાં આપોઆપ સંક્રાંત થઇ જાય છે, અને स्वीय साम्यं विधत्ते શિષ્ય અંતે બ્રહ્મનિષ્ઠ સદ્દગુરુમય થઇ જાય છે એ શંકર ભગવાનની ઉક્તિ લેશ પણ અયથાર્થ નથી.

(અપૂર્ણ)

कौशिकराम विघ्नहरराम महेता.

जनसेवा.

જ્ઞાનનો પ્રકાશ જેમ જેમ મનુષ્યના હૃદયમાં દિવસે દિવસે વધતો જાય છે તેમ તેમ મનુષ્યને કર્તવ્યના વિશાળ ક્ષેત્રો જણાવા માંડે છે. અનેક દિશામા રહેલા ગુપ્ત અથવા પ્રકટ સામર્થ્ય આદિને શોધવાનુ સ્ફુરણ થાય છે. અને પ્રયત્ન—સાચો ઉગ્ર પુરુષાર્થ કરવાનો વેગ, હૃદયના સત્ય આવેશપૂર્વક અને બુદ્ધિના પકવ નિશ્ચય-સાથે જાગ્રત્ થઇ રોમેરોમ ચૈતન્યની જ્યોતિ જગાવી મૂકે છે.

મનુષ્ય માત્રની ભાવના પોતાનુ જ કલ્યાણ કરી, પાતેજ સુખી થઈ બેસી રહેવાની હોતી નથી, પરતુ પોતે સુખના પ્રયત્નો સિદ્ધ કરવાની સાથે, પોતાની સાથે અનેકને તેવા પ્રયત્નમાં જોડવાની પ્રબળ ઇચ્છાવાળી હોય છે તેને એકલા સુખી થઈ પડી રહેવાનું જરા પણ ગમતુ નથી, તે પોતાના સુખના સહભાગી ઘણાને જો-વાની ઇચ્છાવાળો હોય છે જ માત્ર જેની દૃષ્ટિમર્યાદા વિશેષ વિકા-સને પામેલી હોતી નથી તે પોતાના સુખના ભાગી પોતાના અત્યત સકુચિત સંબધીઓને જ માને છે, અને તેમના તરફ દૃષ્ટિ વાળેલી રાખે છે પરતુ જેમ જેમ જ્ઞાન વધે છે, તેમ તેમ પોતાના શારિર, માનસ, નૈતિક, રાજકીય તથા આત્મિક વિગેરે સ્વરૂપનુ વિશેષ શોધન થાય છે, તેમ તેમ દૃષ્ટિ અત્યત વિશાળ થઇ, સુખના સ-હભાગી થનારના વિશાળ અને વિશાળ મડળની કલ્પના કરવા માંડવામાં આવે છે અને સર્વના તરફ હાથ વિશેષ અને વિશેષ લંબાવાનો યત્ન થાય છે. જે ભાવના આરંભમાં પોતાના જ તરફ વળેલી હતી તે, ગૃહતરફ, સંબંધીઓતરફ, જાતિતરફ, દેશતરફ અને સમગ્ર વિશ્વતરફ ફેલાતી જાય છે. સુખ અને કલ્યાણનુ વા-સ્તવ સ્વરૂપ. પોતાનામાં જ સમાયેલું એકલુ માનવામાં આવતું તે હવે અનેકમાં—સર્વમાં જણાવા લાગે છે અને સર્વને તેમા ભાગ આપવા તૈયાર થઇ જવામાં આવે છે. વિશેષમાં, જેમ જેમ સમગ્ર લોકસાથે પોતાનુ સુખ જોડવાનો નિશ્ચય થાય છે તેમ તેમ પોતાનું જ સુખ અનંત ગુણુ વધતા જવાનું સત્ય જ્ઞાન અનુભવથી પ્રાપ્ત થતું જાય છે.

પણ સુખની કે આત્મ કલ્યાણની અલ્પ ભાવનામાંથી આવી મહાન્ અને સર્વોત્તમ કલ્યાણની સ્થિતિએ પહોંચવાની વાત ક્રમવાર સિદ્ધ થાય તેવી છે. ઉતાવળથી નિયત પગલાં ભર્યા વિના કોઇ મનુષ્ય પહેલેથી છેવટ સુધી એકાએક પહોચી શકે તેમ નથી. કોઈ પણ મહાન્ વસ્તુના હિમાયતી થઇ બેસવાનુ કામ સરલ નથી. તેમાં આત્મનિરીક્ષણ કરવાની અને સ્વયં સેવકપણું સિદ્ધ કરવાની અત્યંત કુશળતા મેળવવાની અનિવાર્ય અગત્ય હોય છે. જે જે મનુષ્ય આરંભનાં પગલાં ભરવાનાં પોતાના માટે જ ભૂલી જાય છે તે તે મનુષ્ય પોતે કદી પણ આગળ વધી શિખરે પહોંચવા ભાગ્યશાળી થતો નથી, તેમ અન્યને જાતિઅનુભવનો ચારિત્ર્યના ઉત્તમ દૃષ્ટાંતથી બોધ આપી કર્તવ્યના વિશાળ અને ઉપયોગી ક્ષેત્રમાં વાળી શકવા સમર્થ થઈ શકતો નથી. જનસમાજનો અત્યંત મોટો ભાગ એવો છે કે તેના આગળ ઉત્તમ ચારિત્ર્યવાળો નેતા હોય તો જ તેના આગળ પોતાનુ મિથ્યા અભિમાન છોડી દઇ વિશેષ પકવ અને અનુભવી મતિના નિશ્ચયને અનુસરવાનું પગલુ ભરે છે. નહિતો ઘણા મનુષ્યો પોતાનો અલ્પમતિના નિશ્ચયને સહજ ચેષ્ટાથી ફેરવી નાંખવા કદી પણ આગ્રહ ધરતા નથી, અને અનુસરવાનો કે અનુભવ લેવાનો શ્રમ લેવા આળસ કે પ્રમાદને છોડતા નથી.

જગત્ અન્યાય અને અવિવેકથી ભરેલું લાગે, અને તેની કૃતિ અત્યંત નિંદ્ય જણાતી હોય, તો પણ જેમણે જેમણે યથાર્થ આત્મસેવા અને યથાર્થ જનસેવા કરવાની ભાવના હૃદયમાં સ્થાપી છે તેમણે તેમણે જગત્ અને તેમાં નિવસનારાતરફ ઉપરના ભાગમાં નહિ તો, મધ્યે અથવા ઉંડાણમાં કુદરતના કે ઈશ્વરના એક મહાન્ સત્ય સંકલ્પને એક સત્ય ઉપયોગી સુંદર વસ્તુને જોવાની તીવ્ર દૃષ્ટિ સદોદિત ઉપસ્થિત રાખવી ઘટે છે.

ખોટું, તુચ્છ, અને ઉપરના ભાગમાં, વિવેકી અને અવિવેકી, બુદ્ધિમાન્ અને બુદ્ધિહીન સર્વ જોઈ શકે છે. પરંતુ વિચક્ષણ બુદ્ધિમાન્ મનુષ્યની વિશેષ દૃષ્ટિ એટલી જ હોય છે કે તે વસ્તુ માત્રના પૃષ્ઠ ભાગમાં કોઇ એકાદ અંશ પણ સત્યવાળો, જ્ઞાનવાળો, સૌંદર્યવાળો, પ્રેમવાળો કે તેવા જ કોઈ ઉત્તમ ગુણધર્મવાળો જૂએ છે અને તેને પોતાના હરેક પ્રયત્નથી ક્રમવાર બહાર લાવવા યત્ન કરે છે. તે અંધ કે મૂર્ખ નથી કે બહારની અસત્ય વસ્તુને જોઇ જાણી શકતો

નથી. પરંતુ તે વિશેષ દૃષ્ટિવાળો છે અને તેથી તે વસ્તુના અંતર ભાગમાં કોઇ શુદ્ધ સ્થાયી તત્ત્વને જૂએ છે અને તેમાં મોહ પામી પોતાના અંતરના બલવડે તન મન આદિ સમગ્ર સામગ્રીસાથે જોડાઇ તે વસ્તુને ઉપર તરતી કરવા મથન કરે છે

જ્યારે મનુષ્ય જનસમાજના સમગ્ર શરીરમાં અર્થાત્ તેના શારિર, માનસ, નૈતિક, રાજકીય, તથા આત્મિક સંબંધમાં કોઇને કોઇ ઉત્તમતાને જૂએ છે ત્યારે જ તે જનસમાજની સાથે સહાનુભૂતિ રાખી તેનો સ્નેહસંબંધ બાંધે છે અને પરિણામે તે સ્નેહ સુખના કે કષ્ટના અનેક માર્ગો કાપી સુખના લક્ષ્યપ્રતિ દોરવાય છે. સહાનુભૂતિ અને સ્નેહસંબંધ એ બે એવા ગુણ છે કે પ્રત્યેક મનુષ્યને શુદ્ધ ક્રિયાતરફ દોરી સેવાના ઉત્કૃષ્ટ કાર્યો કરાવે છે. જ્યાં જ્યાં એ બેનો સદ્‌ભાવ ત્યાં સેવા એ પરમ ધર્મ સમજાય છે અને જ્યાં જ્યાં તે બે ગુણનો અસદ્‌ભાવ ત્યાં સેવાનું શૂન્ય જણાય છે

ગમે તેવી સ્થિતિમાં મનુષ્ય કે સમાજનું અંગ આવીને પડયું હોય તોપણ તેનામાં સત્ય અને અસત્ય, શુદ્ધ અને અશુદ્ધ, વિકાસ અને વિનિપાત એ બેને સમજવા તરફ વલણ કાયમ જ રહે છે. ઘણે પ્રસંગે તેવા વિવેકને અનુસરવાનું બળ તથા તેથી ઉલટા ક્રમને ક્ષણિક સુખની લાલચોની સામે લઢવાનું પરાક્રમ હોતું નથી. તોપણ જે કંઇ સત્ય, શુદ્ધ અને ઉન્નતગામી બીજ પરમાત્મસત્તાથી રોપાએલું છે તે બીજ કુશળ માળીના વિવેકભર્યા ખાતર પાણી અને શ્રમવડે અવશ્ય ઉત્તમ ફલ પ્રકટાવશે અને તે ફલ બીજના સ્વભાવ તથા કેળવનારના આશ્રયથી, સત્યમય, શુદ્ધમય અને વિકાસમય હોવામાં કોઇપણ રીતે અસંભવ છે એમ કહી શકાશે નહિ.

સત્ય, જ્ઞાન, સુખ વગેરે મેળવવાના સર્વ અધિકારી છે, કારણ કે તે મેળવવાનાં શારિર તથા માનસ વિગેરે સાધનો પ્રત્યેકને સહજ પ્રાપ્ત છે, કુદરતની તથા ઇશ્વિરની કેટલીક ઉત્તમ બક્ષીસ મનુષ્યને મળેલી છેજ અને તેથી પ્રેમ પ્રકટાવવાનું તથા સહાનુભૂતિ રાખવાનું કારણ શોધતાં સહજ જડે તેમ છે.

પ્રેમ તથા સહાનુભૂતિવિના જનસેવાનું કાર્ય આગળ વધતું જતું નથી અને તેનું પ્રથમનુંજ પગથિઉં જે જનસમાજમાં કોઇ ઉચ્ચ લક્ષણને પારખવાનું છે તે પારખી શકાતું નથી. તુચ્છતાની

દૃષ્ટિ કાયમ રહેતાં સુધારાની કે પ્રગતિની આશા ભાગ્યે જ બાંધી શકાય છે. વર્તમાન સુધારકોમાંના ઘણાનો પ્રયત્ન વારંવાર નિષ્ફળ જવામાં મુખ્ય હેતુ એ જ છે કે તેઓ જેમને ઉદ્દેશીને બોધ કરે છે અને જેમની સેવા કરવાનુ જણાવે છે તેમના તરફ તેમની દૃષ્ટિ મોટે ભાગે નિકૃષ્ટતાને જ જોવા યત્ન કરે છે. નિકૃષ્ટતા જોનાર સદ્ વસ્તુને ઉગાડવા શક્તિમાન્ થતો નથી. તેને નિકૃષ્ટતાના કાંટાજ દેખાયા કરે છે. અને તે કાટાથી પરસ્પર એક બીજાને ક્લેશ ઉત્પન્ન કરે છે.

સુધારાની અને પ્રગતિની ઇચ્છા રાખનાર વિવેકી સજ્જને નિકૃષ્ટભાવના છોડી દઈ વસ્તુમાં જે કાઇ ઉચ્ચ અંશ છે, તેને જોઈ તે વધારવા, તેને ઉત્તેજન આપવા સાચા હૃદયથી મથવું જોઇએ. અને જેમ જેમ તે એકાદ શુભ ભાવનાનુ ફૂલ પ્રકટ થતુ જશે તેમ તેમ આજુબાજુની મલીન અને તુચ્છ ગણુતી બાબતો સ્વત શોષાઈ જવાનો કુદરતી રીતે જ માર્ગ થશે.

નિર્વેદવાદ—અશુભને જોવાનો માર્ગ કોઈ થોડા અંશમાં સહજ ઉપયોગી જણાતો હશે તોપણુ અનિર્વેદવાદ શુભને જોવાનો માર્ગ હજાર રીતે ઉપયોગી અને કોઈ એકાદ અશમાંજ નિરુપયોગિ જણાતો હશે. નિર્વેદવાદથી સુખ એક પ્રસગમાં જણાતુ હશે તો દુઃખ અનેક પ્રસંગમાં જણાયુ હશે અને અનિર્વેવાદથી દુઃખ એક પ્રસંગમાં જણાયું હશે તો સુખ અનેક પ્રસંગમાં જણાયુ હશેજ.

જનસમાજની સાચી સેવા કરવા ઇચ્છા રાખનારે પોતે જે માર્ગ લીધો હોય અથવા લેવાની તીવ્ર ઇચ્છા હોય તેમણે તે માર્ગના શુભ ભાગને જનસમાજમાંથી કોઇ પણ રીતે શોધી કાઢવા યત્ન કરવો જોઇએ અને તેને ઉત્તેજન આપી પ્રત્યેક પ્રસંગે પોતાની ઉચ્ચ ભાવના દૃઢાવવા સદ્બુદ્ધિ અને સદ્વિવેકવડે યત્ન કરવો.

જનસમાજની સેવાનાં વિવિધ કાર્યો છે. તેની શારીરિક, માનસિક, નૈતિક, રાજકીય, આર્થિક, સામાજીક, ઔદ્યોગિક તથા ધાર્મિક એમ વિવિધ પ્રવૃત્તિઓ છે અને તે સર્વ શાખામાં બને તેટલી સેવાનો અવકાશ છે. જેમણે શારિરીક સ્થિતિની બાબતમાં સુધારણા અને સેવા કરવા પોતાનું લક્ષ્ય સ્થાપ્યું છે તેમણે તેમના શરીરને બળ તથા સૌંદર્યયુક્ત કરનાર તેમના આંતર જીવનતરફ દૃષ્ટિ ફેરવી તેના બહિર વિકાસ અર્થે સ્થૂલ તથા સૂક્ષ્મ જે જે શરીર શાસ્ત્ર,

તથા માનસ શાસ્ત્રની જ્ઞાનની ભાવનાઓ આચારમાં મૂકવા જેવી હોય તેનો બોધ તથા દૃષ્ટાંત વારંવાર તેમના આગળ ખડાં કરવાં જોઇએ અને તે દ્વારા પ્રાપ્ત થતા સુખ, આનંદ વગેરેનું દૃષ્ટિસમીપ ચિત્ર સતત લાવ્યા કરવું જોઇએ. શરીરનાં સુખો, શરીરનાં સૌંદર્ય વગેરે કેટલાં ઉચ્ચ પ્રકારે મનુષ્ય મેળવી શકે છે અને તેથી તેના સર્વ જીવનઉપર કેવી ભારે ખુમારી છવાઇ રહે છે તે તે સંબંધનાં શાસ્ત્ર, વિદ્યા, તથા વાસ્તવ સિદ્ધ દૃષ્ટાંતદ્વારા યુક્તિપ્રયુક્તિથી સચોટ જણાવવું ઘટે છે, જ્યાં ત્યાં જ્યારે જોઇએ ત્યારે તેવા ઉત્તર અર્થને સિદ્ધ કરનારી ત્રિવિધ બાબતો સ્થાપવી ઘટે છે અને તેનો ઉપયોગ સરળપણે તથા નિ:સંકોચપણે થતો જોવામાં તેના ઉદ્દેશને સત્વર સિદ્ધ થવાનુ દ્વાર જાણી હર્ષ માનવો પડે છે આરોગ્ય મંદિરો બાંધી, આરોગ્યના પૂર્ણ સુખો મેળવવા સુધીનાં નાનાં મોટાં પ્રત્યેક સાધનને ઉત્તેજનથી, કલાથી અને કારીગીરીથી શણગારવાં ઘટે છે. તે નાનાં મોટાં, સ્ત્રી, તથા પુરુષ સર્વને હમેશનું એક અત્યંત આકર્ષક સ્થાન થઈ રહે તેવી સુ વ્યવસ્થિત રીતે યોજવામાં કુશળતા દર્શાવવાની અગત્ય છે.

આ જ પ્રમાણે જે જે અન્ય વિવિધ પ્રવૃત્તિઓ જનસમાજના અગરૂપ છે અને જેમાં તેનું સુખ શમાએલુ છે તે સર્વ સર્વોત્તમ રીતે તે તે કાર્યના હિતચિંતક સ્ત્રી પુરુષોએ આગ્રહથી અને ઔદાર્યથી તેને સર્વ વ્યવસ્થાપૂર્વક ગોઠવવાની અપેક્ષા રહે છે. દૃષ્ટિ સમીપ ઉચ્ચ આદર્શ રચ્યાવિના સમાજનો મોટો ભાગ આળસ તથા પ્રમાદથી દબાઇ ગએલો કદી પણ જાગ્રત્ થતો નથી. તેને ગાઢ નિદ્રામાંથી જગાડવા ઉગ્ર પુરુષાર્થી વીરોએ સંકલ્પ કે વિચાર તથા વાણીના યુદ્ધથી અર્થની સિદ્ધિ કરવા પુરતુ લક્ષ આપી બેસી રહેવાનું નથી પણ ક્રિયા અને આચારની સિદ્ધિ દર્શાવી આપી તેમની દૃષ્ટિસમીપ હરતાં ફરતાં, ખાતાં પીતાં સર્વ સ્થળે અને સર્વ સમયે જાગતું અને જીવતું ચિત્ર ખડું કરવાની ફરજ ધ્યાનમાં રાખવાની છે.

મનના વ્યાપારોને ઉત્તમ રીતે વધારી મનોબળની અનેક શક્તિઓ દાખવવા, મનના પ્રદેશના સાધન અને સામગ્રી, શાસ્ત્રો અને કલા, નિપુણ પુરુષો અને સ્ત્રીયો: એ સર્વના અસાધારણ ઉદય, સામર્થ્ય ઉપયોગિતા તથા સુખનાં ચિત્રો જનસમાજના મનના અણુઅણુઉપર ઉગ્ર છાપ પાડે તેવી રીતે લાવવા મનના રાજ્યકર્તાઓએ

તેમનો એક સુંદર મહાલય બાંધવો આવશ્યક છે. ત્યાં પ્રેમથી સર્વનું આકર્ષણ કરવાનું છે. વૃત્તિઓને અયોગ્ય દબાણ વિગેરેથી બળ યુક્ત કરવાનો યત્ન કરાવવા કરતાં વૃત્તિમાંથી ઉચ્ચ ભાવનું ઉત્તેજનથી, આનંદથી કે સ્વતંત્ર પરાક્રમથી પ્રકટી કરણ કરાવવા પ્રધાન લક્ષ્ય સ્થાપવાને તથા પુરુષોએ સતત સાવધાન રહેવાનું હોય છે, અને તેવો જ આગ્રહ સર્વનો ચાલુ રાખ્યા કરવાનું લક્ષ બાંધી પ્રવૃત્તિમાત્ર દોરવાની હોય છે.

આ જ પ્રમાણે અન્ય સર્વ બાબતોમાં વિદ્યાની સામગ્રીવડે, કલાની સામગ્રીવડે તથા સત્ય, મનને તથા શરીરને ક્રિયામાં ઉત્તેજન આપી કાર્ય કરાવવા અખંડ પ્રેર્યા કરે તેવાં જ્વલંત દૃષ્ટાંતોવડે, જે તે બાબતો શણગારવી ઘટે છે અને તેમને તેમને અનુકૂળ સર્વ પરિસ્થિતિ રચી કાઢવા આગ્રહ બાંધવો પડે છે

જનસેવાનુ કાર્ય અત્યંત મહાન્ છે. તેમા મનુષ્યનુ સર્વ પ્રકારનુ કલ્યાણ સધાય છે. તે આત્માનુ, મનનુ, શરીરનુ અને સામાજીક વ્યક્તિ તરીકેનુ પોતાનુ સર્વ ઉત્તમ રીતે સાધવા શક્તિમાન્ થાય છે અને જે જે સદ્ગુણ તે તે પ્રકારના હિતમાટે કેળવવા અગત્યના હોય તે, તે મનુષ્ય કેળવી શકે છે. પરન્તુ હિત સાધતાં પોતાનું હિત તે અનંતગુણઅધિક સ્વભાવિક રીતે કરતો જાય છે. શરીરની દુર્બળતા હોય તો તેને જીતી શરીરે સબળ થાય છે, મનની દુર્બળતા હોવ તો તેને જીતી મનોબળયુક્ત થાય છે, હૃદયની દુર્બળતા હોય છે તો તેને જીતી ઉત્તમ હૃદ્બળ મેળવે છે. અને સમાજમાં નહિવત્ વ્યકિત ગણાતી હોય તો તે સમાજમાંથી અનેકના પ્રેમને મેળવી સબળ થાય છે. સેવા કરનારની સેવા કદી પણ નિષ્ફળ જતી નથી. તે સેવા સામર્થ્ય, કેળવણી અને ચારિત્ર્યના રૂપમાં મૂર્તિમંત થાય છે જ. કર્તવ્ય પ્રાધાન્ય અને જ્ઞાતવ્યમાત્રની પરિસીમા જે ઉત્તમ ચારિત્ર્યને સિદ્ધ કરવાની છે તે જનસેવાના કાર્યમાં સહજ ક્રમેક્રમે સિદ્ધ થાય છે

આ પ્રમાણે છતાં મનુષ્યમાત્રે કોઇ પણ એક અંશ ગ્રહણ કર્યો તેને માટે અંધપણે પ્રયત્ન કર્યા કરવાનો દુરાગ્રહ પકડી રાખવાનો નથી. અને તેના યત્નમાં બીજા પણ તેવા જ ઉપયોગી કાર્યની અવગણના કરતા જવાની મહાન્ ભૂલને અવકાશ આપવાનો નથી. ઘણા આગ્રહી મનુષ્યો એકાદ પક્ષને પકડી અન્ય સર્વના તરફ અરુચિ બતાવે છે તથા તેનાં કાર્યોને તોડી પાડવા માટે પણ યત્ન સેવે છે તે અત્યંત નાપસંદ કરવા જેવું છે. તેવા આગ્રહથી એક બાજુ ચણી બીજી બાજુને લાત મારવા જેવું થાય છે કે જે પ્રહાર પરિણામે

પોતાના જ કર્તવ્યને આડી રીતે મજબુતી ન પકડવા દેવાનું કારણ થઇ રહેછે. વર્તમાન સુધારકોમાંના કેટલાકમાં આવો દોષ ઘણે ભાગે જોવામાં આવે છે અને તેથી પણ તેમની તથા તેમના કર્તવ્યની કિમત જન-સમાજ ઓછી આંકવા ખચકાતો નથી. તો પછી એવી સ્થિતિમાં તેમનું કાંઈ પણ શ્રવણ કરી આચારમાં મૂકવા સુધી આગળ આવી શકે એમ બને કયાંથી જ.

સમાજની સેવાના કર્તવ્યમાં તેના ઉપયોગી કોઇ પણ અંગને તુચ્છ ગણી કાઢવાનું નથી. એક મનુષ્યથી સર્વ પ્રકારનું કામ થઇ શકે તેવું કાંઈ હોતું નથી. પ્રત્યેક પોતપોતાને અનુકૂલ માર્ગ લઇ સેવામાટે યત્ન કરે છે પણ તેથી બીજા કોઇ વિષયમાટે હલકા શબ્દો વાપરવાની અગત્ય પડતી નથી ગોળ ન ભાવતો હોય તો શર્કરા કે ખાંડનાં વખાણ કરવાં અને તેના ગુણ ગાવા તે યોગ્ય ગ-ણાય પણ તેથી ગોળની અવગણના કોઇ પણ રીતે કરવાનો સાથે સાથે આગ્રહ બાંધવો જોઇએ તેવું કાંઇ હોવું જોઇતુ નથી વસ્તુને સિદ્ધ કરવા તેના પરમ ઉચ્ચ આશય, અને ઉપયોગિતાને અનેક રીતે દર્શાવવા તથા તેના ક્રમવાર ઉપાયો બતાવવા એ જ છે કોઈ વિરોધિ વસ્તુનુ વારવાર ખડન કરવા જતા તે વસ્તુ જ નજરઆ-ગળ વિશેષ અને વિશેષ આવતી જાય છે અને તેને અણધારેલી રીતે પુષ્ટિ મળતી જાય છે એવો એક માનસ શાસ્ત્રનો પણ સાધા-રણ નિયમ છે. નહિ ગમતી વસ્તુને દૃષ્ટિમાથી અને વિચારમાથી બાતલ કરવી એ જ તે વસ્તુનો સત્વર અંત લાવવાનો સહેલો અને સરળ ઉપાય છે અને ગમતી વસ્તુને દૃષ્ટિમા અને વિચારમા સતત પ્રકટ કર્યા કરવાના અનેક ઉપાયો લીધા કરવા તે તેને પ્રત્યક્ષ કર-વાનો સરળ અને સહેલો ઉપાય છે ખડન કરવા કરતાં મડન ક-રવાનાં જે જે કાર્યો છે તે ઘણાં જ છે. તેનુ ક્ષેત્ર અત્યત વિશાળ છે અને તેમાં મન તથા મતિને જોડના કર્તવ્યના સમૂહનો પાર રહેતો નથી કે નજીવા કાર્યમા મિથ્યા બળનો ક્ષય કરવાની જરૂર પડે. મંડન કરનારી ક્રિયાઓ બળનો મોટો જથો હમેશાં જયાં ત્યાંથી ઉભો કરે છે અને તેનો ઉપયોગ કરતાં બન્ને પક્ષ બળવાન્, તેજ-સ્વી અને દીર્ઘ આયુષ્યને ભોગવનાર થાય છે.

જનસેવાના કર્તવ્યમાં ખંડન કરવાના વિધિકરતાં મંડન કરવાના વિધિને અનેકગુણવિશેષ પસંદગી બતાવવાની અગત્ય છે, એ પ્રત્યેક મનુષ્યે હમેશાં લક્ષમાં રાખવાનુ સૂત્ર છે. કારણ જે કાંઈ ઉચ્ચ અને શુદ્ધ થાય છે તે કનિષ્ટ અને અશુદ્ધનું રૂપાંતર થ-ઈને જ થાય છે. અને રૂપાંતર થવામાં પુષ્કળ ઉત્પાદક બળની ક્રિ-યા જ કામે લાગે છે.

જનસમાજના શરીરમાં–સામાજીક શરીરમાં અસ્તોવ્યસ્ત થઇ ગએલું બળ, તથા તેને કોઇ સુવ્યવસ્થિત રીતે ક્રિયામાં યોજાએલુ, ઘણું અલ્પ જોવામાં આવે છે, તથા કેટલાક હલકા ભાવ ઘણા જાગ્રત્ થએલા જણાય છે, પરંતુ જો તે સર્વને ઉત્તમ નેતાવડે વિધિપૂર્વક ક્રિયામાં યોજવામાં આવે તો તે મહાન્ કાર્યો કરવા સમર્થ થાય તેમાં કશો જ સંશય નથી. જે કાંઇ તેમનામાં કનિષ્ટ અને અશુદ્ધ જણાતું હોય તે કાંઈને કાંઇ ઉચ્ચ અને શુદ્ધ કરવાનો પ્રયાસ કરવાનો છે. નીચે વહેતી ગંગાને ઉંચે વહેતી ગંગા બનાવવાની છે. ગટરના કાદવ તથા પાણીને ઉત્તમ ખાતર વગેરેમાં સાચા રસાયણશાસ્ત્રની પેઠે બનાવવાનાં છે. કોલસાના નિરુપયોગી માનેલા ભૂકામાંથી મૂલ્યવાન્ ઔષધિઓ, ચિત્રવિચિત્ર રંગો વગેરે બનાવવાના છે. નકામુ, નિરુપયોગી, ફેંકી દેવા જેવું વિચારશીલદૃષ્ટિને કાંઇ જ જડે તેમ નથી. બુદ્ધિને ઉપયોગ ન સુઝે ત્યારે જ વસ્તુને તુચ્છ, વિસર્જન કરવા જેવી લાગે છે. સૂક્ષ્મ મતિ હમેશાં રાઇમાંથી પર્વત રચવાનો યત્ન કરે છે. અલ્પમાંથી મહાન્ થવાનો યત્ન કરે છે, કોડીમાંથી કરોડ ઉપજાવવા કટી કસે છે.

સામાજિક કર્તવ્યમાં વળી, એક વિશેષ અને મહત્વના સદ્ગુણની જરૂર રહે છે અને તે એ કે નિર્ભયતા બીકણપણુ કાર્યને મૂળથીજ ચગદી નાંખે છે. ઉંચુ આવવા દેતુ જ નથી. નિર્ભયતા કાર્યને પુષ્ટિ આપી સત્વર આગળ લાવે છે અને જ્યાં ત્યાં તેના ડંકા નિશાન વગાડે છે. તેનો નાદ ભેરવી હોય છે. ભયભીત અંતઃકરણનો નાદ પાદડાની પીપુડી જેવો હોય છે. એકનો નાદ સમગ્ર જગત્ સાંભળે છે ત્યારે અન્યનો નાદ ઉત્પન્ન થાય છે ત્યા જ શમે છે. એકનાં કર્તવ્યનાં મોજાં દશે દિશામાં વિસ્તરી પ્રત્યેક હૃદયને દોલાયમાન કરે છે ત્યારે બીજાનાં તે જ શરીરમાં ક્ષણિક અસર પ્રકટાવી સહજમાં ભૂસાઇ જાય છે.

જગત્માં આગેવાન જે જે પુરુષો થઇ ગયા છે તથા થાય છે, અથવા મનુષ્યમાત્રને ક્રિયા તથા વિચારને વારંવાર જૂદી જૂદી દિશામાં બળપૂર્વક વહેવડાવવા સમર્થ થયા છે તે સર્વ નિર્ભય પુરુષો જ હોય છે. તેમનું ભરેલું પગલુ બીજાઓ ભૂંસી શકતા નથી પરંતુ તેને અનુસરવાનો માર્ગ લેછે. એક વાર તેવા પુરુષો માર્ગ કાપી આપેછે એટલે અન્ય–ઓછા સામર્થ્યવાળા તેને અનુસરે છે. નિર્ભયતા અનેકની ગુંચ તોડી નાંખે છે. અસરળતા હોય ત્યાં સરળતા કરી આપે છે અને અંધકાર હોય ત્યાં પ્રકાશ પ્રકટાવી આપે છે.

જનસેવાનું કાર્ય વિવિધ દિશાનું હોય છે તોપણ તે સર્વનો

પ્રધાન એક ઉદ્દેશ કાયમ રહેવો ઘટે છે અને તે એ કે મનુષ્યમાત્રને આત્મસેવા કરતા શીખવાડવું. તેમની સેવાની એટલી જ જરૂર છે કે તે વર્ગ આત્મસેવા કરવા જાગ્રત્ થાય અને સર્વ રીતે આત્મબળનો વિશેષ વિકાસ કરી સર્વ દિશામાં ઉગ્ર પુરુષાર્થ કરવા મચી પડે. તે સમૂહને તેના સ્વરૂપનું તેના બળનું ભાન થાય અને તેને કર્તવ્યના માર્ગો સ્પષ્ટ થાય તે જ સેવાનો હેતુ છે. સેવાનો—કોઈ પણ પ્રકારની સેવાનો એવો ઉદ્દેશ અને અર્થ ન થઇ જવો જોઇએ કે તેથી સેવ્યના હાથ, પગ અને સર્વ ઇન્દ્રિયો, મન વગેરે જડતાનાં પડ વધારતાં જાય અને તેની કુદરતી ચચલતા ખોઈ બેસે.

સાધુઓ અને મહાત્માઓની સેવા કરતાં તેમાંનો મોટો વર્ગ હઠીલો પથ્થરજેવો થઇ રાજસ અને તામસ પ્રવૃત્તિઓને સેવતો થઇ ગએલો જોવામાં આવે છે અને તે જ પ્રમાણે અન્ય વ્યવહારમાં બાલકો, સ્ત્રીઓ તથા પુરુષો, જેમને જેમને અયોગ્ય સેવાનો લાભ કોઈ કોઈ રીતે મળેલો હોય છે તેમની પણ તેવી જ દુર્દશા થએલી જોવામા આવે છે, તેનું કારણ એટલુ જ છે કે તેમાં સેવાનો ઉચ્ચ લક્ષ કાયમ રાખ્યા વિના જ તેને વળગી રહેવામાં આવ્યુ છે. અયોગ્ય, હદકરતાં વિશેષ કોઈ પણ સદ્ગુણ દુર્ગુણના રૂપમાં બદલાઇ જાય છે. તે વ્યવહારમા કનિષ્ટ ફલને ઉપજાવે છે.

આત્મસેવા એ જનસેવાના કર્તવ્યની માળામાં સૂત્ર છે. તેને પોતાનામાં અને પરમા સતત પરોવી રાખવાની અગત્ય છે, કારણુ તેના આધારે જ સર્વ શોભે તેમ છે તથા પુષ્ટિને બતાવી આપે તેમ છે. સૂત્રરૂપ આત્મસેવા જ્ઞેયરૂપ, ધ્યેયરૂપ તથા ઉપાદેયરૂપ સમજી રાખવાવાની છે.

મનુષ્ય ! તુ પોતે સુખી થવા ઇચ્છતો હોય અને તારા સંબધિરૂપ જે આ સ્થાવર જંગમ પ્રાણીપદાર્થ આદિ છે તેમને સુખના ક્રમમા સ્થાપવા ઇચ્છાવાળો હો અને તારૂ તેથી અનેકગુણુ સુખ વધી પડેલું હોય તેવું તને જ્ઞાન હોય તો પ્રથમ તુ આત્મસેવા માટે જાગ્રત્ થા. તારા સર્વ સાધનોને તે પ્રતિ વાળ અને જનસેવાના, સમગ્ર જગત્ અને વિશ્વની સેવાના, પરમ કલ્યાણુકારક આદરણીય પગલાં તુ ભર. પરમાત્મા તારો વિજય કરશે. મહા પુરુષો તારી સંગે સત્વર આવશે. તુ એક મટી અનેકમાં તુંને જોઇ સમગ્ર દેશનો રાજા થયેલો જોઇશ. વિજય—

भोगीलाल जयशंकर ओझा.

कर्ममीमांसा.

आर्यपुरुषपंचानन निपतितमुद्धर तवार्यसंतानम् ।
त्वरितमार्यसमुदायं तवमङ्गलया सुविद्ययेशान ॥

હે આર્ય પુરુષોના મહાપુરુષસિંહ શ્રીમન્નૃસિંહ ભગવાન્, હે તદભિન્ન શ્રીમદુપેન્દ્ર ભગવાન્, તમારી અવનતિ પામેલી આર્યસંતતિનો ઉદ્ધાર કરો. હે મહેશ! તમારી પરમ મંગલરૂપ વિદ્યાથી આ પતિત આર્ય સમુદાયને સત્વર ઉદ્ધારો.

सुखस्य दुःखस्य न कोऽपिदाता
परो ददातीति कुबुद्धिरेषा ॥
अहंकरोमीति वृथाऽभिमानः
स्वकर्मसूत्र ग्रथितोहि लोकः॥ અયોધ્યાકાણ્ડ સર્ગ ૬-૬.

હે શ્રી સદ્ગુરુની કૃપાપાત્ર સાધક બધુઓ!

પ્રવૃત્તિ એ પ્રત્યેક જીવની પ્રકૃતિ જ છે તેથી પ્રવૃત્તિને ધર્મનું એક લક્ષણ તેમ જ એક આવશ્યક અંગ ગણેલું છે. અભ્યુદય (ઐહિક કલ્યાણ) અને નિઃશ્રેયસ્ (મોક્ષ)ની સિદ્ધિ જેથી થાય છે તે ધર્મ, એવું ધર્મનું લક્ષણ બાંધવામાં આવેલું છે. પ્રવૃત્તિદ્વારા અભ્યુદય અને તદનંતર નિવૃત્તિદ્વારા નિઃશ્રેયસ–મોક્ષ સધાય છે. પ્રવૃત્તિનું સાધન કર્મયોગ અને નિવૃત્તિનું સાધન જ્ઞાનયોગ છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ ઉભય ચક્રના યોગે કરી આત્મા પરમ પદપ્રતિ ગતિ કરે છે અને અંતે એ પદને પ્રાપ્ત કરી તેમાં જ વિલીન થાય છે.

જો કે આર્ય શાસ્ત્રમાં કર્મયોગકરતાં જ્ઞાનયોગને શ્રેયસ્કર માનેલો છે. તેમ જ જો કે આર્ય શાસ્ત્રના મંતવ્યનો અંત જ્ઞાનકાણ્ડમાં પરિસમાપ્ત થાય છે, તો પણ એ જ્ઞાનપ્રાપ્તિનો ઉપક્રમ તો કર્મયોગથી જ થાય છે. જ્ઞાનરૂપી નિઃસરણીનું પ્રથમ સોપાન કર્મયોગ જ છે. કર્મયોગવિના જ્ઞાનયોગ સંભવતો નથી. પરમપદરૂપી ઉચ્ચતમ ઉપરિતલે જ્ઞાનરૂપી નિઃસરણીવિના પહોંચી શકાતું નથી. તેથી ઉપરિતલે જવા ઇચ્છનારા સાધકો, જેમ એ નિઃસરણીની ઉપેક્ષા કરી શકે નહીં, તેમ એ નિઃસરણીના પ્રથમ સોપાનરૂપ કર્મ-

યોગના અનુષ્ઠાનનો ત્યાગ પણ કરી શકે જ નહિ. આથી આર્ય-શાસ્ત્રનું સઘળું બળ કર્મયોગઉપર જ ઠરી રહે છે. ષડ્દર્શનોમાં સાંખ્ય, યોગ, અને પૂર્વમીમાંસા એ ત્રણે દર્શનોને કર્મ સાથે સવિશેષ સંબંધ છે. વળી વૈશેષિક અને ન્યાય, એ બે દર્શનો દ્રવ્ય અને પ્રમાણની વિવેચના અને વિચારણા કરે છે, છતાં રૂપાન્તરે તે પણ કર્મયોગની પુષ્ટિ કરે છે. હવે રહ્યું વેદાન્તદર્શન. જો કે તેનો સાક્ષાત્ સંબંધ જ્ઞાનવાદસાથે છે અને જો કે તે જ્ઞાનની આલોચના કરે છે, છતાં

अयमेव क्रियायोगो ज्ञानयोगस्य साधकः
कर्मयोगं विना ज्ञानं कस्यचिन्नेव दृश्यते ।

આ જ ક્રિયાયોગ જ્ઞાનયોગનો સાધક છે, કારણ કર્મયોગવિના કોઈને જ્ઞાન થયુ જણાયુ જ નથી, એ વ્યાસવચન તેમ જ ज्ञान भारं क्रिया विना ઇત્યાદિ વચનથી સમજાય છે કે, કર્મવિના જ્ઞાન અને ક્રિયાવિના વિદ્યા અપૂર્ણ રહે છે. આ કારણથી જ્ઞાનની આલોચના કરતાં છતાં વેદાન્ત દર્શન પણ કર્મની પ્રધાનતાને સ્વલ્પાંશે પણ તિરસ્કારી શકતુ નથી. વેદાંત દર્શન કર્મનિષ્ઠાને જ્ઞાનનિષ્ઠાપ્રાપ્તિનો હેતુ સાધન ગણે છે અંતઃકરણની નિર્મલતા અને ચિત્તની નિશ્ચલતાવિના જ્ઞાન જામતું નથી. માત્ર કર્મોએ કરી તેજ સત્વની શુદ્ધિ થાય છે અને સત્વશુદ્ધિથી જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, તથા તે પ્રભાવ પાડી આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરાવે છે. આથી સમ્યક્ દર્શનનો ઉપાય કર્મોના અનુષ્ઠાનને માનેલ છે. આ કારણથી જ વેદાંત દર્શન પણ આરંભમાં જ મુમુક્ષુ સાધકને યથાર્થ રીતે એમ પ્રબોધે છે કે,

कुर्वन्नेवेह कर्माणि जि जीविषेच्छ तं समाः ।
एवं त्वयि नान्यथेतोऽस्ति न कर्म लिप्यते नरे ॥

ઈશ્વરના વાસ્તવ્ય સ્થાન આ વિશ્વમાં શ્રુતિએ નિર્દેશેલાં વિહિત કર્મ કરતાં કરતાં સો વર્ષ—માનવ જીવનની અવધિપર્યંત, જીવવાની ઇચ્છા મુમુક્ષુ સાધકે ધરવી જોઇએ આ પ્રમાણે હે મુમુક્ષુ જીવ ! જો તું વિહિત કર્મ કરતો રહીશ તો તને કર્મનો લેપ લાગશે નહિ. આ શિવાય તારે માટે કર્મબંધન ન લાગે એવો અન્ય કોઇ માર્ગ નથી.

સર્વ ઉપનિષદોના આમુખ ગણાતા ઈશોપનિદ્‌ના ઉપદેશનો ઉપક્રમ આ પ્રસિદ્ધ શ્રુતિથી થાય છે. એનું તાત્પર્ય એ જ છે કે કર્મ કરવું એ જ મુમુક્ષુ જીવનું કર્તવ્ય છે અને કર્મ નહીં કરવું, એ નહીં. કર્મપ્રવૃત્તિ એ ધર્મ્ય—શાસ્ત્રવિહિત જ છે કર્મવિના સત્ત્વશુદ્ધિ નથી અને સત્ત્વશુદ્ધિવિના જ્ઞાન નથી, એ રહસ્યનું પ્રતિપ્રાદન આ શ્રુતિ કરે છે. માત્ર સુખ સંતોષને અર્થે જ મનુષ્યે પોતાના આયુષ્યનો વિનિયોગ કરવાનો નથી, એ તો સુખાભાસ પાછળ ભટકવા સરખું છે. બાહ્ય સુખ એ કાંઈ જીવના જીવનનું અંતિમ સાધ્ય નથી, તો પછી કર્મો કરવાં અને વિહિત કર્મો કરવાં એ કર્મોના ફલની ઇચ્છા ન ધરવી અને કર્મફલનું અભિમાન સર્વથા છોડી દેવુ એ જ તેનું કર્તવ્ય છે એટલે કે સર્વ વ્યાપ્ત ઈશ્વરના સાક્ષીત્વની ભાવના અંતઃકરણમાં દૃઢતાથી સ્થાપી, તેના સાક્ષીત્વમાં જ માત્ર મુમુક્ષુ જીવોએ શ્રુતિએ અને શાસ્ત્રે નિર્દેશેલાં કર્મ મુમુક્ષુ સાધકે કરવાનાં છે; તેમ જ સમાઃ દૃષ્ટિથી વિહિત થયલાં લૌકિક અને વૈદિક કર્મ પણ કરવાનાં છે. તેમાં તેણે માત્ર વિવેકથી નિષ્કામભાવનું સેવન કરવું અને વિહિત કર્મો કર્યાં જવું એટલુ જ લક્ષમાં રાખવાનું છે. કારણ તે વિના કર્મલેપ—કર્મબંધનથી છુટવાનો અન્ય કોઇ ઉપાય નથી.

અહિં સ્વાભાવિક રીતે એ શંકા થશે કે, કર્મ કરતા રહીએ, તો પછી તેના અભિમાનથી તેમજ તેના ફલની ઇચ્છાથી શી રીતે છુટી શકાય? શું આથી એવો પ્રશ્ન નહીં થાય કે, કોઈ મનુષ્ય જલમાં જાય, તેમાં ઘુમે, છતાં ભીંજાય નહીં, કીચડમાં ધસે અને ફસાય નહીં, એમ બની શકે ખરૂં કે? જો આમ નિર્લેપ, અસંગ રહેવું દુર્ઘટ અને કઠિન છે, તો શું કર્મ કરતાં છતાં તેના ફલના સંગથી અલિપ્ત રહેવું, એ શું અસંભવિત નથી? આમ છે તો શું ઉપર્યુક્ત ભગવતી શ્રુતિના કર્માચરણ કરવુ અને નિષ્કામ ભાવ સેવવો, એ ઉપદેશમાં અર્થ રહિત ભાવના દોષનુ આરોપણ થઇ ન શકે?

આ પ્રશ્ન—શંકાનો ઉત્તર જરાક ઊંડા ઉતરવાથી, શ્રી ભગવતી શ્રુતિના રહસ્યનું મનન કરવાથી સહજ મળી આવશે. શાસ્ત્રોનાં વચનોમાં અર્થરહિત ભાવનાદોષની કલ્પના કરવી, એ અનુચિત છે. શું એવો જ નિયમ સર્વથા પ્રવર્તે છે કે, પ્રાણી જલમાં પેસે, અથવા તો કાદવ કીચડમાં ધસે, તો તે પાણીમાંજ ગડે અને કાદવમાં જ સડે?

ના. જો તેના નિવારણનો કોઈ ઉપાય કરવામા ન આવે, ઇશ્વરે આપેલી સદસદ્વિવેક બુદ્ધિથી કોઇ યથાયોગ્ય માર્ગ શોધી ન યોજાય તો જ આવી સ્થિતિ સંભવી શકે પરંતુ જે બુદ્ધિમાન્ જીવ પાણી અથવા તો કીચડમાંથી પસાર થવાનો અને સાથે તેના લેપથી ઉગરવાનો ઉપાય જાણે છે અને એ ઉપાય સેવે છે, તે તો અવશ્ય તેના સંગથી મુક્ત રહી શકે છે અને તેને વિના પ્રતિબંધે સરળતાથી વટાવી શક છે. જો આપણે નૌકા-વહાણઉપર બેસી પાણીને ચારીને ચાલીએ તો પાણીની પાર નિસંગ જઈ શકીશુ, જો વાહનઉપર ચઢી સાવધાનતાથી કીચડમાંથી પસાર થઇએ તો કીચડની પણ પાર જઇ શકીએ આથી શું એમ સ્પષ્ટ સમજાતુ નથી કે જો આપણે સદસદ્વિવેકનો ઉપયોગ કરીશુ તો નિષ્કામ ભાવરૂપી નાકામા બેશી કર્મસાગરની પાર આપણે જઈ શકીશુ ? નિષ્કામ ભાવથી, સસારમાં કર્મમાત્ર કરવાથી જ કર્મના બધન આપણે શિથિલ કરી શકીએ અને અતે તેથી નિસંગ રહી કર્મપિંજરથી છૂટી નિર્બંધ પરમધામમાં વિચરી શકીએ વળી બીજું ઉદાહરણ લઈએ જેવી રીતે વિષને કહાડવા વિષનો પ્રયોગ વૈદોને કરવો પડે છે, તેમ તાપનુ શમન તાપ જ કરે છે, તે રીતે કર્મના પ્રભાવથી, નિષ્કામ ભાવના સેવનથી કર્મલેપ દૂર કરી શકાય છે. વળી ઉડા ઉતરી વિચારતાં એ રહસ્ય હસ્તામલકવત્ સુપ્રાપ્ય છે કે, એક જ પદાર્થના સુખ દુખ એ માત્ર ભિન્ન ભિન્ન સ્વરૂપ જ છે. જે કર્મ પામર મનુષ્યોને મન બંધનસ્વરૂપ છે. અગાધ અનુલ્લંઘનીય સાગરસમાન છે, તે જ બુદ્ધિમાન્ વિવેકી મુમુક્ષુને મુક્તિનુ સરળ સાધન થઈ પડે છે. તે જ પ્રમાણે જેમ રસાયણાદિક પ્રયોગોથી અથવા તો ભિન્ન અનુપાનાદિથી વિષવાળા પદાર્થો અમૃતતુલ્ય અને અમૃતવાળા પદાર્થો વિષતુલ્ય બની શકે છે, તેમ કર્મ સબંધમાં ઘટના છે. માત્ર યથાર્થ કર્મવિવેક જ આ ઘટના અનુકૂલ કરી શકે છે. જે અત્યંત પ્રબલ પદાર્થ છે તેનું આમ વિચિત્ર પરિવર્તન સંઘટિત થાય છે. અગ્નિથી બરફ અને બરફથી અગ્નિ ઉત્પન્ન થઇ શકે છે. તેથી વિચાર શક્તિથી તેમ જ નિષ્કામ ભાવથી વિષસ્વરૂપ કર્મબંધન અમૃતસ્વરૂપ કર્મમોક્ષમાં પરિણામ પામે છે. નિષ્કામ ભાવથી કર્મ કરવાનો અભ્યાસ પડી જતાં કર્માચારણ રતિ ભાર પણ બંધનતું કારણ થઈ નહીં પડે.

આ સર્વ વિચારણાથી એમ ફલિત થાય છે કે સાવધાનતા-

પૂર્વક હંકારાતી નૌકામા પ્રયાણ કર્યા વિના, જેમ કોઈ પણ મનુષ્ય અગાધ અને વિશાળ મહાસાગરની પાર જઇ શકતો નથી, અથવા તો તેમાં આવેલા દ્વીપ વા મહાદ્વીપમાં જઈ શકતો નથી, તે જ પ્રમાણે કર્મસાગરમાંના જ્ઞાનરૂપી નિર્મલ નગરમાં મુમુક્ષુ જીવનો નિષ્કામ ભાવરૂપી નૌકાવિના પ્રવેશ થઈ શકતો નથી. આથી જ યોગીવર્ય શ્રી કૃષ્ણચદ્ર અર્જુનને એવો ઉપદેશ આપે છે કે

न कर्मणामनारंभान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते
नयसंन्यमनादेव सिद्धिं समाधिगच्छति ॥

(ભગવદ્ગીતા અધ્યાય ૩ શ્લોક ૪)

જ્ઞાનમાર્ગ કર્મમાર્ગકરતા સારો હોય તો આ યુદ્ધરૂપી ઘોર કર્મમાં મને કેમ પ્રવર્તાવો છો એવા, મુમુક્ષુ અર્જુનના વ્યામોહપ્રેરિત પ્રશ્નનુ સમાધાન કરતા શ્રીકૃષ્ણચંદ્ર ભગવાન્ કહે છે કે, હે અર્જુન ! જ્ઞાનમાત્રને જ અવલબી કર્મની માથાકૂટમાં ન પડવાનું તુ વિશેષ પસદ કરે છે. પરંતુ કાંઈ કર્મનો આરભ નહીં કરવાથી અર્થાત્ કર્મ ન કરવાથી કાઇ કોઈ પણ મનુષ્ય સર્વ એષણાઓના ત્યાગ–સંન્યાસરૂપ મોક્ષ દશા પામી શકતો નથી, તેમ સર્વ કર્મના ત્યાગરૂપ સંન્યાસમાત્રમા જ જ્ઞાનનો સમાવેશ થતો નથી. કેવલ કર્મ ત્યજી દેવાં એ જ જ્ઞાનનું લક્ષણ નથી, કારણ

नहिकश्चित् क्षणमपि जातुतिष्ठत्य कर्मकृत्,
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥

(અધ્યાય ૩ શ્લોક ૫.)

કોઇ પણ મનુષ્ય કર્મ કર્યા વિના એક ક્ષણ પણ રહી શકતો નથી, કેમકે પ્રકૃતિના સત્ત્વ, રજસ્ અને તમસ્ એ સ્વતઃસિદ્ધ ગુણોવડે શરીર બંધાયલું છે અને તે પ્રાણીમાત્રને કર્મમાં પ્રવૃત્ત કરાવ્યા વિના રહેતા જ નથી. કર્મ એ વસ્તુમાત્રને સ્વભાવ સિદ્ધ જ છે. કાયિક કર્મત્યાગ એ કાંઇ ખરો ત્યાગ નથી પણ ઉંડા અંતરનો ખરો માનસિક કર્મત્યાગ જ્યારે થાય ત્યારે જ તે ખરો સંન્યાસ ગણાય. તેથી એ સ્થિતિએ પહોંચવા, સત્ત્વશુદ્ધિ થતાં પર્યંત વૈદિક લૌકિક કર્મમાં પ્રવૃત્ત થવાની આવશ્યકતા છે. અર્થાત્ કર્મો કર્યા વિના કોઈ પણ મનુષ્ય નિષ્કર્મ થઇ શકતું નથી, અને કેવળ ત્યાગથી જ્ઞાનસિદ્ધિ પ્રાપ્ત કરી શકાતી નથી.

આ અતિશય મહત્વથી પૂર્ણ ઉપદેશ સર્વથા સર્વદા ચિંતનીય અને વ્યવહાર્ય છે. શું આજકાલ આ ગંભીર ઉપદેશનો અનાદર આપણા હજારો બાંધવો અદીલતાથી કે વ્યામોહથી કરી રહ્યા નથી ?

ત્યાગનું રહસ્ય સમજ્યા વિના, કેવલ અશક્તિના મર્મા કાર્યની માથાકૂટમાંથી છુટવાનો બાહ્ય આડંબર કરી રહેલા અને પોતે માયાકીચમાં ફસી અન્ય પામર આશ્રિતોને તેમાં ફસાવતા, અસંખ્ય અર્ધદગ્ધ સ્વાર્થસાધુઓ આ આર્યભૂમિમાં તરવરી ઉઠતા, શુ આપણી દૃષ્ટિએ પડતા નથી ‘ આજ કાલ આપણા હજારો, રે ! લાખો દેશ બાંધવો ત્યાગી, વેરાગી, બાવા, સાધુડા થવાનો દમ ભરી રહ્યા છે, અને અન્ય પામરોને ગળે વૈરાગ્યની તોક ભેરવી રહ્યા છે. પણ પ્રશ્ન એટલો જ છે કે શુ તેઓએ કર્મની પહેલી મજલ પણ કરી છે ? ત્યાગની અથવા તો વૈરાગ્યની પદ્વી, શુ પોતાની જાતે પોતાને ત્યાગી વા વેરાગી કહેવાથી કે માનસિક સત્ત્વ શુદ્ધિવિના કેવળ બાહ્ય આડંબર કરવાથી, મળી શકે ખરી ? સર્વમા ઉચ્ચ એવા આ પદનો અધિકારિ તો તે જ થઇ શકે છે, કે જેણે શાસ્ત્રવિહિત મર્યાદાઅનુસાર વર્ણના આચારનુ કે તેમ જ આશ્રમના આચારનુ સાગોપાગ પાલન, ત્રણે ઋણોનું અપાકરણ, તેમ જ સમસ્ત નિત્ય નૈમિત્તિક વિહિત કર્મોનુ સેવન કરેલુ છે આ હેતુ લક્ષમાં રાખીને માનવ ધર્મશાસ્ત્ર એવી આજ્ઞા કરે છે કે,

ऋणानि त्रीण्यपाकृत्य मनो मोक्षे निवेशयेत्
अनपाकृत्य मोक्षन्तु सेवमानो व्रजत्यधः ॥

(મનુસ્મૃતિ અધ્યાય ૬, શ્લોક ૩૫)

જ્ઞાનનિષ્ઠ, વૈરાગ્યથી નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવાની ઇચ્છાવાળા, મુમુક્ષુઓવિના, અન્ય સર્વ સંસારમગ્ન જીવોએ તો દેવ, ઋષિ અને પિતૃ એ ત્રણનાં ઋણને દૂર કરીને મનને મોક્ષવિષે સાંધવું. અર્થાત્ સન્યાસ ગ્રહણ કરવો; પરતુ જો કોઇ દ્વિજજાતિનો પુરુષ દેવ, પિતૃ અને ઋષિઓનાં ઋણ ફેડ્યા વિના મોક્ષમાર્ગનુ સેવન કરે છે એટલે સંન્યાસ લે છે તે નરકમાં પડે છે અર્થાત્ જ્ઞાનનિષ્ઠા જેને થઇ ન હોય તેણે તો ગૃહસ્થાશ્રમ ધારણ કરી વિષયોપભોગમાં સર્વ વિહિત ઇચ્છાઓને સંતોષીને જ પછીથી તેણે સંન્યાસ—ત્યાગ ધારણ કરવો; પરંતુ કેવળ ગૃહસ્થાશ્રમનો નિર્વાહ કરવાની શક્તિ ન હોવાથી કે કેવળ કર્મકલેશથી ગભરાઈ જઈ તેમાંથી છુટવાનું સા-

ધન ન જણાયાથી નિવૃત્તિ માર્ગને યોગ્ય સાધનસપત્તિ નહોવા છતાં-યે, ધર્મ્ય પ્રવૃત્તિમાર્ગથી ભ્રષ્ટ થઇ ત્યાગમાર્ગ ધરવાનો આડંબર કરવો એ અત્યત હાનિકારક છે, એમ કરનાર મનુષ્ય અન્ધતમ નરકમા જ સરી પડે છે. શુ આજકાલની આપણી સાધુ મડલી અને પોતે જ્ઞાનવાદના જાણકાર હોવાનો ખાલી દમ ભરાવનારા વેરાગી ત્યાગીઓ એવા કેટલા પુરુષો મળી શકશે કે જેઓ જ્ઞાનનિષ્ઠાને આવશ્યક શકિત અને ઇચ્છા—સકલ્પબલ પણ ધરાવતા હોય કે ત્યાગ અને વૈરાગ્યના સાચા અધિકારી હોય ? જો સૂક્ષ્મ નિરીક્ષણ કરવામા આવશે તો એમ જણાયા વિના નહી રહે કે સહસ્ર સાધુ વેરાગી-માં એક પણ એવો મુમુક્ષુ અધિકારી નથી હોતો આ દશામા, આવી શોચનીય અવસ્થામા ત્યાગ તથા વૈરાગ્યનુ બદનામ કરવા સિવાય અન્ય કયા પ્રયોજનની સિદ્ધિની આશા એ લોકો પાસેથી રાખી શકાય ? ગૃહસ્થાશ્રમનો ભાર ઉઠાવવાની અશક્તિ અથવા તો કટા-ળાથી વિહિત ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરનારા, પરતુ બ્રહ્મચર્ય, સ્વાધ્યાય અને નિષ્કામ ભાવ અને શ્રદ્ધાપૂર્વક તપશ્ચરણવડે પરમાત્માની ઉપાસનાના નિયમોનું પાલન કરવા, સોમે અશે પણ અસમર્થ એવા સાધુ વેરાગીઓપાસેથી એવા ફલની આશા રાખવી કે, તેઓ સાચા ત્યાગી, વેરાગી, સન્યાસી, વેદાન્તી થઈ પોતાના દેશનો અને દેશ બાધવોનો ઉદ્ધાર કરશે તો તે આવા શું મૃગજલવત્ નિરાધાર નથી ?

એમાં તો કોઇ રીતનો સદેહ નથી જ કે, આ સસારમાં ત્યાગ અથવા તો વૈરાગ્ય કરતાં વિશેષ ઉન્નત, ઉત્કૃષ્ટ પદ અન્ય કોઈ નથી. ખરેખર, એ જ દેશ ધન્ય છે, એ જ જાતિ સ્મરણીય છે કે, શ્રી શકર ભગવાન્‌જેવા સાચા સંન્યાસીને ઉત્પન્ન કરે; કે જે સંન્યાસી પોતાના દેશ, વા ધર્મ વા દેશબાંધવોના કલ્યાણઅર્થે સમાજની ઉન્નતિઅર્થે આત્મોત્સર્ગ કરે, આથી એ રહસ્ય પ્રત્યેક મુમુક્ષુએ હૃદયમાં ઉડુ કોતરી રાખવાનુ છે કે, સાચા ત્યાગ, વૈરા-ગ્યથી અવનત જાતિ—લોકોની ઉન્નતિ થાય છે અને ખાલી, જૂઠા ત્યાગથી ઉન્નત જાતિઓની પણ અધોગતિ થાય છે; સાચો ત્યાગ ઇન્દ્રિયોને સ્તબ્ધ કરવાથી કર્મરહિત કરવાના પ્રયાસથી એટલે કે કર્મ ન કરવાથી ઉત્પન્ન થતો નથી. પરન્તુ કર્તવ્યતાના અનુરોધથી નિરંતર કર્મોપાસના સેવવાથી અને તે દ્વારા પ્રાપ્ત થતા ફલાફલમાં આસક્તિ નહીં સેવ્યાથી જ સાચો વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને તે સુદૃઢપણે અંતઃકરણમાં જામે છે.

પોત પોતાના અર્થ-પદાર્થનું ગ્રહણ કરવુ, એ ઇન્દ્રિયોનું સ્વાભાવિક કર્મ છે. શું કોઈમા એવું સામર્થ્ય છે કે તે સહસા કોઇ પણ વસ્તુના સ્વાભાવિક ધર્મને બાહ્ય સાધનથી નિવારી શકે ? એ તો આપો આપ એ વસ્તુ પોતાના ધર્મને પોતામાં ગૂઢપણે શમાવે–તે ધમ ને દગ્ધ બીજ કરી નાંખે ત્યારે જ એ ધર્મ શમી શકે. શુ આવી સ્થિતિમાં, યોગ્ય અધિકારના અભાવે, આપણે આપણી આંખ, કાન, આદિ બંધ કરી, હાથ પગને સ્તબ્ધ કરી, પરમાત્માની, યથાર્થ જ્ઞાન પ્રાપ્તિની આજ્ઞાનુ પાલન કરી શકીશું ખરા ? જ્યાં સુધી આંખો છે, જ્યાં સુધી અન્ય ઇન્દ્રિય છે ત્યાં સુધી તેને જોવા કરવાનો ધર્મ બધ થઈ શકવાનો નથી જ, માત્ર તેના સકામ વાસનારૂપ બીજને જ દગ્ધ કરવાની અગત્ય છે; તેમ થતાં શેકેલું અન્ન જેમ પુન પાક નિપજાવવા માટે અનુપયોગી થાય છે, તેમ વિવેક વૈરાગ્યાદિ સપત્તિથી ધર્મ નષ્ટબીજ થતાં તે સાધક મુમુક્ષુને માયામાં ફસાતાં અટકાવે છે અને તેને સત્યજ્ઞાન પ્રાપ્ત કરાવી પરમ પદે પહોચાડે છે.

આ સર્વને અનુલક્ષીને જ પરમાત્મા શ્રી કૃષ્ણચંદ્ર કહે છે કે,

ये मे मतमिदं नित्य मनुतिष्ठन्ति मानवाः ।
श्रद्धावन्तोऽनसूयन्ते मुच्यते तेऽपि कर्मभिः ॥

(ભગવદ્ ગીતા અધ્યાય ૩ શ્લોક ૩૧)

જે અજ્ઞાની માનવો ફલાભિસધિની આશા ત્યજી, અહભાવ છોડી દઈ, પ્રાપ્ય કર્મ કરે છે અને કર્મમાત્ર બ્રહ્માર્પણ કરી તેમાં મગ્ન થાય છે, એવા જ્ઞાનીઓ કર્મથી મુક્ત થાય છે, પરંતુ અજ્ઞાનીઓ મારૂં આ મત ધ્યાનમાં લઇ સંપૂર્ણ શ્રદ્ધા રાખી, સર્વ અસૂયા એટલે દ્વેષનો ત્યાગ કરી, મારો ધર્મ ખરો અને ફલાણાનો ખોટો એવી કૃપણબુદ્ધિ છોડીને નિષ્કામ કર્મ કરે છે, તે જ સંન્યાસને યોગ્ય થાય છે અને તે જ મોક્ષ પામે છે. અર્થાત્ પુરુષપ્રયત્નને સંપૂર્ણ અવકાશ હોવાથી, પ્રત્યેક વ્યક્તિએ સમજવું જોઇએ કે, રાગ અને દ્વેષ એ કોના ધર્મ છે. ઇન્દ્રિયો જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિય અને તેના પદાર્થ, જાણવું, સાંભળવુ આદિ તેમ જ રૂપરસાદિ વિષય એમાં જ રાગદ્વેષ રહેલા છે; તેથી રાગદ્વેષને વશ ન થવું; કારણ એ જ પરમ જ્ઞાનની પ્રાપ્તિમાં વિઘ્નકર્તા છે.

આનું એ જ રહસ્ય છે કે, ઇન્દ્રિયોને તેના સ્વાભાવિક ધર્મ

કરતાં અટકાવવી અથવા તો પરાણે સ્તબ્ધ કરવી, એ કેવળ મૂર્ખાઇ છે એથી કાંઈ સદાને માટે ઇન્દ્રિયોને પરાવૃત્ત કરી શકાતી નથી, માત્ર રાગદ્વેષાદિ તેના બીજ નષ્ટ કરવા એટલે ઈષ્ટ હેતુ સધાવાનો કેટલાક અર્ધદગ્ધ ત્યાગીઓ એક મનાવવા પ્રયત્ન આદરે છે કે આંખો આદિ ઇન્દ્રિયોને તેના વિષયથી પરાવૃત્ત કરવી એ જ વૈરાગ્યનો માર્ગ છે, પણ તે ભ્રમ છે. ઇન્દ્રિયોને તેનો ધર્મ બજાવતાં અટકાવવી એનું પ્રયોજન તેની વિષયોથી વિરક્તતા બતાવવી એ છે. પણ તેથી એ પ્રયોજન સરતું નથી કદાચિત દલીલ ખાતર એમ માની લઇયે કે, એમ કરવાથી એટલો સમયતો વિષયોના આક્રમણથી ઇન્દ્રિયો (એટલે આપણે) બચે છે પણ એ વાસ્તવ પુરુષાર્થ કે શૌર્ય નથી, તેમ એ વાસ્તવ માર્ગ–ઉપાય પણ નથી જ. એ પુરુષાર્થ અથવા તો શૌર્ય ન ગણાય. ખરો માર્ગ તો ઉપરનાં ભગવદ્‌વચનમાં નિર્દેશેલો છે તે જ છે. વળી એ પણ સાથે વિચારવાનું છે કે, પુરુષાતન ખોયા પછી સ્રીથી વિરક્તિ સંપાદન કરવી, આંખો મીંચી સૌન્દર્યદર્શનના સુખથી વિમુખ થવા મથવુ એમાં કોઈ શૂરવીરતા કે પરાક્રમ નથી. ખરી શૂરવીરતા તો ત્યારે જ ગણાય કે જ્યારે પોતાનામાં પુરુષાતન હોવા છતાં યે વિષયરાગથી આકર્ષિત થવું નહી, તે પાછળ વલખાં મારવાં નહીં, કે વિષયદ્વેષ વહોરી લેવો નહી. ધની છતાં ધનમદમાં ઝુકવુ નહી, બલવાન છતાં નિર્બલને સતાવવુ નહીં, એ જેમ માનપ્રદ છે, તેમ ઇન્દ્રિયોને ન્યાય્ય સ્વાભાવિક ધર્મમાં પ્રવૃત્ત થવા દેવી સહસા ઉપસ્થિત થતા વિકારવાન્ વિષયોમા તટસ્થતાથી, રાગદ્વેષરહિતપણે, સ્થિરતાથી વર્તવા દેવી, એ જ ખરો પુરુષાર્થ છે. કવિવર કાલિદાસ કહે છે કે. विकारहेतौ सति विक्रीयन्ते येषां न चेतांसितएवधीरा વિકાર હેતુ ઉપસ્થિત હોવા છતાં યે ચિત્તને સ્થિર રાખે તે જ ખરા ધીર પુરુષ છે.

ભોગ્ય વસ્તુઓ ન મળવાથી ત્યાગી થઇ જનારા અનેક મનુષ્યો આપણા દેશમાં અને સંસારમાં મળી આવશે. એવા ત્યાગીઓ અને વેરાગીઓની અમારા દેશમાં કાંઈ ન્યૂનતા નથી. પણ એવા ત્યાગી વેરાગીઓકરતાં રાગીઓ વધારે સારા છે, એમ કહેવું એ વિશેષ સારૂં છે. કારણ કે રાગાસક્ત થઇને એવાં મનુષ્યો કેવળ પોતાના આત્મત્વની જ હાનિ કરે છે, પરંતુ તેઓ બીજાઓને કાંઇ ઝાઝો ધોખો પહોંચાડતા નથી. પણ જેઓ કપટમુનિ અથવા તો ત્યાગી વેશ-

ધારી થાય છે, તેઓ પોતે તો વિષયકૂપમાં ડુબે છે એટલુ જ નહીં પણ ભોળા ભાળા ભાવિક પુરુષોની આંખમાં ધુળ નાંખી તેમને ભ-માવી અંધકારથી ભરપૂર માયાકૂપમાં ધકેલી પાડે છે, अन्धेनैव नीयमाना यथान्धा એ શ્રુતિપ્રોક્ત વચનપ્રમાણે એક આંધળો અનેક આંધળાને દોરે છે. આવા પ્રતારકને ઓળખી કાઢવા ભાવિક સજ્જનોએ એ લક્ષમાં રાખવું આવશ્યક છે કે,

कर्मेन्द्रियाणी संयम्य य आस्ते मनसास्मरन्
इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥

(ભગવદ્ગીતા અધ્યાય ૩ શ્લોક ૬)

માનસ ત્યાગ થવા સત્ત્વ શુદ્ધિપર્યંત કર્મો કરવાં, એનો અર્થ એવો નથી કે, કેવલ કર્મેન્દ્રિય–વાક્, પાણિ, પાદ, પાયુ ઉપસ્થને પરાણે નિગ્રહમા રાખી, મૌન ધારણ કરી, વિષયાદિમાં પ્રવૃત્ત ન થવુ એ રીતે પ્રવૃત્ત ન થનારનુ પણ મનમાં તો તે ઇન્દ્રિયોના કર્મની ઇચ્છા ધર-નાર મૂઢ પુરુષ મિથ્યાચારી પ્રતારક જ અર્થાત્ એવી પ્રવૃત્તિનું કાઇ પણ ફલ ન પામનારો પણ ઉલટો બીજાને છેતરવા રૂપી પાપ વહોરનાર ઢોંગી જ ગણાય છે.

ઉપર્યુક્ત સમાલોચનાથી એમ સિદ્ધ થાય છે કે, કર્મ એ સમસ્ત સાંસારિક તેમ જ પારમાર્થિક સિદ્ધિઓનુ મૂળ છે; કર્મનો અનાદર કરવાથી કે પરાણે ઇન્દ્રિયોને તેના વિષયથી પરાવૃત્ત કરવા-ના ફાફાં મારવાથી કાંઇ મનુષ્ય ત્યાગી વૈરાગી થઇ શકતો નથી, તો પછી તે જ્ઞાનિ તો કયાંથી થઇ શકે ? એટલા માટે જ શ્રી ભ-ગવતી શ્રુતિ કર્મપ્રભાવથી જ કર્મ પાશથી છૂટવાનુ કહે છે.

अविद्ययामृत्युं तीर्त्वा विद्ययामृतमश्नुते

અર્થાત્ મુમુક્ષુ પુરુષ કર્મથી મૃત્યુની પાર જઇ જ્ઞાનબલથી મોક્ષ પ્રાપ્ત કરે છે. જ્ઞાનાગ્નિવડે કર્મબીજ બાળી દીધાં, એટલે તેથી નવી ઉત્પત્તિ તરત જ અટકી પડે છે અને અંતે કર્મનો ક્ષય થાય છે, એ એનો હેતુ છે. આથી સમજાશે કે, જો કે મુક્તિમાટે જ્ઞા-નની અપેક્ષા છે, પરંતુ કર્મવિના કોઇ પણ પુરુષ જ્ઞાનનો અધિ કારી થઇ શકતો નથી. એટલા જ માટે કેવલ સાંસારિક સિદ્ધિ–અ-

ભ્યુદયને માટે જ નહી પરંતુ પારમાર્થિક શ્રેયને માટે પણુ મનુષ્યે વિધિવત્ કર્મોપાસના કરવી જોઇએ. આ સર્વતંત્ર સિદ્ધાંત છે.

આ વિષયે પુનઃ એટલું જ વિચારવાનું કે, અન્તઃકરણુની શુદ્ધિ તથા મનની એકાગ્રતામાટે કર્મ અને ઉપાસનાની આવશ્યકતા છે. સર્વાન્તર્યામી ઈશ્વરને શરણુ જઈ સ્વકર્મોનાં અનુષ્ઠાનદ્વારા તેનું પૂજન કરવાથી, તથા તેના પ્રસાદથી અન્તઃકરણુની નિર્મલતા અને નિશ્ચલતા પ્રાપ્ત થાય છે, અને જ્ઞાનનિષ્ઠા સિદ્ધ થતાં અંતે ઈશ્વરનુ પદ પમાય છે.

અંતમા એટલી પ્રભુ પ્રાર્થના કે, વસિષ્ઠ મુનિએ શ્રીરામને પ્રબોધ આપ્યા પ્રમાણે,*

કોઇપણ પ્રકારે મન, વાણી અને કર્મે કરી કોઈ પણ દેહી મનુષ્યને સંતોષ ઉપજાવી એ પ્રકારે ઈશ્વરપૂજન કરનાર, અને નિષ્કામ ભાવથી કર્મ આચરનાર અનેકસખ્ય આર્યો આ ભરતભૂમિમાં ઉત્પન્ન થાઓ અને પુનઃ જ્વલંત કર્મવીર અને જ્ઞાનવીર થાઓ.

अबालाल बुलाखीराम.
जानी.

*येनकेनप्रकारेण यस्य कस्यापिदेहिनः
सतोषं जनयेद्राम तदेवेश्वर पुजनम् ॥

मंत्र, यंत्र अने तंत्र.

આપણા સનાતન હિંદુધર્મનાં ભિન્ન ભિન્ન સાંપ્રદાયિક રૂપાન્તરોમાં જીવને અધ્યાત્મ ઉન્નતિ આપવાની સાધનશ્રેણીમાં મંત્ર, યંત્ર અને તંત્ર એ ત્રણ વ્યૂહ અગ્રસ્થાન ભોગવે છે. આ ત્રણ વ્યૂહ સાથે પ્રત્યેક ધર્મશીલ પુરૂષ વા સ્ત્રી પોતાની સાધનસિદ્ધિના ક્રમમાં વારવાર સંબંધમાં આવે છે, તોપણ ઘણાઓ આ વ્યહના સ્વરૂપને તથા તેના પરસ્પર સબંધને ભાગ્યે જ જાણે છે. જેમ તારયંત્રને ચલાવનારા વિદ્યુતના વાસ્તવ સ્વરૂપને જાણતા નથી, તેમ નિત્યકર્મમાં જપ, પૂજા અને પાઠ કરનારા મંત્ર, યત્ર અને તત્રના સત્ય સ્વરૂપથી અજાણ્યા હોય છે. જેમ વિદ્યુતશક્તિ સર્વ વ્યાપક છે તેને યત્ર માત્રથી અભિવ્યક્ત કરી તે શક્તિનો ઉપયોગ સામાન્ય તારમાસ્તરો કરે છે, તેમ ચિચ્છક્તિના વિભુ સ્વરૂપને કેન્દ્રગામી કરનાર મત્ર, યત્ર, અને તંત્રનો આશ્રય કરનાર ધાર્મિક સિદ્ધિ મનુષ્યો ઉપયોગ પૂરતી મેળવે છે. પરતુ વિદ્યુત્શક્તિની કલા અને તેનુ વિજ્ઞાન એ ઉભય જેને પ્રાપ્ત હોય તે આશ્ચર્યકર વ્યતિકરોને પ્રકટ કરી શકે છે. આનુ પ્રત્યક્ષ દૃષ્ટાન્ત **માર્કોનીની** તારવિના સંદેશા મોકલવાની શોધ છે. આજ ન્યાયવડે ચિચ્છક્તિના સંબધી વિજ્ઞાન—અને કલા—એ ઉભયને યથાર્થ સિદ્ધ કરવાની અધ્યાત્મશાસ્ત્રમાં પ્રવીણ થવા ઇચ્છનારને અગત્ય છે

ઘણા પ્રસગે એમ બને છે કે વિજ્ઞાન વિના કલાને મનુષ્યો લૌકિક ગુરુદ્વારા સિદ્ધ કરી શકે છે. સામાન્ય ઉપવન કરનાર માળીની કલા સુગમતાથી પ્રાપ્ત થાય છે, પરતુ વનસ્પતિશાસ્ત્રનું વિજ્ઞાન તેનામાં હોતું નથી તેથી સામાન્ય માળી નૂતન પ્રયોગો કરવા સમર્થ થતો નથી. વિજ્ઞાન જ કલાનો આત્મા છે, અને તે વિના કલા મૃતવત્ ગણાય છે.

વળી એમ પણ બને છે કે વિજ્ઞાન વિશાલ પ્રાપ્ત છતાં કલાનું ભાન ઘણાને હોતું નથી. તેવા મનુષ્યો વિજ્ઞાન સંપત્તિનો વ્યવહારમાં લાભ લઇ શકતા નથી, અને તેમનો આનંદ માત્ર મનોભૂમિમા જ રહે છે, અને અન્ય જનો સાથે આનંદનો વિનિમય કરવા તેઓ

સમર્થ થતા નથી. નિર્દોષ આનંદને ભોગવવો હોય અને તે સાથે અન્યને આનંદ ઉપજાવી પોતાના આનંદની વૃદ્ધિ કરવી હોય તો વિજ્ઞાન અને કલા એ બેનો યોગ અવશ્ય બુદ્ધિમાને કરવો જોઇએ.

અધિકારીજનોના સાધનશ્રેણીના અભ્યાસમાં આવા વિજ્ઞાન અને કલાનો યોગ થાય તેવા હેતુથી આ લઘુ લેખમાં મંત્ર, યંત્ર અને તંત્રના સ્વરૂપનો પ્રકાશ કરવા યથામતિ યત્ન કરવા યોગ્ય ગણ્યું છે.

શ્રીસદ્‌ગુરુ અને શિષ્યનો આંતર ગુણકર્માનુસાર યોગ થવો; ત્યારપછી ચાક્ષુષીદીક્ષા વડે શિષ્યનું પવિત્ર થવું; અભિષેક વડે શિષ્યનું ઉન્નતિના ક્રમમાં સ્થાપન થવુ, સાધનભૂત મંત્રની અધિષ્ઠાત્રી દેવતાનું આંતર વા બાહ્ય યજન પૂજન કરવાની પદ્ધતિનો બોધ થવો; અને છેવટે સર્વ વ્યવહારમા મત્રાર્થના રહસ્યને ગુથાયેલો અનુભવી ઇષ્ટસિદ્ધિ પ્રાપ્ત કરવી આ જ અધ્યાત્મશાસ્ત્રના ઉપાસનાકાંડનો સામાન્ય ક્રમ છે.

ઉપાસ્ય, ઉપાસક અને ઉપદેષ્ટા એ—ત્રણનો સમન્વય અને સંવાદ થયા વિના ઉપાસના સિદ્ધ થતી નથી. આચાર્ય અથવા ઉપદેષ્ટા પૂર્વરૂપ છે, અન્તેવાસી અથવા શિષ્ય ઉત્તરરૂપ છે; પ્રવચન અથવા ઉપદેશ સંધાયક હેતુ છે; અને વિદ્યાનો આવિર્ભાવ એ સંધિ અથવા ફલ છે પૂર્વરૂપ, ઉત્તરરૂપ, અને સધાનનો સંવાદ થાય ત્યારે મંત્રસિદ્ધિ અથવા વિદ્યાપ્રાપ્તિ થાય છે. બે ત્રાજવાં અને દાંડી—એ ત્રણની સમમલે સ્થિતિ થયા વિના પદાર્થનું માપ બરાબર નીકળતુ નથી, તેમ ઉપદેષ્ટા ઉપાસક અને ઉપાસના—એ ત્રણનો સંવાદ થયા વિના ઉપાસ્ય દેવતાનો સાક્ષાત્કાર થતો નથી.

આથી અધ્યાત્મશાસ્ત્રમાં અધિકારની પરીક્ષા કરી યોગ્ય ક્રમમાં સ્થાપનાર સર્વજ્ઞ ઉપદેષ્ટાનો મહિમા ગવાય છે. આમાં લેશ માત્ર પણ અતિશયોક્તિ નથી. **योजकस्तत्र दुर्लभः**—એ ન્યાય અક્ષરશઃ ખરો છે, કેમકે યોગ્ય સદ્‌ગુરુના અનુગ્રહથી પ્રાપ્ત થયેલો મત્ર જ સાધ્ય, સિદ્ધ અને સુસિદ્ધ બને છે, નહિ તો તે મંત્ર અરિ અર્થાત્ શત્રુરૂપ બને છે. પ્રતિકૂલ યોગ વિષમ ફલને પ્રકટાવ્યા વિના રહેતો નથી, અને તેવાં પરિણામોના હેતુઓને નહિ જાણનાર યોગનો દોષ કાઢે છે.

પરબ્રહ્મ તત્ત્વની ઉપાસનાકાંડમાં સકલ અને નિષ્કલ—એ બે

રૂપે ઉપાસના થાય છે. નિષ્કલ ભાવે તે તત્ત્વ જ્ઞેય ગણાય છે; અને સકલ ભાવે તે તત્ત્વ ધ્યેય ગણાય છે. ધ્યેય તત્ત્વ વસ્તુતઃ જ્ઞેય જ છે, પરંતુ ઉપાધિના યોગવાળું પ્રથમ તત્ત્વ છે, અને ઉપાધિના યોગવિનાનું બીજું તત્ત્વ છે. ઉપાધિનો યોગ અવિદ્યાજનિત હોવાથી તત્ત્વમાં સજાતીય, વિજાતીય અને સ્વગત કોઈ ભેદ નથી; પરંતુ અવિદ્યાવડે તેવા ભેદ ઉપસ્થિત થઈ વ્યવહાર સિદ્ધ થવાથી ધ્યેય તત્ત્વને વ્યાવહારિક સત્તાવાળું અને જ્ઞેય તત્ત્વને પારમાર્થિક સત્તાવાળું અધ્યાત્મશાસ્ત્રમાં સ્વીકારાય છે.

સંપુટિત કલાવાળા સર્વૈશ્વર્યસંપન્ન પરમ તત્ત્વને ઉપાસનાકાંડમાં બિંદુ અથવા પરમબિંદુ એવી પારિભાષિક સંજ્ઞા આપવામાં આવે છે; અને બાહ્ય પ્રતીકતરીકે બિંદુ ઉપસ્થિત કરવામાં આવે છે પરમબિંદુ પુરુષ પ્રકૃતિરૂપ—શિવ શક્તિરૂપ—બ્રહ્મ માયારૂપ—એમ દ્વિવિધ સ્વરૂપના સમરસ ભાવવાળુ હોય છે. જ્યાં સુધી આ સામરસ્ય હોય છે ત્યાં સુધી નિસ્પંદ કલાવાળું બ્રહ્મતત્ત્વ રહે છે; જ્યારે સ્પંદભાવ જાગ્રત્ થાય છે ત્યારે શક્તિરૂપ તત્ત્વ ઉન્મુખ બને છે. બિંદુગત ચિચ્છક્તિનો ઉન્મુખીભાવ અથવા બ્રહ્મતત્ત્વનો સ્પંદભાવ—એ બે એક જ અર્થના વાચક છે. બ્રહ્મતત્ત્વ જ્યારે ભેદાય છે અર્થાત્ પરબિંદુનો ભેદ થાય છે ત્યારે એક અચિંત્ય મહિમાવાળો અવ્યક્ત નાદ પ્રકટ થાય છે અને તેને ઉપાસનાકાંડમાં **શબ્દબ્રહ્મ** કહે છે* આ શબ્દબ્રહ્મ ભેદાયલા બિંદુના સર્વ અણુઓમાં અનુરણન કરે છે, અને એ ક્ષોભબલવડે મૂલપ્રકૃતિ કાર્યાકાર પરિણામ પામતી ચાલે છે, અને અંતિમ કાર્યરૂપ પરિણામ પામતાં સુધી શબ્દબ્રહ્મ અંતર્યામીરૂપે સ્થિત રહે છે.

જે ક્રમથી આ વિશ્વના ધાતુરૂપ દ્રવ્યનું પરમબિંદુ ભેદાઇ વિશ્વની ગોલકાદિ દિવ્ય રચના અંતર્યામીના બલથી રચાય છે તે ક્રમથી પ્રત્યેક પૂર્ણાવયવી બિંદુ અથવા પિંડ ભેદાઈ અંતર્યામી બલથી પ્રત્યક્ષ દેહાકાર પરિણામ પ્રકટ કરે છે. જે ન્યાય બ્રહ્માંડમાં વિરાટ્શરીરની રચના અને નિર્વાહમાં પ્રવર્તે છે, તે જ ન્યાય પિંડાંડમાં સ્થૂલશરીરની રચના અને નિર્વાહમાં પ્રવર્ત્તે છે. આ કારણથી વિશ્વતંત્રના નિયમનું ભાન થવા શાસ્ત્રમાં ઉપા-

---

* જુઓ " શારદા તિલકઃ "—

भिद्यमानात्पराद्बिन्दोरव्यक्तात्मारवोऽभवत्

शब्दब्रह्मेति तं प्राहुः ॥

સકને પિંડગત તત્ત્વના નિયમનો અનુભવ કરવાનું વિધાન હોય છે, અને તે ક્રમ તે તે અધિકારીને સદ્‌ગુરુદ્વારા પ્રબોધાય છે.

બાહ્ય વેગવાળા અથવા પરાઙ્‌ગામી જીવાત્માને ભેદાયેલા બિંદુના ભીતર પ્રદેશમાં રહેલા અવ્યક્ત નાદને અથવા શબ્દબ્રહ્મને સ્ફુટ કરવા સદ્‌ગુરુશ્રી અમુક શબ્દવિશેષને સાધનરૂપે આપે છે, અને આ અધિકારની પરીક્ષા કરી અપાયેલા શબ્દવિશેષને મૂલાધારથી સ્વયભૂ સ્ફુરણરૂપે શિષ્ય અનુભવમાં લાવવા પ્રયત્ન કરે છે. આ દીક્ષામાં અપાયેલા શબ્દવિશેષને ઉપાસના શાસ્ત્રમાં “ મંત્ર ” એવી સંજ્ઞા અપાય છે, અને તેને મૂલમંત્ર પણ કહે છે.

જે શબ્દ શિષ્યનું મનનદ્વારા ત્રાણ અર્થાત્ રક્ષણ કરે છે તે મંત્ર કહેવાય છે- આથી આપેલા શબ્દનો પર્યાય શબ્દ અથવા તેના ભાષાન્તરનો શબ્દ મંત્ર ગણાતો નથી. અમુક ધ્વનિના આનુપૂર્વીવાળો શબ્દ અથવા શબ્દસમૂહ જ્યારે ગુરુથી અપાયેલા ક્રમથી મૂલાધારથી સહસ્રદલ ચક્રપર્યંત સેવાય છે ત્યારે તે ઇષ્ટાર્થને સિદ્ધ કરે છે. દરેક મંત્રનો ઇષ્ટાર્થ હોય છે અને તેને અધિષ્ઠાત્રી દેવતા કહે છે. જેમ अ, क-ઇત્યાદિ લિપિના અક્ષરો अ, क-ઇત્યાદિ ઉચ્ચાર થતા ધ્વનિના પ્રતીકો અથવા સંકેતમાત્ર છે, અર્થાત્ તે તે લિપિના અક્ષરોવડે ધ્વનિનો બોધ થાય છે; તેમ श्रीं, ह्रीं, ॐ ઇત્યાદિ બીજમંત્રોની લિપિ અથવા માતૃકાઓ લક્ષ્મી, માયા, બ્રહ્મ ઇત્યાદિ અધિષ્ઠાત્રી દેવતાના સ્ફોરક હોય છે.

એક જ અક્ષરવાળા મંત્રને પિંડ કહે છે, ત્રણ અક્ષરના મંત્રને કર્તરી કહે છે, ચારથી નવ અક્ષર સુધીના મંત્રને બીજ કહે છે; દસથી વીસ સુધીનાને મંત્ર એવું વિશેષ નામ આપવામાં આવે છે; અને તેથી અધિક અક્ષરના સમૂહને માલા કહે છે. મંત્રના પિંડ, કર્તરી, બીજ, મંત્ર અને માલા—એ રીતના વિભાગો પ્રયોગ કરનારે ખાસ લક્ષમાં રાખવા પડે છે, કેમકે મંત્રના જપની સાથે પ્રાણાયામ કરનાર પોતાના ક્રમના કાલનું માન એ મંત્રના લઘુ અને દીર્ઘ સ્વરૂપને અવલંબી કરી શકે છે. તે વિના ક્રમના કાલનો નિર્ણય બરાબર થતો નથી, અને કરવામાં આવે તો વૃત્તિવિચ્છેદ થાય છે. ઇષ્ટમંત્રના એક જપમાં કાલની ક્ષણનો નિર્ણય કરી એક માત્રા, બે માત્રા, ત્રણ માત્રા એમ ચઢતા ક્રમથી નાડીશુદ્ધિ પ્રાણાયામ કરનારને કાલ ઉપર ઝટિતિ અંકુશ આવે છે.

પ્રણવમંત્ર જેને ઉપાસનાકાંડમાં તારકબીજ અથવા બ્રહ્મ

બીજ નામ આપવામાં આવે છે તેને ઉદાહરણરૂપે લઇ આપણે વિશેષ ચર્ચા કરીશુ એટલે સર્વ સામાન્ય આ બીજમંત્રના સેવનક્રમના અતિદેશવડે પોતાને પ્રાપ્ત થયેલા ઇષ્ટમંત્રના સેવનનું ભાન સારી રીતે થઈ શકશે.

પ્રણવનો ધ્વનિ-ઓંકાર-શબ્દબ્રહ્મરૂપે સર્વ શબ્દમાં ઓત-પ્રોત થયેલો વિદ્વાનને ઉપાસનાના અવધિએ જણાય છે. એ ધ્વનિના મહિમાનો અને તેના સંકેતાર્થનો સ્ફોટ કરવામાં સર્વ અધ્યાત્મ—શાસ્ત્રની રહસ્ય પ્રક્રિયાઓ આલેખવી પડે તેમ છે, પણ તે લખવામા અને સમજવામાં ઘણો શ્રમ પડે તેથી સ્વલ્પમાં જણાવવાનું કે આ મંત્રનો ધ્વનિ ગુરુથી શિષ્યના ચિત્તમા દીક્ષાના ક્રમથી બીજરૂપે નખાયા પછી બીજમંત્રરૂપે પદ્માસન અથવા અન્ય કોઈ આસનને સિદ્ધ કરી મૂલાધારચક્રમાં તેને બિંદુરૂપે સાધકે સ્થાપન કરવો પડે છે, જેમ બાહ્ય શિવાલયમાં શિવલિંગની ગૌરીપટ્ટઉપર સ્થાપના થાય છે. તેમ આપણા દેહાલયરૂપ શિવમંદિરમાં આ તારક બ્રહ્મને—પ્રણવને—મૂલાધારસ્થ ત્રિકોણમા અર્થાત્ શક્તિના પ્રતીકમાં બિંદુરૂપે સ્થાપવો પડે છે ત્રિકોણમા પ્રણવને બિંદુરૂપે સ્થાપ્યા પછી સાધકના દેહાલયમાં શિવશક્તિનો અધિવાસ થયો મનાય છે, અને હવે જપમાર્ગે આ શિવશક્તિનુ સામરસ્ય તેણે પ્રકટ કરી મંત્રસિદ્ધિ કરવાની હોય છે. સ્વયંભૂ શિવલિંગની ઉદ્દીપ્તિ કરવાનો પ્રણવમંત્રનો મૂલાધારમાં આદ્ય ધ્વનિ ઉત્પન્ન કરવો એને કામકલા કહે છે, કેમકે સાધકના ઇચ્છાના વિષયનો આ પ્રથમ બીજનિક્ષેપ છે, અને તે પછી મંત્ર વાગ્દેવતારૂપે વિકસિત થાય છે. જેમ ભૂમિમાં નાંખેલું બીજ ઉન્મુખ થઇ ભેદાઈ અંકુરરૂપે બહાર પડે છે તેમ આ મંત્રબીજ મૂલાધારમાં ઉન્મુખ થઇ જ્યોતિર્લિંગરૂપે· સ્વાધિષ્ઠાનપર્યંત વિસ્તરે છે.

---

* જુઓ યોગતત્ત્વોપનિષદ્—

मननात्त्राणनाच्चैवं मद्रूपस्यावबोधनात्

मन्त्रमित्युच्यते ब्रह्मन्मदधिष्ठानतोऽपिवा ।

मूलत्वात्सर्वमंत्राणां मूलाधारसमुद्भवात्

मूलस्वरूपलिंगत्वान्मूलमन्त्र इतिस्मृतः ॥

ભાવાર્થ:—પ્રણવનું મનન કરવાથી રક્ષણ થાય છે તેથી

મૂલાધારથી સ્વાધિષ્ઠાનપર્યંત મૂલમંત્રગત શબ્દબ્રહ્મનો ઉન્મુખીભાવ થવો તેને યોગશાસ્ત્રમાં મંત્રોદ્દ્ભવ થવો—એમ કહે છે. આ મંત્રોદ્દ્ભવ અથવા અંકુરને દેહસ્થ જ્યોતિર્લિંગ પણ કહે છે, અને તેનું પ્રતીક અથવા સંકેત ત્રિકોણસ્થ બિંદુ ગણાય છે. ત્રિકોણસ્થ બિંદુ  મૂલમંત્રનુ બાહ્ય પ્રતીક અથવા બોધક ચિહ્ન છે, અને તેવા ચિહ્નને ઉપાસનાશાસ્ત્રમાં યંત્ર કહે છે, કેમકે તેમાં સાધકની સંસારવાસનાનું નિયંત્રણ થઈ અધ્યાત્મવાસના કેન્દ્રગામી થાય છે. મૂલાધારસ્થ ત્રિકમાં અંત પામતા પૃષ્ઠવંશમાં છેવટના બિંદુમાં મંત્રોદ્દ્ભવ થયા પછી સ્વાધિષ્ઠાનપર્યંત તે શબ્દબ્રહ્મનુ જ્યોતિ પ્રસરે છે અને ત્યાર પછી પ્રણવની કામકલા બદલાઇ વાગાત્મક સ્વરૂપ પ્રકટ થાય છે. કામકલામાં પ્રણવનુ વાચ્યવાચકસ્વરૂપ વિસ્પષ્ટ હોતુ નથી, માત્ર સાધકની ઇચ્છાશક્તિવડે તેને ઉન્મુખ કરવામાં આવે છે. પરંતુ ઉન્મુખ થયેલો મંત્ર સ્વાધિષ્ઠાનઉપર અંકુરિત થઇ વાગ્દેવતારૂપે પલ્લવિત થાય છે, અર્થાત્ પ્રણવના ધ્વનિનો સ્ફોટ થાય છે, અને જેમ એકાન્ત વનમાં ભૂમિઉપર શયન કરનાર પ્રવાસીને દૂરના ઘોડાના ખરીના ધ્વનિનાં આંદોલનો કાનસાથે અથડાઈ શબ્દનું ભાન થાય છે, અને અંતરને થતું નથી; તેમ મણિપૂરચક્રમાં સુષુપ્ત કુંડલિનીના નિવાસસ્થાનમાં શબ્દવૃત્તિને નાંખનાર સાધકને સમગ્ર દેહમાં અનુરણન પામતા આ આદ્ય મંત્રનો ધ્વનિ અનુભવમાં આવે છે, અને તે અનાહતચક્રપર્યંત વિસ્તરે છે. આ અનાહત ધ્વનિ વસ્તુત મૂલમંત્રનું પશ્યંતીરૂપે પરિણમન છે.

પ્રણવમંત્રનું પશ્યંતીરૂપે પરિણમન થતાં તે મૂલમંત્ર માતૃકાના વર્ણરૂપે પ્રકટ થાય છે અર્થાત્ બિંદુસાથેના ત્રિકોણમાં મૂલાધારમાં તેના ચતુર્દલમાં **व, श, ष,** અને **स**—એ વર્ણધ્વનિ સ્ફુરે છે, અને તે તે અક્ષરો પ્રતીકરૂપે પશ્યંતી વાણીમાં જણાય છે; વળી સ્વાધિષ્ઠાન ચક્રમાં **ब, भ, म, य, र, ल**—એ ૭ વર્ણના ધ્વનિઓ અને

તથા સ્વરૂપનું ભાન થાય છે તેથી મંત્ર કહેવાય છે. વળી સર્વ મંત્રોના મૂલભૂત હોવાથી, અથવા સ્વરૂપના અધિષ્ઠાનમાંથી ઉદય થતો હોવાથી, અથવા મૂલાધારમાંથી તેનો ધ્વનિ સ્ફુરતો હોવાથી, અથવા મૂલ પરમાત્મસ્વરૂપને સૂચન કરતો હોવાથી તે મૂલમંત્ર ગણાય છે.

તેના અક્ષરોરૂપ પ્રતીકોઉદય થાય છે. આ બે ચક્રના ચાર અને ૭ વર્ણોસાથે દશ અધિક વર્ણનો વિસ્તાર મણિપૂરના દશ દલમાં **ड** થી **फ** સુધીની માતૃકાઓમાં થાય છે; દશદલ અને મૂલાધાર અને સ્વાધિષ્ઠાનનાં સંપુટો મળી બાર કલાવાળા અનાહત ચક્રના બાર દલમાં **क** થી **ट** સુધીની બાર માતૃકાઓ વાચ્યવાચકરૂપે અર્થાત્ ધ્વનિ અને વર્ણરૂપે પ્રકટ થાય છે. ત્યાંથી ઉપરિભાગમા કંઠસ્થ વિશુદ્ધ ચક્રના ષોડશ દલમાં સોળ **अ**કારાદિ સ્વરોની માતૃકાઓ વાચ્ય વાચકરૂપે અભિવ્યક્ત થાય છે, અને તેમાં મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂર અને અનાહત—એ ચાર ચક્રો માતૃકાસહિત, અને અનાહત ચક્રની ચઢતા ક્રમની બાર માતૃકાઓ મળી સોળ શક્તિઓ **अ**કારાદિ સોળ સ્વરના પુરુષભાવસાથે સંયુક્ત થાય છે, અને ત્યાર પછી કંઠ દેશમાં માતૃકાઓ મધ્યમાનુ રૂપ પકડે છે, અને મુખના ઓષ્ઠ, તાલુ, આદિ વાણી સ્થાનોને ક્ષોભ આપી વૈખરી વાણીરૂપે અન્ય સમજે એવી રીતે ધ્વનિ પ્રકટ થાય છે. આ મૂલમંત્રનો વિસ્તારક્રમ અહિં સુધી આકાશગામી થતો નથી, પણ મુખમાં આવ્યા પછી મૂર્ધાના નભોમાર્ગમા પ્રવેશ થતાં આજ્ઞાચક્રના બે દલમાં **ह**—અને **क्ष** અથવા પ્રકારાન્તરે **हंस** એ રૂપે અભિવ્યક્ત થાય છે. અને આ પ્રમાણે મૂલ પ્રણવમંત્ર પચાસ માતૃકાના રૂપે મૂલાધારાદિ ૭ ચક્રમાં પૃષ્ઠદંડના વંશમાં થઈ સહસ્ર દલમાં ઊર્ધ્વગામી થાય છે અને ત્યા અજપા ગાયત્રીરૂપે પ્રણવ ધ્વનિ **सोऽहम्**—તે પરમાત્મા હું છું "—આ ભાવનાસ્ફોરક દિવ્યનાદના અખંડ ગુંજનમાં **स** અને **ह** રૂપ વ્યંજનોનો લોપ થતાં ઓંકારરૂપે અણુ અણુમાં પ્રસરી રહે છે. મંત્રનો આ દિવ્ય પરિણામ પ્રકટ થતાં વાચ્યવાચકભાવ લુપ્ત થાય છે, શિવશક્તિનો અખંડયોગ સિદ્ધ થાય છે, અને મંત્ર સિદ્ધ થયો ગણાય છે.

પ્રણવમંત્રનો મૂલાધારમાં બીજરૂપે અધિવાસ થવો, તેનો નાદ-રૂપે અનાહતમાં ક્રમશઃ પરિણામ થવો, તેનો પચાસ માતૃકારૂપે ૭ ચક્રોમાં શાખા પ્રશાખારૂપે વિસ્તાર થવો, અને અંતે નભોમાર્ગમાં થઈ સહસ્રદલ પદ્મમાં પુનઃ સમરસભાવે અજપા ગાયત્રીના દિવ્ય નિનાદરૂપે અભિવ્યક્ત થઈ જીવનું વાસ્તવ શિવરૂપ થવું—આ મંત્રજપનુ સૂક્ષ્મ રહસ્ય છે.

આ રહસ્યનો પ્રતીકદ્વારા અર્થાત્ સંકેતદ્વારા પ્રકાશ કરવા સારૂ યંત્રોની રચના હોય છે, અને તે બાહ્ય પૂજામાં ઉપયોગમાં

આવે છે. તેવા ઘણા યંત્રોપૈકી આપણે ત્રિકોણસ્થ બિંદુનું ઉદાહરણ આપ્યુ છે, અને તેવા યત્રોની પરાકાષ્ઠા શ્રીયત્રમાં આવી રહેલી છે. જેમાં સઘળાં અધિભૂત, અધિદૈવ, અને અધ્યાત્મ તત્ત્વોનાં પ્રતીકો, રેખા, ત્રિકોણ, ભૂપુર, બિંદુ વગેરે ચિન્હોથી જણાવવામાં આવે છે.

આ યત્રોનો બાહ્ય પૂજનવિધિ સવિસ્તર જે શાસ્ત્રમા પ્રતિપાદન કર્યો છે તેને તત્ર કહે છે, અને તેવાં ઘણાં તત્રો શુભાગમ અને અશુભાગમરૂપે આલેખાયેલાં છે.

ઇશ્વરેચ્છા છે તો અન્ય પ્રસંગે આ તત્રશાસ્ત્રના મુખ્ય પ્રમેયોનું વિવેચન કરીશું.

नर्मदाशकर देवशकर मेहता.



॥ ॐ श्रीँ ॥

कीर्तनो.

परमात्माप्रति प्रारंभक प्रणति.

પદ ૧ (પ્રભુ સચ્ચિતસુખસાગર છે, એ લય.)

જય પ્રેમાસ્પદ પરમ પ્રભુ! પ્રણુતિ કરીએ પ્રેમથી,
ઘટ ઘટમાં છો વ્યાપ્ત વિભુ! પ્રાણિમાત્રના છો પતિ.
પ્રભુ સઘળે, પ્રેમરૂપે છો રહ્યા,
સમગ્ર આકર્ષાએ છે, તેથી પરસ્પરના પ્રતિ,—
એ જ પ્રેમના કારણે, રસમય સઉ દેખાય,
જેના આવિષ્કારમાં, અનવધિ જીવન લહાય,
તેવો નિજ દિવ્ય પ્રેમ સઉમાં જગાવજો;—ઘટ૦
અનુભવી જન જેને સદા, ' પ્રેમામૃત ' કહી ગાય,
અજબ ખુમારી ઉર ઉઠે, પીતાં મન ન ધરાય,
પ્રેમામૃત પાઈ આજ પ્રેમી કહાવજો;—ઘટ૦

जयजयपूर्वक सत्कार.

પદ. ૨ (હાંરે પ્રેમ સાચો પ્રભુતણુ ધામ છે એ લય.)
આવો બંધુ! આવો પ્રેમે પ્રભુદ્વારમાં,
સ્નેહવડે વદીએ ' જય જય ' આવકારમાં,
વદીએ આવકારમાં; આવો૦
સ્વાર્થવિનાના વિશુદ્ધ ભાવે ભેટીએ,
સાચા સમર્થ સદ્‌ગુરુને ચરણુ લેટીએ,
સાચો વિશ્રામ એ સંસારમાં,
આરામ એ સંસારમાં; આવો૦
જેની કૃપાથી ભીતિમાત્ર ભાગતી,
સહજે સધાયે સર્વોત્કૃષ્ટ ઉન્નતિ,—
પરમાર્થમાં ને વ્યવહારમાં; આવો૦
અંતરમાં આત્મસ્વરૂપ અનુભવ્ય[1] જે,

---

૧ અનુભવવા યોગ્ય.

તેને અનુભવવું એ આપણું કર્તવ્ય છે,—
આવીને માનવ અવતારમા; આવો૦
તેની સિદ્ધિઅર્થે નરહરિ ક્ષણે ક્ષણે,—
સ્મરીએ એકત્ર થઇ આજ, જેથી આપણે,-
પલટાઇએ પ્રભુના આકારમાં; આવો૦

प्रयत्नपूर्वक अर्थसिद्धि करवा साधकोप्रति प्रोत्साहवचनो.

પદ. ૩ (હરિ હરિ કૃપા કરી મેળવજો, એ લય.)

પ્રિય મુજ પ્રયત્નને આદરજો, વીર ! અર્થસિદ્ધિને વરજો.
વિઘ્નઉપર વિઘ્ન આવે ભલે પણ, તસુએ ન પાછા ફરજો,
સાચા ક્ષત્રીય બનીને આગળ,—ને આગળ ડગ ભરજો;— વીર !
ખાનપાન ભોગોને છોડી ચિત્ત વિજયમાં ધરજો,
એક વિજયવિણુ બીજું ન સ્વપ્ને, અંતરમા કદી સ્મરજો,—વીર!
નિષ્ફળતાકરતાં આ જગમાં, મરણને ઉત્તમ ગણજો,
કાર્યસિદ્ધિને કોઇ રીતે વીર !, આ જ દેહમાં લણજો,— વીર !
હારો જે ક્ષણુ તે ક્ષણુ ઉરમાં, ઉંડા વીર ! ઉતરજો,
સહાય અંતર્યામી થાશે, જેથી ભય પરહરજો,— વીર !
ધ્રુવ ભગીરથને વૃત્તિથી, ક્ષણુ પણ નવ વિસરજો,
નિજ અંતરમાં ઈશ્વરને લહી, પ્રાપ્ત અશ્રદ્ધા હરજો;— વીર !
મનુષ્યરૂપમાં છો ઈશ્વર એ, ભૂલી ન દીનતા દળજો,
સમર્થ છો, ઇચ્છો તે કરવા, લહી ઈશપદમાં ભળજો;— વીર !
સિદ્ધ કરી ક્રમથી સઉ અર્થો, સ્વતંત્ર થઈ વિચરજો,
જ્યાં ન રહે, અવશિષ્ટ કાર્ય કંઇ, તે પદ આવી ઠરજો,— વીર !

जगन्नाथ.

प्रवृत्ति तथा निवृत्ति ए उभय मार्गमांथी पोताना अधिकारानुसार मार्गे वाळवा श्रीइष्टप्रति साधकनी अभ्यर्थना.

પદ. ૪ મહાડ.

હું દુર્બલને દોરનાર, મારે તારો છે આધાર;
મુજ દૃષ્ટિઆગળ વિસ્તરેલા, બે માર્ગો દેખાય,
તેમથી કોણ માર્ગે જાવું, તે ન મને સમજાય, મારે૦
એક માર્ગમાં જણાય મુજને, સુખ અને આનંદ,
બીજા માર્ગે કર્તવ્યકેરો, ભાર દિસે અત્યંત; મારે૦
એવા બે માર્ગોઆગળ હું, ઉભો શિથિલ થઈ નાથ !
આશભર્યાં હૃદયે જોઉં વાટ હું, ગ્રહીશ તું મારો હાથ; મારે૦

મુજ અસ્થિર દુર્બલ ચરણોનો, ચાલક થઈને તું જ,
પ્રવૃત્તિ ને નિવૃત્તિના, સંમુખ માર્ગ જણાય,
મારે મન તો બેઉ સરખા છે, આવું જ્યાં તુ લઈ જાય, મારે૦
નથી પ્રવૃત્તિથી હું ડરતો, નિવૃત્તિનો ન ચહું ત્યાગ,
માત્ર મને તુ સૂચવી દે કે, જાવુ મારે કોણુ માગ[1], મારે૦
મારી યોગ્યતાને તું વિચારી, એવે માર્ગે પ્રેર,
જે માર્ગથી શીઘ્ર ગતિથી, મેળવુ તારી મ્હેર; મારે૦

हृदयपूर्वक कार्य करवा मन प्रति सुबोधवचन.

પદ૦ પ (રમણિયતાનુ ભાન, કર મન, એ લય.)

અંતરથી કરનાર, થા મન !, અંતરથી કરનાર.
કરતો તુ આસન પ્રાણાયામ, જાપ જપે તુ અપાર,
પણ જો ઉપરનુ જ હશે તો, વ્યર્થ જ તે થાનાર,—
ધ્યાન ધરીશ આંખો મીંચીને જોઇશ મહિં દૃશ્યલ્હાર,
' સુખ પામીશ ' એ તુજ આશાનો, ખાલી જશે તો બહાર,—
' सर्वे जना सुखिनो भवन्तु '[2] એ સદ્‌ભાવના વદનાર,
મુખથી નહિ પણ અંતરમાથી, થા તેનો બોલનાર,—
પ્રભુ પામુ ધ્રુવજીની પેઠે, લક્ષ્યે ભલે એ ધાર,
વિહિત ક્રિયામાં પણ ન વધીશ તો, વધીશ ન લક્ષ્યે વા'ર,—
દાન કરીશ તુ વિવિધ ભાતિના, ગણાવવા દાતાર,
તો દાતાપદમાં સ્થિત થાતા, જાણ હજુ છે વાર:—
(માટે) જેહ ક્રિયાઓ કરે તુ તારો વધારવા અધિકાર,
તે અંતરથી સાધીશ તો તુજ, પાસા પડે પોબાર,—
અંતરનુ અંતર દે ટાળી, પછી કઇ કરી જો લગાર,
જાણીશ તવ તુજ ઈપ્સિતના, (તુજ) અંતર્યામી પૂરનાર;—

तमे—बंधु !—तेम.

પદ૦ ૬ (તેજ જીવે છે, તેજ જીવે છે. એ લય.)

કોઈ એક કાજે જગત્ આજે, વાટ તો જોઇ રહ્યું,
આતુરતા ઉત્સુકતાથી, રાહ એ જોઈ રહ્યું,
જે જગતણી ઉન્નતિ કરે, તે રાહ તેવાની જુએ,
જે ક્લેશકેરા આંસુડાંને, શાંતિ આપીને લ્હુએ.

---

૧. માર્ગ રસ્તો. ૨. પ્રાણિમાત્ર સુખી થાઓ.

કોણ હશે એ ? કોણ હશે એ ?' પૂછો અવિચાર્યે શું મને ?
બીજું ન કો પણ બંધુ મારા, એવા એક છો તમે—તમે.

કંઈ કાળથી આ જગત્ આતુરતાથી રાહ જુએ સદા,
આશ્વાસનાદિક દેઈને, તેની હરે જે આપદા;
સદ્ધર્મને જે પોષીને, સદ્બોધ સ્નેહે આપતો,
જે પ્રેરતો સમયાનુચિત હિતમાર્ગમાં, ભય કાપતો;

'કોણ હશે એ ? કોણ હશે એ ?' પૂછો શું શંકા આણી મને,
બીજું ન કો પણ બંધુ મારા, એવા એક છો તમે—તમે.

એક કાજ વાટ જુએ જગત્, જે કાર્ય સ્નેહભર્યું કરે,
દુઃખી થનો જાતે છતાએ, અન્યનાં દુઃખો હરે;
તો ઉઠોને કરીને ત્વરા, હે સકલ માનવ બંધુઓ !
રેલાવજો જ્યાં જે ઘટે, સુખસિંધુઓ ને બિંદુઓ.

'કોણ હશે એ ? કોણ હશે એ ?' હવે ન પૂછશો તમે મને,
બીજું ન કો પણ બંધુ મારા, એવા એક છો તમે—તમે.

जीवनदेशनुं अतिक्रमण करी निर्भयताने प्राप्त साधकना उद्गार.

પદ. ૭ (અંજલીએ અમૃત પીધું રે,—એ લય.)

ભવભય સઉ દૂર મે કીધો રે, ગગને ચઢીને આજ. મે તો—
અનુભવ કો અનુપમ લીધો રે, ગગને૦

સર્પસમા કઈ માનવી, ભૂતલપર અથડાય,
નાના દુઃખો ભોગવે, શાંતિ લહે ન જરાય,
મુજ માર્ગ શોધી મે લીધો રે; ગગને૦

અદ્ભુત ગગનવિષે રહ્યું, સુખ જે ન વર્ણી શકાય;
ભૂતલપર વસનારની, જ્યાં લક્ષણા ન જાય,
તે સુખપ્યાલો મે પીધો રે, ગગને૦

સદ્ગુરુએ લક્ષણારૂપી, દીધી નિસરણી શુભ;
આશ્રય ગ્રહી તેનો કરી, પ્રાપ્ત, સ્થિતિ ઉત્તુંગ.
મળ્યો માર્ગ મને બહુ સીધોરે, ગગને૦

સુખ શાંતિ આ પ્રદેશની, બીજાથી ન લહાય,
ગરુડગતિ દુર્દરથી, કેમ કરી કલ્પાય,
નભસ્થિત મુજ લક્ષ્ય મેં વિંધ્યો રે, ગગને૦

પરમાનંદ અને વળી, પરમ શાંતિની માંહ્ય,
કાલ લહું હું વીતતો, સ્વલ્પ ન જ્યાં દુઃખછાય,
ઠર્યો આવી (જ્યાં) ઠર્યા વેદવિદોરે; ગગને૦

जगन्नाथ.

श्री इष्टासक्त व्रात्तिए श्री इष्टदर्शनार्थे साधेलां विविध साधनोनुं श्री इष्टप्रति कथन, अने परिणामे समग्र साधनोना सहकारि अनुष्ठाननो निश्चय.

પદ. ૮ (સત્યજ્ઞાનની કુંચી. એ લય.)

હું તો બોલાવી થાકી, કંઈક બોલ દો વહાલા !
હું તો તેડાવી થાકી, કંઈક કે'ણુ દો વહાલા !
આપ પ્રતિમા પૂજી પ્રથમ મેં, કરી વિવિધ ઉપચાર જો,
ધપ દીપ નૈવેદ્ય ધર્યું વળી, ચઢાવીયા મેં હાર જો,
(પણ) પ્રતિમામાં નવ હાલ્યા ચાલ્યા, મેં જાણ્યું જે ઠગીયા ઠાલા,
નાથ નથી કંઇ ભોળા બાળા; બોલાવી૦
તનમન મદિર સુદર કરવા, કીધાં મે વ્રતરાજ[1] જો,
'તપ'રૂપ બ્રાહ્મણ પછી મેં પ્રેર્યો, તમને તેડવા કાજ જો,
આપ નામની ફેરવી માળા, તો એ મેં નજરે ના ભાળ્યા,
શમાવી ના જરી વિરહની જ્વાળા, બોલાવી૦
તેડી લાવવા તમને પછી મે, પ્રેર્યો મારો 'પ્રેમ' જો,
પછી મે ' સેવકભાવ ' મોકલ્યો, તો એ ના'વ્યા કેમ જો,
કહાવ્યા વળી મેં વચનો કાલાં, સ્નેહભરેલાં અને રસાળાં,
(છતા) ના'વ્યા રઢ છોડી રઢીયાળા; બોલાવી૦
તેનાથી પણ ના'વ્યા ત્યારે મોકલી ' ભક્તિ ' નાર જો,
તે પાછી આવી તવ મોકલી, મેં ' શ્રદ્ધા ' સુકુમાર જો,
મનથી કર્યા મે કાલાવાલા, શુણ્યા છતા ના બોલ્યા ચાલ્યા,
વહાલે વદને વાસ્યાં તાળાં, બોલાવી૦
સ્નેહ ભરી પછી 'સ્તુતિ' મે પ્રેરી, તો એ ના'વ્યા નાથ જો,
'યોગસિદ્ધિ' ને પછી મેં પ્રેરી, નાવ્યા તેની સાથ જો,
'હુંમમભાવના'રૂપી બાળા, મોકલી પણ ન ઉઠ્યા છોગાળા,
એવી કેઇએ તમને ઝાલ્યા; બોલાવી૦
સઘળાં સાધન સાથે લઈને કરશું નાથ ! પ્રયાણ જો,
આવી આપને દ્વારે જાણો, વિછોડવાને પ્રાણ જો,
સ્ત્રીહત્યાના પાતક કાળાં, હાવે તમને જાણો આલ્યાં,
કાં તો પ્રકટ થજો પ્રેમાળા; બોલાવી૦

---

[1] શ્રેષ્ઠ વ્રતો.

તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિવિના મુક્તત્વનો અસંભવ.

પદ. ૯ (થશે શાંતિ ત્યારે આ અંતરમાં, એ લય.)

નથી મુક્તિ થતી કદી જ્ઞાનવિના,
જ્ઞાનવિના, જ્ઞાનવાન્ વિના; નથી૦
રજતમમલ છુટવા નથી કલ્પે, તત્ત્વનદીમાં સ્નાનવિના;—
જન્મમરણ સહજે નથી ટળવુ, જ્ઞાનામૃતના પાનવિના;—
સમસર્વત્રસ્વરૂપ ન લહાતુ, તત્ત્વતણા દૃઢ ધ્યાનવિના,
અભેદભાવ નથી દૃઢ થાવો, અહં બ્રહ્મના ગાનવિના;—
સર્વોત્તમ ફલપ્રદ નથી બીજુ, તત્ત્વજ્ઞાનના દાનવિના,—
તત્ત્વજ્ઞાનના શિખરે ચઢજે, શાંતિ નથી એ સ્થાનવિના;—
સમર્થ આવુ જ્ઞાન ન મળતું, કદી ઉપેન્દ્ર ! ભગવાન્વિના.—

જોઇએ છે ! જોઇએ છે ! !

પદ. ૧૦ (લાવણી.)

કર્તવ્યો ઉત્તમ રીતે સાધે, એવો નર જોઇએ છે,
નિસ્વાર્થ સેવા કરનારો, એવો અનુચર જોઇએ છે.
પ્રેમને અર્થે પ્રાણ પસારે, એવો પ્રેમી જોઇએ છે,
સદાચારના વ્રતને કરનારો દૃઢ નેમી જોઇએ છે
સર્વ સમયમાં સહાય આપે, એવો સ્નેહી જોઇએ છે,
વીતરાગને અલિપ્ત એવો, જનકવિદેહી જોઇએ છે.
સમયોચિત કર્તવ્ય જણાવે, (એવો) સ્મૃતિકાર એક જોઇએછે;
અન્ય હિતાર્થે ત્યજે સકલ, એવો ઉદાર એક જોઇએ છે.
સુધરીને સુધારે એવો, દેશસુધારક જોઇએ છે,
સદ્ધર્મોદ્ઘાટન કરનારો, ધર્મોદ્ધારક જોઇએ છે
પ્રીતિ પરસ્પરમાં ધરનારાં, દંપતી ઘેર ઘેર જોઇએ છે,
શ્રદ્ધાનાં શુભના વચનો કહેનારા ઠેર ઠેર જોઇએ છે.
સ્પૃહાવિના પણ બધુભાવથી, પ્રત્યુપકારક જોઇએ છે;
અચલભાવ ગુરુમાં ધરનારો, એવો સાધક જોઇએ છે.

જોઇએ છે, જોઇએ છે ઘરઘર, પતિવ્રતા સ્ત્રી જોઇએ છે,
કલેશભર્યા સંસારને સ્વર્ગસદનસમકર્ત્રી+ જોઇએ છે.
પતિને પ્રભુ માનીને પતિની સેવા કરતી જોઇએ છે;
સહાય કરી પતિના કાર્યે, પતિશ્રમને હરતી જોઇએ છે.

+ સ્વર્ગ સદન જેવું કરનારી.

પવિત્રતા, મનહરતા, મૃદુતા, મધુરતાભરી જોઇએ છે,
પતિને પ્રસન્ન કરવા અર્થે, મુખની સ્મિતભરી જોઇએ છે.
દર્શન કરતાં પૂજ્યભાવ પ્રકટાવે એવી જોઇએ છે,
ઉત્સાહવચનથી હૈયું હરખાવે એવી જોઇએ છે.
આત્મપ્રકાશિત બુદ્ધિથી મન છાઈ દેનારી જોઇએ છે,
જીવનરસનો લ્હાવો આપીને લેનારી જોઇએ છે.
અન્ય સ્ત્રીઓનું હિત કરી, તેની દુ:ખભાગિની જોઇએ છે.
નિજ ગૃહને સુખસાગર કરનારી ગૃહરાજ્ઞી જોઇએ છે.

ज्ञानप्रकाश अर्पवा श्रीसद्गुरुपरमात्माप्रति विज्ञप्ति.

પદ. ૧૧ (હૃદયમલ ટાળોરી, એ લય.)

પ્રકાશને દાખો રી, નરહરિરાય;—
અંધકારમાં પ્રભુ અટવાઉ, વ્યર્થ દીસે મુજ આંખોરી;—
ક્યાં જઉં શું કરૂં કાંઈ ન સૂઝે, કર્તવ્ય આપ જ ભાખોરી;—
શાથી હિતાહિત ન ભાળું, વિદારી આ સ્થિતિ નાંખોરી;—
રાત્રિ હજી પ્રભુ કેમ ન વીતે, જન્મ જવા બેઠો આખોરી,—
નિજજનનું કેવી રીતે દયાનિધિ-થઇ, કષ્ટ આ જોઇ સાંખોરી,—
સંભાળ હું અજ્ઞ અંધની કાંઈ, તાત ! હવે તો રાખોરી,—
આપવિના નથી આશ્રય બીજો, શરણાગતપ્રતિ ઝાંખોરી;—

जगन्नाथ.

मनुष्य दूषित थवामां जगत्नो संबंध मुख्य कारणरूप नथी; जगत् ईश्वरनी विभूति होवाथी सुंदर छे. मनुष्यने मलिन राखनार तेनी असावधानता छे.

પદ. ૧૨ (મોરી કામનીયાં, એ લય.)

રહ્યો ક્યાં છે તું વસી, વીરા ! વિચારને;
તું તે રહેતો હસી કે પાડે અશ્રુધારને.
નથી કોલસાકેરી ખાણમાં, વસી રહ્યો તું ભાઈ!
પ્રભુના સુંદર જગતવિષે છું, ઉર વિચાર જે કાંઇ; રહ્યો૦
તેથી તુજ આ શરીર મનને, કાળું કાળું જોઇ,
રખે ઉપેક્ષા કરતો તેની, સાવધતાને ખોઈ, રહ્યો૦
નથી રહ્યો તું ભાઈ! જરીએ કાજળકોટડી માંહ્ય,
તોએ તુજપર મેશ નિરખતાં, સાવધ કાં ના થાય; રહ્યો૦
નથી પડ્યો કંઇ ઉકરડામાં, જેથી તું ગંધાય,
અત્તરના કુંડે છું તુજમાં, રખે કુવાસ જણાય; રહ્યો૦

નથી પડ્યો તુ અંધારે જે, આમ તેમ અથડાય,
પડ્યો આખડ્યો જો ક્યાંહિ તો, ભૂલ તે તારી ગણાય. રહ્યો૦
"રહ્યા છીએ આ જગત્‌વિષે, તે મલિનતા તો થાય,
એવુ ભૂલભરેલુ જોજે, તુજ ઉર રખે મનાય; રહ્યો૦
જગત્ વસ્તુતઃ મલિન નથી, જેવી દષ્ટે જોવાય,
તેવું તે બની તુજને પાછું, તેવે રૂપે જણાય; રહ્યો૦
માટે જગને દોષ ન દેતો, તુજ દૃષ્ટિ દૂષિત,
વહોરે છે તુ હાથે કરીને, તેથી તારૂ અહિત. રહ્યો૦
જગને ખરાબ કહીને તુજને, ઠગતુ તારૂં મન,
ખરૂં જોતાં તે જાતે ખોટું, સાવધ થા તો ધન્ય; રહ્યો૦
જગને કાજળની કોટડી કે, ખાણ રખે તુ જાણ,
એતો મહાલય પ્રભુનો, જ્યાં રહી, વિવેકી લે સુખલ્હાણ; રહ્યો૦

'मारुं तारुं' ए ममत्वनुं मिथ्यात्व.

પદ. ૧૩ ગઝલ,

આ અમારૂં, આ તમારૂં, જાણનારા ઓ જનો !
શો વિષય તેમાં રહ્યો, જરી તો કહો તમ હિતનો ?—
આનંદકેરા સ્થાનમાં, આનંદ ભંગ કરાવતો,—
એ શબ્દ 'મારૂ–તારૂં' નો ઉચ્ચાર શાથી ફાવતો ?—
મિત્રો થઇને મ્હાલતા, જન બે જુઓ સંગે ફરે,
તે 'મારૂ–તારૂં' ઉચ્ચરીને, કોઇ દિવસ લડી મરે.—
માતાતણું આ કુમળુ–એક બાળ આજ મરી ગયુ,
'હાય–હાય–મારૂ' કરીને, વ્યર્થ અંતરને દહ્યુ,—
"મારૂં–મારૂ' વ્યર્થ થયુ ને, બાળ પાછુ ન આવીયુ,
હે માત ! તેં તારે હૃદે, એ વાક્ય શાને ભાવીયુ ?—
'મારૂ—મારૂં' વ્યર્થ કરીને, એ જ વાક્યે રમી રહ્યા,
તેમાં તમારૂં જે હતું હિત, તેહ પણ વિસરી ગયા.—
દ્રવ્યવાને દ્રવ્યને 'મારૂં' કહ્યું તો શુ વળ્યુ ?
કોઇ ગરીબનું દુઃખ જો તે દ્રવ્યથી કદી ના ટળ્યું;—
આ શરીર પણ 'મારૂં' ગણીને, બહુ વીધિથી સાચવ્યું,
પણ એક સમયે તે વિલાતાં, વ્યર્થ થયું 'મારૂં' લવ્યું;–

આમ બહુ વાતો મહિ, આ ' મારૂ-મારૂ ' કરી મરો,
પણ તેથી શું છે લાભ ? તેનો ખ્યાલ તો કાંઇ ધરો,—
કાંઈ તમારૂ આંહિ છે નહિ છાપ વાંચી ભલે જુઓ,
(માટે) છે પ્રભુનુ સર્વ માની, ભ્રાંતિને બંધુ ! ખુઓ;—

પુજાલાલ.

दृश्यनुं विनाशित्व जोइने तेमां विराग प्रकटाववा आसक्त जीवने उपदेश.

પદ. ૧૪. (હજી કાં જ્ઞાનના આને એ લય.)

હજી વૈરાગ્ય શું ના'વે ? હજી વૈરાગ્ય શું ના'વે, ?
પ્રીતિ, શો સ્વાદ પ્રકટાવે ?
આજ સુધી તેં તો ગણી, જે જે વસ્તુ નિત્ય,
આ ક્ષણ તુજઆગળ થઇ, નહિવત્ તેહ પ્રતીત;
છતાં ઉર શું ન ધ્રુજાવે, છતાં ઉર શું ન ધ્રુજાવે,
નિરસતા શું ન ઉપજાવે ? હજી૦
ખેલાવ્યાં ખોળે લઈ, જેને ધરી ઉલ્લાસ,
પોતાનાં જાણ્યા છતા, રહ્યાં ન આજે પાસ;
પ્રસગ શું એ ન કંપાવે ? પ્રસગ શું એ ન કંપાવે ?
ન દૃશ્યાસક્તિ ભૂલાવે ? હજી૦
દૃઢ આલિંગન પ્રેમનાં, જેને દીધાં કાલ,
પરવશતાથી થઈ રહ્યાં, ન્યારાં જો ! તે હાલ;
ન બોલાવ્યાં ફરી આવે, ન બોલાવ્યાં ફરી આવે,
ન શું એ ક્ષોભ ઉપજાવે ? હજી૦
ચરણો જેનાં ચાંપતો,કાલે ધરી અનુરાગ,
આજે તુજ હસ્તે મૂકે, તેના મુખપર આગ;
ક્રિયા શું એ ન થરકાવે, ક્રિયા શું એ ન થરકાવે !
જગે શું સાર દર્શાવે ? હજી૦
(જેણે)કાલ સુધી તો સાચવ્યાં, કરીને યત્ન અગાધ,
સઘળો પ્રેમ વિસારીને, તે જ ચઢાવી કાંધ,
સ્મશાને આજ તે લાવે, સ્મશાને આજ તે લાવે,
મુખે વળી અગ્નિ મૂકાવે; હજી૦

વડિલસમા જેને ગણ્યાં, માન્યાં સ્વજનસમાન,
ગુરુ જન જાણ્યા તેહ પણ, ચાલ્યા સર્વ સ્મશાન;
અચલતા કયાં રહી હાવે ? અચલતા કયાં રહી હાવે ?
અનિશ્ચિત વિશ્વ જ્યાં કહાવે, હજી૦
પ્રકટે તો પ્રકટાવજે, દઢ આ દશ્યે વિરાગ,
અંતરથી નિર્લેપ રહી, પ્રભુમાં ધર અનુરાગ;
પછી કદી કલેશ નહિ તાવે, પછી કદી કલેશ નહિ તાવે;
નૃહરિ પ્રભુ જો ઉરે ભાવે, હજી૦

શ્રી ઇષ્ટપ્રતિ નમ્રભાવે વિજ્ઞપ્તિ.

પદ ૧૫.(સચ્ચિતિ નૃહરિનાથ આજ મારે હૃદય જાગજો.)

આજ મારા નયનસમીપ નાથ વહેલા આવજો,
નાથ વહેલા આવજો, આ વિરહને વિલાવજો.—
આતુર થઇ ચાતક જુએ ઉંચે સદા આશા ધરી,
નહિ વૃષ્ટિ થાતાં અંતમાં તે દુઃખથી જાતુ મરી;
તેમ જીવન મારૂં આપ છો એ વાત સઘળી વિસ્મરી,
નિષ્ઠુર થઇને શાંત બેઠા, છેક મુજને પરહરી;
પ્રકટ થઇને ગ્રહી હાથ, કરુણાળુ કહાવજો;—
જેમ ચંદ્રની રશ્મિવિના આ કુમુદ તો કરમાય છે,
જે જીવન જેનું તે વિના સાચે ઝુરી મરી જાય છે;
મુજ જીવનના આધાર છો મન આપવિણ મુઝાય છે,
આશ્રિતતણું દુઃખ આપથી પ્રભુ કયાં લગી જોવાય છે;
નિકટ આવો આજ હવે, અધિક ન તર્પાવજો;—
અદશ્ય રહીને હાસ્ય કરતા જાણીને નથી આવતા,
શાને પ્રભુ હજી આજ લગી નિજ વદન નથી દર્શાવતા;
કહાવો ખરા પ્રેમી, દયાળુ કાં દયા નથી લાવતા,
ભગવાન્ ભક્તાધીન તે કાં ખોટું આપ ઠરાવતા;
ગુપ્ત છો તે બહિર્ આવી, રંકને હસાવજો;—

પ્ર૦ બહેન.

अपराधीउपर दयाभाव राखवा हितवचन.

પદ. ૧૬ (મુજ જીવન વૃથા નહી જાય, એ લય.)

અપરાધી ઉપર હે ભ્રાત ! દયાળુ થજે સદા,
કરીને વાત્સલ્યપ્રપાત, કૃપાલુ થજે સદા.
મનુષ્યમાત્ર સંદોષ છે, રખે ભૂલતો એહ,
ક્ષમા દેવી ઘટતી તને, ઉરમાં આણી સ્નેહ,
તુ એ ન વિસરતો જરાય, જુએ જ્યાં ત્યાંય; દયાલુ૦
કોઈના અપરાધો હશે, તારાથી પણુ ખુબ,
(પણુ) મનથી તે ને તુ નથી, સરખા આબેહુબ,
તે અધિક લાલસાધીન, હશે વળી દીન; દયાલુ૦
તુજ સમ બળીયા નહિ હશે, થવા વિકારસંમુખ,
(તેમ જ) તું તુલના ન કરી શકે, બીજાઓનું દુઃખ,
તેથી તે પડતા જણાય, તુ કરજે સ્હાય; દયાલુ૦
અંતરમાં તુ રાખજે, વાત નિરંતર એહ,
દૂષિતને દેતા પ્રભુ, સહાય નિસદેહ,
પૂર્વના સ્મરી દૃષ્ટાંત, થજે નિર્ભ્રાંત; દયાલુ૦
તારા મર્મવચનવડે, કોનુ હૃદય ન ભેદ,
છેદેલાને ક્રુર થઇ, પુનઃ પુનઃ ના છેદ,
ત્યાં પ્રસાર તું સુવિચાર, અને વળી પ્યાર;— દયાલુ૦
ક્ષમા ઉપેક્ષા કરી વળી, ઉદારતા દર્શાવ,
તેને ઉન્નત ભૂમિનો, સુદર ક્રમ બતલાવ,
તેનું વિશુદ્ધ જીવન ગળાવ, પ્રભુને ભળાવ; દયાલુ થઇ સદા.

मिथ्या ज्ञानीनुं आत्मकथन.

પદ. ૧૭

મધુરૂં મુખડુ હું મલકાવું, અનુકૂલ અનુકૂલ જ્યારે જોઉં છું;
કલ્પનામાં પણ પ્રતિકૂલ જોતાં, પોશ ભરી ભરીને હું રોઉ છું.—
બોધ બીજાને દેવા વખતે, ડહાપણનો દરીઓ હું ડોઉં છું;

પણ મુજ માથે આવી પડતા, જ્ઞાનતણું હું ભાન જ ખોઉં છુ.—
બીજાના દુ:ખ જોતી વખતે, તત્ત્વદૃષ્ટિથી મસ્ત હું હોઉં છુ;
જોશી મુજ ભાવિનુ નબળું કહે તો ત્યારથી થડો થઉં છું;—
ભ્રાંતિને સ્વપ્નાની વાતો, મારે માટે ખરેખરી લહુ છું,
ત્રિકાળ જગત્ થયુ નથી એવું, ભડાક બીજાને કહી દઉં છું;—
વાત બીજાને કરતા જોઇ કહું, "શીદને માટીની કોઠી ધોઉં છુ?"
પણ હું તો ગુપચુપ મુજ મનથી, ગાય છાંડીને ગધેડી દોહું છું;—
વિષયો છે વિષસમાન એવો, બોધ દઇને થાકી જઉં છું,—
સો ગાઉ દૂરથી પણ હુ વિષયને,જેમ જેમ જોઉં છુ તેમતેમ મ્હોઉં છુ;-
બીજાને તો કહુ છું હું તો, ચિત્ત પ્રભુમા હરઘડી પ્રોઉં છું,
પણ જાણો છો ને મુજ મનની, ભાગે મારવાડની મઉ છું
મુજ જેવાનાં જગમાં તો કીડીયારાં ઉભરાતાં જોઈ રહુ છું,
પણ બીજા કોઇને કહેશો નહિ, ખાનગીમાં આ જે કહું છુ,—

जीवत्वबंधनथी मुक्तथवा श्री इष्टने अभ्यर्थना.

પદ. ૧૮ (મંજરીએ મનડું મોહ્યું રે, એ લય.)

પિંજરીઆમાંહિ પૂરાણો રે, મુક્ત કરો ગુરુરાય! મુજને,
બંધનથી અતિ અકળાણો રે, મુક્ત૦
બંધનથી છુટયા વિના, ગગને કયાંથી ઉડાય,
ગગનવિષે ઉડયાવિના, ઉંચે કયાંથી જવાય,
તમે સ્વામિ! સઘળું જાણો રે; મુક્ત૦
ઉચ્ચ ભૂમિએ ગયાવિના, દર્શન કયાંથી કરાય,
દર્શનવિણ કેવી રીતે, આપ પ્રભુ ભેટાય;
પોતાનાનું તો તાણો રે; મુક્ત૦
આપ પ્રભુ ભેટયાવિના, કેમ કરી થાઉં કૃતાર્થ,
કૃતાર્થતા પામ્યાવિના, સરે ન મુજ પરમાર્થ;
હું અંતરથી અમુઝાણો રે, મુક્ત૦
પરમ અર્થ સાધ્યાવિના, શ્રેય ન મુજ સધાય,
શ્રેય સધાયા વિણુ હુંથી, આપ સ્વરૂપ ન થવાય;

(મને) તમપ્રતિ આકર્ષી આણો રે; મુક્ત૦
જીવપણાના પાંજરે, પડ્યો આપનો બાલ,
ઉપેન્દ્ર ગુરુ કરુણા કરી, છોડી કરજો ન્યાલ;
હું તમથી છું વેચાણો રે; મુક્ત૦

तरणोपाय.

પદ. ૧૯.

તરણનો[1] સુગમ ઉપાય, તને પ્રિય ! જો બતલાવું.
એ કાંઠે ભરપૂર નદી આ, જો ! કેવી વહી જાય,
કુશલ ગણાતા તારાનો પણ, જ્યાં પત્તો ના ખાય;—
માલભર્યાં મોટાં વહાણોનું ત્યાં નવ ચાલે કાંય,
માલ મનુષ્યો સાથે તેને, પહોંચાડે તલમાંહ્ય;—
વેગવતાં મોજાંની સામે, ચાલે ન કોનું જરાય,
ડુબવશે કે પાર ઉતારશે, તે ન કશું સમજાય;—
પણ આ ઉગ્ર પ્રવાહની મધ્યે, પેલું શું દેખાય ?
જો ! જો ! કાષ્ઠે વળગેલો એ, કોઇ મનુષ્ય જણાય;—
મહાજલમાં પણ કાષ્ઠ ગ્રહીને, નિર્ભય કેવો તણાય,
વરુણસમો હોયે જાણે તેમ, જલપર શો ! સોહાય;—
આ ભવનદી તરવાને તું પણ, કરીશ ન કોટિ ઉપાય,
એક ઉપાય કહું તે કરતાં, સહજે પાર પમાય;—
સમર્થ સદ્‌ગુરુશરણ ગ્રહી લે, સુગમ તરણ જો ચહાય,
સદ્‌ગુરુચરણે વળગી રહીશ તો, તારૂં ધાર્યું થાય;—
તુજને ઉપર રાખી પોતે, નીચે રહેશે સદાય,
એ વિધિ નિર્ભય પાર ઉતારે, એક શ્રીસદ્‌ગુરુરાય;—

श्री इष्टने विकलभावे प्रार्थना.

પદ. ૨૦ (નેણુમાં નિદ્રાના'વે જરી, એ લય.)

નજરો નાંખું નેહભરી, મારા વહાલિડા તારે પંથરે,
વાટ જોઉં હું તારી, આતુર આંખથી રે,
દૂરથી પણ ના તું દીસંત રે; નજરો.

[1] તરવાનો.

ધડકતે હૈયે પૂછું, સમાચાર તારા રે,
જવાબ ન દેતા સાધુસંત રે; નજરો.
ક્યાં વસીયા છે એમ પૂછું હું ત્યારે કહે છે,
'પ્રભુ તો વ્યાપી રહ્યા દિગંતરે;' નજરો.
પૂછુંછું 'કેવા રૂપે જોયા'? ત્યારે તો કહે છે,
'પ્રભુ તો છે સ્વરૂપે અનંત રે;' નજરો.
'ક્યારે આવીને મળશે,' પૂછું હું ત્યારે કહે છે,
'પ્રભુ તો પોતે છે સ્વતંત્ર રે; નજરો.
સીધા સમો ન ઉત્તર દેતા, મને તો લાગે,
એક સરખા ભક્તને ભગવત રે; નજરો.
મનમાં મુઝાઉં છું હું, મનની કોને કહું રે,
દેહ તો પાડ્યો ના પડંત રે; નજરો.
આવું શી રીતે જાણ્યા વિણ તુજ ધામને રે,
ભોમીયો તારો ન મળંત રે; નજરો.
આજ સુધી તેં આણ્યો, અંત મુજ સુખનો રે,
આણ હવે વિયોગનો અંતરે; નજરો.

साधकरूप पक्षीओने श्रेष्ठ साधनरूप गगनमां विहार करवा प्रबोध.

પદ. ૨૧ (અગમ ઉદાસીનો લય.)

ગગને ગમન કરો પાંખાળાં પંખિડાં !
દિવ્ય દેશ એ વસવાનું તમ ધામજો;
ભૂમિમાં ભટકી શાને અટવાઓ છો,
શીદ સહો છો પૃથ્વીતલનો ધામજો; ગગને૦
પ્રાણુની સાથે પ્રભુએ પાંખો છે દીધી,
પાછા વળી જોજો પોતાની માંહ્યજો;
આસપાસ બે બાજુએ એ શોભતી,
જેનો આશ્રય ધારી ઉંચે જવાય જો; ગગને૦
નીચેની ભૂમિ તમકાજે છે નહિ,

ત્યાં તો ભ્રમતી કીટાદિકની જાતજો;
વળી પારધી ત્યાં જાળ પાથરી બેસતા,
સમજો છો, નથી કંઇ તમને અજ્ઞાત જો; ગગને૦

બીજા સાધનથી તેવું સુખ ના મળે,
જેવું મળતું ઉડતાં ગગનની માંહિ જો;
જ્યાં પ્રતિબંધો શોધ્યા પણુ જડતા નથી,
આવરણો જ્યાં કાંઈ કહેતાં નથી કાંઈ જો; ગગને૦

અનંતાવધિ એ દેશે અવકાશ છે,
અનુભવનો જ્યાં વા'તો શાંત સમીર[1] જો;
નાદ નથી જ્યાં થાતા કદી બીહામણા,
જ્યાં ગુરુગર્જન[2] ગાજે છે ગભીર જો; ગગને૦

જ્યાં બંધાતી નથી આસક્તિ સ્વલ્પમાં,
આત્મદષ્ટિ જ્યાં પ્રસરી રહે સર્વત્ર જો;
તત્ત્વાકાર મતિ થઇ શમતી તત્ત્વમાં,
સમાધિઅનુભવ થતો વહે મન યત્ર[3] જો; ગગને૦

પરિચ્છિન્નતા 'હું આ તે'ની ત્યાં નથી,
સંસ્કારોકેરૂ જ્યાં નથી પ્રાબલ્ય જો;
અવિદ્યા નિશાકેરૂ તિમિર ત્યાં છે નહિ,
આત્મરવિનો પ્રકાશ જ્યાં જાજ્વલ્ય જો; ગગને૦

ચક્રોમાંહિ ગગનને મુર્દ્ધા જાણજો,
ભક્તિવિષે એ પરાભક્તિ કહેવાય જો;
રાજયોગ (શાસ્ત્ર)ના શબ્દોમાં જો બોલીએ,
યોગ અસંપ્રજ્ઞાત જ એહ ગણાય જો; ગગને૦

વિચારપ્રધાનમાર્ગવિષે હો પૂછતા,
ગગનરૂપ કહેવાયે તત્ત્વવિચાર જો;
ભૂમિકાવિષે ગગન, તુરીયા ભૂમિકા,
બ્રહ્મવિદ્યા છે, વિદ્યામાત્રમાં સાર જો; ગગને૦

કર્મમાત્રમાં જેહ કર્મ નિષ્કામ છે,
કર્મમાર્ગમાં તેહ જ ગગન ગણાય જો;

૧ વાયુ. ૨ ગુરુના વચનોરૂપી ગર્જના. ૩ જ્યાં.

પ્રેમમાર્ગમાં પ્રભુપ્રતિનો પ્રેમ તો,
ગગનસમો ને સર્વોત્કૃષ્ટ લહાય જો; ગગને૦

આ વિધિ સ્થાનક ગગનસમાન ગણાય જે,
પ્રિય પંખિઓ ! તમને તે ન અજાણ જો;
આગ્રહને બલપૂર્વક પાંખો વાપરી,
તેહ પ્રદેશે કરજો શીઘ્ર ઉડાણ જો; ગગન૦

સત્ક્રિયા તથા ગુરુકરુણારૂપી મળી,
તમને સબળી ને દૈવી બે પાંખજો;
તેને આધારે નિર્ભયતાથી ઉડો,
ગંતવ્ય દેશે રાખી સુસ્થિર આંખજો; ગગને૦

સદ્ગુરુ સહાયે નિર્વિઘ્ને સઉ સંચરો,
ગગનમાર્ગનો સાર્થક થજો પ્રવાસ જો;
ગગને ગરકી નિશ્ચલ માળા બાંધજો,
કરી રહેજો ત્યાં પંખિ ! નિત્ય નિવાસ જો; ગગને૦

आनंदने स्फुरावबा सद्बोध.

પદ. ૨૨ (દિલ મારૂ માને નહિ, એ લય.)

કંઇક મધુરૂ હસાવવા, (તારા) અભ્યંતર આત્રવા,
ઉભો આનંદ તુજ દ્વારમાં,
સુખ ન્યારૂ ઉપજાવવા, કષ્ટો વિલાવવા,
તેને લે હૃદયાગારમાં.

આશાભર્યો આનદ તારે આંગણે આવી રહ્યો,
મૃદુ કરકમલથી દ્વાર તારાં એહ ખખડાવી રહ્યો;
ધીમેથી પણ રમણીય કંઠે, તને બોલાવી રહ્યો,
જા, દ્વાર સદ્ય ઉઘાડ એ તુજ કાજ કંઇ લાવી રહ્યો;
ભાગ્ય તારૂં ઉઘાડવા, બુદ્ધી સુંધાડવા,
આવ્યો એ દૈવી આકારમાં; સુખ૦

બોલાવવાની વાટ જોઇ, એહ બહાર ઉભો રહ્યો,

તુજ જીવનકેરા અંશરૂપે થવા એ આતુર થયો;
ઉલટી બલારૂપ થઈ નહિ, એ વળગશે કદીએ તને,
પણ હાર હૈયાનો બની શોભાવશે તુજ કંઠને;
આવ્યો અંતર ઉજાળવા, કલેશો પ્રજાળવા,
દેવા સિદ્ધિ આ અવતારમાં; સુખ૦
'તુજ બંધ દ્વારની બહાર ઉભો, તેની પૃષ્ઠે છે વળી,—
ઉભી રહી શાંતિ મધુરી, જોતી તુજને વળી વળી;
વળી તેની પૃષ્ઠે છે ઉભી, શ્રદ્ધા રસિલી આશથી,
એ સર્વને બોલાવવા, જા, ખોલ દ્વાર ઉલ્લાસથી;
ફૂલ મીઠાં ચખાડવા, અમૃત પીવાડવા,
(કંઈક) લ્હાવા લેવાને સંસારમાં; સુખ૦
તેની પુઠે પેલા ઉભા, જો ! નાથ તારે આંગણે,
જા, ખોલ દ્વાર, પ્રવેશવા, છે એહ તત્પર આ ક્ષણે;
જો ! ગાન મધુરાં ગાય છે, એ સર્વ મોહક સ્વરવડે,
જા હજી પણ મોડું થયુ નથી, જો ! તું સાંકળ ખડખડે,
જા, ભીતરમાં લાવવા, દ્વારો ઉઘાડવા,
બેસી રહે ન તુ વિચારમાં; સુખ૦

आंतर प्रकाशने अभ्यर्थना.

પદ. ૨૩ (પ્રીતમ પ્રાણાધાર એ લય.)

મારા આંતર દિવ્ય પ્રકાશ ! મુજને દોરજે,
મારા માર્ગમાં પાડી ઉજાશ, મારો નેતા થજે.
સત્યનો હુ જિજ્ઞાસુ છુ,
તારો દોર્યો આવીશ હુ,
આત્મવ્ય સિદ્ધ થવાને તું સન્માર્ગે પ્રેરજે; મારા૦
તારાથી જાણીશ જ્ઞાન હું,
વળી ઓળખીશ ભગવાન્ હું,
આનંદ શાંતિ ને સુખતણા ધામે તુ લઈ જજે;
અંતરમાં જો કે ગુપ્ત છું,
થાતો ન પણ કદી લુપ્ત તું,
છુટો પડી શકતો નથી હુંથી તું રજે; મારા૦
તારાથી મારો અભેદ હું,

જેહ ક્ષણેથી અનુભવું,
તે જ ક્ષણેથી આંતર તિમિર મને ત્યજે; મારા૦
તવ સત્ય મુજ ઉર રાજતું,
મારૂં મારામાં વિભ્રાજતું,
માટે મને દોર, ચઢી રહી મુજ રથની ધ્વજે;* મારા૦

विचारनुं सामर्थ्य.

પદ૦ ૨૪ (પ્રસન્નતાને કદી ના ત્યજીએ, એ લય.)

રહસ્યરૂપ ને ચમત્કૃતિમય કુતૂહલ કરતું નવું નવું,
આ મુજ રમણીય માનસ ક્ષેત્રે, કાંઇ કાંઇ મે અનુભવ્યુ.
સુવિચાર પ્રેર્યો એક મેં આ ભવ્ય વાતાવરણમાં;
જે શુદ્ધ ને સુંદર હતો, પ્રેરક હતો જીવતરણમાં.
વહેતો થયો એ જતાં જતાં, તે એક મુજ પ્રિય જનતણા—
હૃદયે જઇને સ્પર્શીયો, તેને દીધાં ત્યાં સુખ ઘણાં,
આવી રીતે તેણે મને, ને અન્યને સુખીયાં કર્યાં;
જોયા વિના બોલ્યા વિના, તેણે અમારાં દુઃખ હર્યાં.
તેથી શુદ્ધ વિચારો કરવા, પ્રેમ પ્રકટતો અધિક મને,
વિચારીને એ કહો મને જે, પ્રેમ ન પ્રકટે શુ તમને?—રહસ્ય૦
મેં એક દિન કુવિચાર એક કર્યો અને પ્રેર્યો જગે,
સાચું કહું દુઃખી થયો, તેને હું તો લાગ્યો પગે;[૧]
એવો વિચાર થતાં જ મુજ, આખું શરીર તપી ગયું,
મુજ પ્રિય જનને સ્પર્શતાં, તેનેય[૨] દુઃખ ઘણું થયું;
તેથી તેને ધિક્કારૂં છું, કાં જે દુઃખી કર્યો મને,
વિચારી કહો તેને ધિક્કારવો, યોગ્ય ન લાગે શું તમને?—રહસ્ય

૧ કોઈ વસ્તુ માટે મનુષ્ય કંટાળીને 'હું તો તેને પગે લાગ્યો' એમ કહે છે તેવો અત્ર ભાવ છે. ૨ તેને પણ *ધ્વજા ઉપર.

પ્રભુ અનુગ્રહપ્રાપ્ત્યર્થે કીધો, એક દિન સંકલ્પ મેં,
મુજ હિત કરવા યાચનાને, ઉરથી કરી સ્વલ્પ મેં;
પ્રભુ ધામકેરા માર્ગમાં, સંકલ્પ એ પંથે પડ્યો,
મુજ પ્રિયઆગળથી ગયો તેને ન પણ તે આથડ્યો;
પણ જવ મારા પ્રભુનો અનુગ્રહ, મુજ સંકલ્પસહ પાછો વળ્યો,
હું ને જગમાં મારાં હતાં જે, તે સઘળાંને તેહ ફળ્યો;
તેથી પ્રભુ સ્તવનાદિક કરવા પ્રેમ પ્રકટતો અધિક મને;
વિચારીને એ કહો મને જે, (એમાં) પ્રેમ ન પ્રકટે શું તમને ?

हरिना विरहीने वधाइ.

પદ. ૨૫ (નાહિ બનશેજી પ્રીતિનાં—એ લય.)

કોઇ હરિના વિયોગીને, આપુ વધાઈ,
આપું વધાઈ, મારે હૈડે હરખાઇ; કોઈ૦
પોતે તમારી પાસે વસીને,
બેઠા જુએ તમ ચક્ષુની માંહિ; કોઈ૦
સાંભળવાના રસીયા એ તો,
શ્રવણ કરે તમ શ્રોત્રે ભરાઈ; કોઈ૦
તમારી વાણીમાંહિ વસીને,
જુઓ, બોલે એ કેવું કાંઇ કાંઇ; કોઈ૦
ચાલે છે કેવી ઠમકતી ચાલે,
કોમલ તમારાં ચરણોમાં લપાઇ; કોઈ૦
વસ્તુઓ લેવા ઇચ્છા થાતાં,
લેતા તમારે હસ્તે તેને સ્હાઈ; કોઈ૦
અંતર બાહિર તમમાં હરિ છે,
કોનો વિયોગ પછી સેવો છો ભાઈ ! કોઈ૦
સર્વસ્વરૂપ તમે હરિ પોતે,
ક્યાંથી રહી પછી જરીએ જુદાઈ; કોઈ૦

सर्वोत्तम उद्देशविनानुं जीवन व्यर्थ छे.

પદ. ૨૬. (જે કરશે તે ભરશે, એ લય)

ઉંચા ઉદ્દેશવિનાનું જીવન નકામું,
નિજ હિતને બદલે અહિત કરે તે સામું.
ભલે કાગળ સુન્દર લખીયો, પરબીડીયામાં પણ બીડીયો,
પણ જાણો તે રડવડીયો, ઉપર જો નથી સરનામું; નિજ૦
છો રહ્યા ચોપડા મોટા, પણ તેહ થવાના ખોટા,
નાણાં મળવામાં ટોટા, અંદર જો લખ્યુ નથી નામુ;—
હલકો ઉદ્દેશ ધર્યાથી, નથી ઉચ્ચ થતાં કર્માદિ,
ઉપજાવે ઉલટો ઉપાધિ, (જેમ) અણુસમજુ ખાય ભીલામુ;—
ઉંચો ઉદ્દેશ ધરીને, રહે તેને જે અનુસરીને,
તે ભમે નહી ફરીને, પ્રભુનુ એ કરારનામુ,—
ઉત્તમ ઉદ્દેશને ધાર્યો, તેનો ધન્ય થયો જન્મારો,
તેનો સદાય છે જયવારો, તેવાને તો શિર નામુ,—

परमात्मामां अद्भुत प्रेम प्रकटाववा प्रबोध.

પદ. ૨૭ (થઇ પ્રેમ વશ પાતળીયા, એ લય.)

કોઇ પ્રીત અજબ જગાવી,
રહો પ્રભુથી હૃદય લગાવી રે; કોઇ૦
નિજ ઇચ્છાનુસાર રહો પ્રભુને પણ પ્રકટ નચાવી,
રમો દૈવી રાસ રચાવી,
નિજ હરિથી હાથ મીલાવી રે; કોઇ૦
તેવી પ્રીતિ પ્રકટાવો જેથી પ્રભુ આનંદે વધાવી-
લઇ ભેટે આવી આવી,
કરીએ મોજે મન ભાવી રે; કોઇ૦
સહજ સહજમાં ભાગે એવી પ્રીત ન રહો પ્રકટાવી,
રહો ઉલટી અધિક દૃઢાવી,

જે ન ભાગે કોથી ભગાવી રે, કોઇ૦
રોકયો રોકી શકાય ન એવો ઉમળકો ઉપજાવી,
જો ન ભેટયા બાથ ભીડાવી,
તો શું કર્યું પ્રેમી કહાવી રે; કોઇ૦

प्रयत्नशील रहेवानो उपदेश.

પદ. ૨૮ (મૃતિજનરહિત ચિતિ જાણી, એ લય.)

તુજ લક્ષ્ય સ્થાન દૂર ભાસે? આગળ વહે વીર !
ઉરમાં તુ રહે વિચારી, ' બલવતી છે સત્તા મારી, '
છે માર્ગ વિકટ ને દૂર ? છે પાસે ભાર ભરપૂર ?
પણ ધૈર્ય ધરીને ઉર, તુ ડરીશ ન કદી લગીર,
આગળ વહે વીર !
તું અડગ અને અશ્રાંત[૧], પ્રયત્ન રહે વીર !
કાર્ય તુજ સ્વીકારેલુ, છે કપરૂં ને ત્રાસભરેલુ ?
વળી ફળ શું ન એવું જણાય, તો તેથી ડર ન જરાય;
પ્રકટાવી અધિકી આય[૨], ત્યજી દુર્બલતાજંજીર[૩], પ્રયત્ને રહે વીર !
તુજમાં છે પ્રભુ એમ જાણી, શ્રદ્ધાલુ થજે વીર !
જણાતુ નથી કયાં ચઢવું ? જીવન લાગે છે કડવું ?
રસરહિત અને દુ:ખરૂપ ? તો જોઈ આત્મસ્વરૂપ,
તું તુજને જાણી ભૂપ, નવ અંતર આણુ અધીર, શ્રદ્ધાલુ થજે વીર !
દીનબંધુ પ્રભુને જાણી, તું પાર્થ્યે[૪] જજે વીર !
આજ સુધી સ્તુતિ ઉચ્ચારી, મિથ્યા થઇ એમ વિચારી,
તું ત્યજીશ સ્તુતિ ન લગાર, પ્રભુ કરતા અણીએ વ્હાર,
ઉરમાં લહી દૃઢ આધાર, અંતરમાં બની સુસ્થિર; તું પ્રાર્થ્યે જજે વીર !

श्री इष्टाश्रित साधको श्री इष्टाश्रयथी निरंतर निर्भय रहे छे.

પદ. ૨૯ (માલિકના બાલક સૌ માલિક, એ લય.)
નિર્ભય પ્રભુનાં બાલક નિર્ભય રહે સંસારે સદાય,

૧ અટકયા વગરનો, ૨ હિંમત. ૩ દુર્બલતારૂપ બેડી. ૪ પ્રાર્થના કર્યો જજે.

પ્રભુઅનુગ્રહથી તેનો કદીએ, વાંકો વાળ ન થાય;—
ભલે કોટિધા કષ્ટ આવે,
દુષ્ટ દુર્જન છો ફસાવે,
પણ પરિણામે પ્રભુનાને જરી ઉની આચ ન વાય;—
આધિ વ્યાધિ ઉપાધિ આવે,
મૃત્યુ છો ડોળા કકડાવે,
પણ પ્રભુના બાલકનુ મુખ તો તે જોઇને મલકાય,—
હાનિ જોઇ નવ ક્લેશ કરતો,
શોક દુઃખ ચિંતા ન ધરતો,
જાણે, જડચેતનનાં દશ્યો આવે ને અળપાય—
ભય ધરો ન કશાથી બંધુ!
શિરઉપર છે કૃપાસિન્ધુ,
તેની તમપર રહેતી જાણો, વત્સલતાની છાય,
નિર્ભય રહો સંસારે સદાય.

ભયકેરી કપારી થવા ના દો કદી તમ ગાત્રમાં,
જાણો પ્રભુ પ્રસરી રહ્યા, આ તમારા અણુમાત્રમાં.

अंतिम याचना.

પદ. ૩૦ (અમે તનુ અમારા નાથતણા, એ લય.)

જય જય જગજીવન! જનમનમોહન! જય નરહરિ ગુરુરાય;
અમે આશિષ આપની આજ યાચીએ, વંદી આપને પાય; જય૦
જે આશિષથી આ જન્મમરણનો, ફેરો સહજ ટળી જાય,
જેના આધારે સર્વ દિશામાં, સહજે ઊર્ધ્વ વહાય; જય૦
જે આશિષથી આ દુષ્ટ અવિદ્યા, અંતરથી અળપાય,
જેનાથી સુવિદ્યા સહજ સ્ફુરીને, સુશાંતિ સદા સધાય; જય૦
જે આશિષથી ભયતાપની જવાળા, અંતરથી ઓલાય,
જેનાથી અંતર્ બહિર્ નિરંતર, અભય આણ વર્તાય; જય૦
જે આશિષથી સ્વાધીન થઇ રહે, સમગ્ર શુભસમુદાય,
જેનાથી સર્વોત્તમ સામર્થ્યતણું, સામ્રાજ્ય પમાય; જય૦
એવી આશિષ્ હે ગુરુવર! દેતા, પ્રેમ ધરી ઉરમાંહ્ય,—
અમઉપર આપ પ્રભુનો વરદ કર, રાખો નાથ! સદાય; જય૦
